કુમાર

૩૨૦


ઑગસ્ટ · ૧૯૫૦ — આવતી કાલનાં નાગરિકોનું માસિક

સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી
બચુભાઇ રાવત



એ ઘોડાની સવારી
જનતા અને સરકાર
એ બંનેના સહકાર
પર જ આધાર રાખતી
સ્વરાજ્યની કૂચ બે
ઘોડાની સવારી જેવી
કપરી છે. એ સાથ
જો છૂટે તો . . .



વાવાઝોડું (ચિત્રકાર · માધવસિંહજી હજૂરી)



ચિત્રો

કાવ્યો


ચરિત્ર

નાટિકા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન. કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક (ટૅક્સ સાથે) રૂ. ૭॥; પરદેશમાં રૂ. ૯॥ અથવા શિ૦ ૧૫ છૂટક નકલ બાર આના



ચાલવામાં પણ શરીરની રચના અનુસાર પગલું માંડવાની કાળજી ન રખાય તો શ્રમ વધારે પહોંચે છે, અંગ વિકૃત થાય છે અને આરોગ્ય જોખમાય છે. ઉપરના આલેખમાં ડાબેથી ત્રણ પ્રકારની ચાલવાની રીત બતાવી છે. તેમાં પહેલી—પગલાં અંદર નાખીને ચાલવાની રીત અને ત્રીજી—પગલાં બહાર પહોળાં નાખવાની રીત બંને ખોટી છે. વચ્ચે દર્શાવેલી, મધ્યરેખા પર બરાબર સીધાં પડતાં પગલાંવાળી રીત જ સાચી છે. તેનાં કારણો સાથે વર્ણન તેમાં આપ્યાં છે. એ જ રીતે ઊભા રહેવામાં કઈ રીત સાચી અને તંદુરસ્ત તથા ખોડવાળાં પગલાં ક્યાં તે પણ નીચેનાં ચિત્રોમાં દર્શાવ્યું છે. એડી મિલાવીને ઊભા રહેવાની સૈનિકોની રીત આરોગ્યદૃષ્ટિએ ખોટી ઠરી છે અને તેને બદલે, ખુલ્લા પગનું તથા જોડા સાથેનું પગલું કેવું હોવું જોઈએ તે કાળી આકૃતિથી દર્શાવ્યું છે. લીટીવાળી આકૃતિથી દર્શાવ્યા મુજબ તદ્દન ચપટ કે જોડામાં સંકડાએલું પગલું હાનિકારક છે. પગલાંની પ્રક્રિયા સમજવા પગના સ્નાયુ ને હાડકાંનું ચિત્ર પણ જમણી બાજુ આપ્યું છે.

શ્રાવણી મધ્યાહ્ને

રાજેન્દ્ર શાહ



મધ્યાહ્નની આલસ વેળ હતી પ્રશાન્ત
ધીરે ધીરે લસતી ગોકળગાય જેમ.
ને શ્રાવણી જલનું વર્ષણ તે ય ક્લાન્ત,
ફોરાં ઝરે દ્રુમથી રૂદ્ધિ રહી એક એક.
જેવું વિલંબિત લયે મૃદુ મંદ ગાન,
તેવું જ મારું સહજે ઉર સ્પંદમાન.

ભારો ઉતારી શિરથી પથને વિસામે
નાનેરું ગામ શ્રમથી વિરમ્યું લગાર,
આસીન કોઈ, વળિ કોઇ વિષણ્ણ કામે
સૂતેલ, નેત્રમહીં મૌન હતું અપાર.
આંહી કશો જલધિ એ ભરતીની મધ્ય
કંઠાર છોડી બનિયો નિજમાં નિમગ્ન!

કર્તવ્ય કોઈ અવશેષમહીં રહ્યું ના
તેવું નચિંત મન મારું, ન હર્ષ શોક:
ના સ્વપ્ન કોઇ હતું નેણમહીં વસ્યું, વા
વીતેલ તેની સ્મૃતિનો પણ ડંખ કોક:
મારે ગમા અણગમાશું હતું કશું ના,
ઘોંઘાટહીન પણ ઘાટ હતા ન સૂના.

મેં સ્હેલવા મન કરી લીધ વન્ય પંથ,
ભીનો બધો, ક્યહિંક પંકિલ, ક્યાંક છાયો
દુર્વાથી, એઉ ગમ વાડ થકી દબાયો,
ઝીલાય તેમ ઝીલતો સહુ સૃષ્ટિ રંગ.
લાગી'તી વેલતણી નીલમવર્ણ ઝૂલ,
કંકાસિની પણ પ્રસૂન વડે પ્રફુલ્લ.

પાણી ભરેલ કંઇ ખેતરમાં જવારા
તેજસ્વી અંગ પર શૈશવની કુમાશે
સોહંત, ઊંચી ધરાણી પર ત્યાં જ પાસે
ડૂંડે કુણાં હસતી બાજરી ચિત્તહારા;
ઊડે હુલાસમય ખંજન, કીર, લેલાં,
ટહૌકે કદી નીરવતામહીં મોર ઘેલા.

ત્યાં પંકમાંહિ મહિષી-ધણ સુસ્ત બેઠું
દાદૂર જેની પીઠપે રમતાં નીરાંતે,
ને સ્વર્ણને ફૂલ શું બાવળ હોય આ તે?
મેં કંટકે વિરલ બંધુર રૂપ દીઠું!
વૈશાખનો ગુલમહોર ઘડી ભુલાય,
ત્યાં શી વસંત રત શાલ્મલીની સ્પૃહા ય!

ખેડાણને ગહન શ્યામતણાં ઝીલંત
નાનું તળાવ નિજમાં પરિતૃપ્ત પ્રસન્ન,
ને શંભુનું સદન ત્યાં યુગથી અનંત
અશ્વત્થની નજીક સોહત ધ્યાન મગ્ન.
એનું કશું શિખર-શીર્ષ સ-લીલ-શ્યામ!
જેની લહેરની મહીં જાહ્નવીનો વિરામ.



ખીલેલ પ્રાંગણમહીં ફૂલ ધંતુરાનાં,
પીળાં કરેણ પણ, ભીતરે બિલ્વ પુંજ
છાયેલ લિંગ જલધારથી સિક્ત, છાનાં
તેજે ત્યહીં તિમિર ઘુમટનાં ઝગુંએ.
ઘંટારવે યદપિ ના રણકાર કીધો,
ને તોય રે અગમ ગુંજનનો શું પીધો!

ટેકો દઇ ઋષભ નંદિ—ની પાસ બેસું
કેવી હવા હલમલે મુજ પક્ષ્મ-રોમે!
હું માનસી જલ તુહિનથી શ્વેત પેખું
ને ચંદ્રમૌલિ તણી કૌમુદી નીલ વ્યોમે.
કૈલાસનાં પુનિત દર્શન...ધન્ય પર્વ,
ના સ્વપ્ન જાગ્રતિ, તુરીય ન, તો ય સર્વ.



શ્રાવણ માસની કથા

સામયિક વિચાર

અમારે ત્યાં એક આપ્તજન અવારનવાર આવતા. એક વાર શ્રાવણ માસમાં તેમને અમે કોઈ કથા સંભળાવવા કહ્યું; કારણ કે તેઓ વૃદ્ધ, નેમોરપહુંચાલુ રાખીને આર્યસમાજની આગેવાની કરતા, વિદ્વાન અંડર ગ્રૅજ્યુએટ ખેડાવાળ બ્રાહ્મણ હતા. અમારી વિનતિ માન્ય રાખી તેમણે કથા કહી:

'મહાભારતમાં એક પ્રસંગમાં આ કથા છે. એક વાર દુર્વાસા મુનિએ સો કે હજાર-બે હજાર વર્ષ તપશ્ચર્યા કરી. પછી તપશ્ચર્યા પૂરી થયે તપોબળમાં કેટલોક વધારો થયો છે તે અજમાવવાનો તે વિચાર કરતા હતા. એવામાં ઝાડ પરથી તેમના પર એક ચકલું ચરક્યું. મુનિએ ઊંચી નજર કરી ગુસ્સામાં ચકલા સામે જોયું કે તરત તે તરફડીને નીચે પડી મરી ગયું. મુનિને ખાત્રી થઈ કે તપોબળ વધ્યું છે.

મુનિ ઘણા વખતના ભૂખ્યા હોવાથી ભિક્ષા માટે ઊપડ્યા ને એક ગામમાં નાના ઘર પાસે આવી 'ભિક્ષાન્નદેહિ' કહી ઊભા રહ્યા. બારણું અડકાવેલું હતું. અંદરથી કોઈએ તરત જવાબ ન આપ્યો. મુનિએ ફરીથી પોકાર કર્યો, છતાં જવાબ ન મળ્યો. અંદર કોઇ બોલતું હતું તે તો મુનિએ સાંભળ્યું. ત્રીજી વાર મુનિએ ફરી જોરથી પોકાર કર્યો, ત્યાં એક સાધારણ સ્થિતિની સ્ત્રીએ બારણું ઉઘાડ્યું અને મુનિનું સ્વાગત કર્યું. મુનિ લાલ આંખ કરી જોઈ રહ્યા હતા. સ્ત્રીએ જોયું કે મુનિ સ્વાગત સ્વીકારતા નથી અને ક્રોધથી લાલપીળા થઇ ગયા છે, એટલે તેણે કહ્યું, 'મુનિશ્રી! આ જંગલની ચલ્લી નથી!' મુનિનો ગર્વ ગળી ગયો અને ટાઢા પડ્યા. પૂછ્યું કે 'આર્યે! તને જંગલની ચલ્લીની વાતની શી રીતે ખબર પડી અને મારી સિદ્ધિ અહીં હવાઇ કેમ ગઇ તે મને સમજાતું નથી. તું ખુલાસો કર.'

સ્ત્રીએ ખુલાસો કર્યો: 'આ ઘર તુલાધાર વૈશ્યનું છે. હું તેની અર્ધાંગના છું. તુલાધાર કે હું શાસ્ત્રો ભણ્યાં નથી કે તપશ્ચર્યા કરી નથી.' અમે એકમાર્ગી છીએ. તુલાધારની દુકાને અમુક ટકા નફો ચડાવીને જ માલ વેચાય. હોશિયાર માણસ આવે, બાળક આવે, સ્ત્રી આવે કે ભોળો ગામડિયો આવે, બધાંને એક જ ભાવે માલ મળે. વજનમાં કોઇને ય ઓછું ન અપાય. આમ અમે પવિત્ર અન્ન ખાનારાં છીએ. અમારી કમાણી કલંકિત નથી. હું પણ મારો ધર્મ ટૂંકામાં એટલો જ સમજું છું કે પતિ વ્યાપારનું કામ સંભાળે છે અને પવિત્રતાથી વ્યાપાર કરે છે તેમ મારે ઘરનું કામકાજ સંભાળવું, સંતાન પ્રત્યેની ફરજ, અતિથિ પ્રત્યેની ફરજ, કુટુંબીઓ પ્રત્યેની ફરજ તથા સમાજ પ્રત્યેની ફરજ બજાવવી અને આનંદથી આયુષ્ય વિતાવવું. અમારા આવા વર્તનથી લોકો અમારા પર પ્રેમ રાખે છે. અમારી દુકાને ઘરાકી સારી છે. અમને આવશ્યકતા પ્રમાણે આવક છે. અમને લોભ નથી, અસંતોષ નથી, તેથી અમારા ઘરમાં ક્લેશ નથી. અમે યથાશક્ય પ્રભુભક્તિ કરીએ છીએ. તમે આવીને અહાલેક પોકારી ત્યારે હું મારા પતિને પીરસતી હતી. થોડી વારે તે કામ પૂરું થતાં તેમણે મને આજ્ઞા આપી એટલે હું હાથ ધોઇને આવી. દરમ્યાન તમે ગરમ થયા. પણ મારે મારો ધર્મ ચૂકવો નહોતો. પતિસેવા પહેલી અને અતિથિસેવા ત્યાર પછી. તમે પૂછો છો કે અનેક વર્ષોની તપશ્ચર્યાથી જે મળે તે પરોક્ષ જ્ઞાન મને શી રીતે પ્રાપ્ત થયું? તમારો ક્રોધ મને બાળી કેમ ના શક્યો? તેનો જવાબ મારી હકીકતમાં આવી જાય છે. નીતિ, સદાચાર, નિષ્કલંક અન્નનો આહાર, નિર્લોભ વૃત્તિ અને સ્વધર્મ વિષે અડગપણું એ જ અમારી સિદ્ધિનું કારણ છે. સંસારમાં રહીને અમે આ જ તપશ્ચર્યાને સર્વ ફલપ્રાપ્તિનું સાધન માનીએ છીએ અને; તે ખરું છે તે તો તમે પ્રત્યક્ષ જોયું.'

દુર્વાસા મુનિનો ગર્વ ગળી ગયો.

આજે હિંદી પ્રજા કયે માર્ગે ચાલી રહી છે? આઝાદ સરકારના અમલદારો, વેપારીઓ, કારખાનાંમાલિકો, મજૂરો, પોલીસો, યુવાનો, યુવતીઓ, વૃદ્ધો, સૌ પોતાનું હૃદય તપાસે. શેતાનનું સામ્રાજ્ય કાઢી નાંખવાના પ્રયત્નનું ફળ રાયતાનિયત વધારવામાં આવશે એવું નહોતા ધારતા. આ રામ કે કૃષ્ણ કે ભરતની ભૂમિ છે? આર્યસંતાનોની આ આર્યસંસ્કૃતિ છે? અહીં પોલીસ, સી.આઈ.ડી., વિજિલન્સ બ્રાંચ, લાંચરૂશ્વતવિરોધી પોલીસ, આ બધાંની હસ્તી શું બતાવે છે? આ બધું શાથી બન્યું? નિષ્કલંક અન્ન ક્યારે ખાતાં થઈશું? આ શ્રાવણ માસમાં–પવિત્ર માસમાં–એનો વિચાર કરીએ અને શ્રી કૃષ્ણે ભગવદ્‌ગીતામાં નર્કના ત્રણ દરવાજા ગણાવ્યા છે–કામ, ક્રોધ અને લોભ–તેનાથી છૂટવા પ્રયત્ન કરીએ.

તુલાધાર વૈશ્યની કથાનો ફેલાવો કરવાની જરૂર આ દેશમાં આજ જેટલી ક્યારેય નહોતી એમ લાગે છે. **મો. મા. ઝવેરી**

આંખની કેળવણી

ચિત્રકાર્યમાં સાધારણ જનતાનો શોખ ને રુચિ બહુ મંદ જણાય એ સહજ છે, પરંતુ શિક્ષણને બુદ્ધિના ક્ષેત્રમાં પડેલા આપણા વિદ્વાનો, અધ્યાપકો તેમજ સુશિક્ષિત કૉલેજ-યુવકોને તે તરફ ઉપેક્ષા બતાવતા જોઈ આપણા દેશની કેળવણી માટે દિલગીરી ઉપજે છે. આપણે બોલચાલમાં ભાષાશુદ્ધિ અને સંસ્કારી શબ્દપ્રયોગોને માટે આગ્રહ રાખીએ છીએ, વાક્યરચના વ્યાકરણશુદ્ધ બને તેમ ઈચ્છીએ છીએ, પણ આપણાં સંસારનાં કાર્યો, જેમાં હાથ, આંખ ને સ્પર્શની ઇંદ્રિયો વપરાય છે તેમાં પ્રત્યેક પળે માપ, પ્રમાણ, અંતરો, રંગ ને આકૃતિ-રચના વિષે આપણો સાધારણ સુશિક્ષિત માણસ પણ અબુધ કે બેપરવા હોય તે નિભાવી લઈશું.

તમે કદી ચિત્રકામ કરવાની ઈચ્છા કે પરવા નહિ કરો, પણ રંગની બાબતમાં તમને તમારી બુદ્ધિ ચલાવવાના પ્રસંગો આવવાના જ. ઘરની ભીંત રંગાવવી હોય, કપડાં, સાડી કે રમકડાંની ખરીદી કરવાની હોય, ત્યારે તમારા રંગનું જ્ઞાન જ મદદ કરશે. રંગની તાલીમ માટે શાળાઓમાં જે પ્રયોગો અને પાઠો આપવામાં આવે છે તે તમારા જીવનની એકેએક પ્રવૃત્તિમાં સહાયક અને લાભકારક થાય છે અને તેનું મૂલ્ય તમે ઇતિહાસ, ભૂગોળ ને ગણિત જેવા વિષયોથી ઓછું તો નહિ કરી શકો.

શાળામાં શીખવાતા વિષયો જો સંસારમાં કામ લાગવાના હોય નહિ, તો તે માટે કરેલો પ્રયાસ વ્યર્થ છે. વિદ્યાર્થીઓ પોતાના ગૃહમાં ઉદ્યાનમાં, નગરમાં ને કાર્યોમાં તેનો સક્રિય પ્રયોગ કરી બતાવી શકે ત્યારે જ તેની સફળતા સાબિત થાય. દાખલા તરીકે અક્ષરો લખવાનું કામ જાણ્યા પછી વિદ્યાર્થીનાં પુસ્તકનાં પૂંઠાં, તેની છત્રી કે ઘરના પદાર્થો પર તે સરસ અક્ષરોથી નોંધ કરે અને તેથી સમાજને એક પ્રકારની વ્યવસ્થા બતાવી શકે. તેના ભૂમિતિના જ્ઞાનથી તે ઓરડામાં સજાવટ અને શણગાર બતાવે અને સમાજને નવું તત્ત્વ બતાવે. કન્યાના ભરતમાં નવાં મૌલિક રૂપો રાષ્ટ્રીય ભાવો કે દેશનાં પ્રતીકોની નવી રંગસંકલના સાથે ઊતરે પ્રજા નકલખોરી અને દેખાવની ફિશિયારીથી બચે અને ક્રિયાનો આનંદ લેતી થાય એવા ઉદ્દેશો ચિત્રકાર્યની પાછળ રહેલા છે. **ર. મ. રાવળ**

વિશ્વામિત્ર

અગાઉ આવી ગએલા 'મેઘનો કવિ' રૂપકના
લેખક-બૃહસ્પતિ
કૃત, લખનૌ રેડિયો ઉપરથી હિંદીમાં પ્રસ્તુત થએલું
રેડિયોરૂપક

અનુવાદક
ગુણવંતલાલ છોટાલાલ શાહ

પાત્ર-પરિચય

વિશ્વામિત્ર : મહર્ષિ ઋચીકના શિષ્ય ગાધિરાજના પુત્ર
વસિષ્ઠ : બ્રહ્માના માનસપુત્ર, અરુંધતીના પતિ અને સપ્તર્ષિઓમાંના એક
ઇન્દ્ર : દેવરાજ, અને વિશ્વામિત્રના પરીક્ષક
મેનકા : ઇન્દ્રે મોકલેલી અપ્સરા; વિશ્વામિત્રની પ્રેમિકા
ત્રિશંકુ : અયોધ્યાના રાજા અને વસિષ્ઠના શિષ્ય
વિશાલાક્ષ : વસિષ્ઠનો પુત્ર
ઉપરાંત—નારદ, ચિત્રસેન, બ્રહ્મા, સારંગદેવ, દ્વારપાળ, વગેરે
વર્ણનકાર : કથાસંયોજક

દૃશ્ય પહેલું

[વર્ણનકાર : ગાધિપુત્ર વિશ્વામિત્ર કાન્યકુબ્જના રાજપદે આવ્યા પછી એકવાર શિકાર ખેલવા ગએલા. ત્યાંથી પાછા ફરતાં માર્ગમાં ઋષિરાજ વસિષ્ઠના આશ્રમ પાસે આરામ માટે રોકાએલા ત્યારે વસિષ્ઠે અતિથિભાવનાથી પ્રેરાઇને વિશ્વામિત્રને ભોજન માટે નિમંત્રણ આપેલું.]

દ્વારપાળ : મહારાજનો જય હો ! સેનાપતિ દ્વાર ઉપર આજ્ઞાની પ્રતીક્ષા કરી રહ્યા છે.

વિશ્વામિત્ર : એમને જલદી મોકલો.


[જવા-આવવાના પદધ્વનિ પછી]

વજ્રદંડ : મહારાજનો જય હો ! રાજધાની તરફ પાછા ફરવાનો મહારાજનો વિચાર છે ?

વિશ્વામિત્ર : હમણાં તો કશું ન કહી શકાય, વજ્રદંડ. વસિષ્ઠનો આશ્રમ સમીપમાં છે અને તેમણે ભોજન માટે નિમંત્રણ આપ્યું છે.

વજ્રદંડ : આપ ક્યારે પાછા ફરશો ?

વિશ્વામિત્ર : તમારે પણ સાથે જ આવવાનું છે,–તમારા અનુચરોએ પણ.



વિ. મિત્રના ક્રોધની જ્વાળામાં ન પડ.
[illegible]

વજ્રદંડ : એટલે ...

વિશ્વામિત્ર : આપણને સઘળાંને નિમંત્રણ આપેલું છે.

વજ્રદંડ : (ચૂપ રહે છે)

વિશ્વામિત્ર : કેમ, શું વિચારો છો ?

વજ્રદંડ : કહું ?

વિશ્વામિત્ર : એ જ ને, કે વસિષ્ઠ આટલાં બધાં માણસોને કેમ ખવડાવી શકશે ? મારા મનમાં પણ આ જ પ્રશ્ન ઊઠે છે. પરંતુ મેં વિચાર્યું કે ચાલો તો ખરા, કંઇ નહિ તો મજાક તો થશે. આપણે ત્યાં પણ ભોજન તૈયાર રહે એવો પ્રબંધ કરાવજો. અમે હવે જઈએ છીએ. તમે પણ અનુચરો લઇને આવો.

વજ્રદંડ : જેવી આજ્ઞા.

વિશ્વામિત્ર : (વિદૂષકને) ચાલો મિત્ર, વિદૂષક.

વિદૂષક : હું નહિ આવી શકું.

વિશ્વામિત્ર : કેમ ?

વિદૂષક : તેના નિમંત્રણ કરતાં મને મારા પ્રાણ અધિક પ્રિય છે.

વિશ્વામિત્ર : અત્યાર સુધી તો પ્રાણના બદલે ભોજન જ વધુ પ્રિય હતું ને ?

વિદૂષક : એ તો મહારાજ વિશ્વામિત્રની પાકશાળાનું ભોજન હતું. આ તપોવનના ભોજનથી તો ઈશ્વર બચાવે તો સારું.

વિશ્વામિત્ર : કેમ ?

વિદૂષક : જ્યારે હું વિદ્યાર્થી હતો ત્યારે અનુભવ કર્યો છે. એ ભોજનને પચાવી શકતો હોત તો હું રાજગુરુ જ ન બન્યો હોત ? ગુરુકુલમાંથી ભાગીને વિદૂષક શા માટે બનું ? બે ચાર મોટાંમોટાં મૂળિયાં, કાચાં-પાકાં જંગલી ફળ અને ધૂણીની રાખમાં પકાવેલાં થોડાંક કંદ, આવું હશે ત્યાંનું ભોજન. આપ જ જાઓ; પરંતુ કોઇ પાચક ચૂર્ણ પણ લેતા જાઓ, નહિતર બે દિવસ પછી ધન્વન્તરિ પણ આપની ચિકિત્સા નહિ કરી શકે.

વિશ્વામિત્ર : સાંભળ્યું નહિ ? સેનાપતિને શું કહ્યું તે ? ત્યાં તો માત્ર મનોરંજન માટે જ જઈએ છીએ.

વિદૂષક : તમારું મનોરંજન પણ ઠીક છે! સભ્યતાની દૃષ્ટિથી બે ચાર મૂળિયાં ખાધાં તો......

વિશ્વામિત્ર : ઠીક, મૂર્ખતા ન કરો, ચાલો!

વિદૂષક : ચાલો; પોતાનું મૃત્યુ સામે જ હોય તો પછી કોણ રોકી શકે ? (બન્ને જાય છે)

દૃશ્ય બીજું

[વર્ણનકાર : વસિષ્ઠને ત્યાં ભોજન કર્યા પછી તમામ અધિકારીગણ આરામ માટે બેઠો હોય છે ત્યારે—]

વસિષ્ઠ : કહો રાજન્, કશી મુશ્કેલી તો નથી નડી ને? આપને નિમંત્રણ આપ્યું ત્યારે મનમાં સંકોચ તો થતો જ હતો કે આપનું આતિથ્ય કદાચ સરખી રીતે નહિ કરી શકીએ.

વિશ્વામિત્ર: આપ શું કહો છો, બ્રહ્મન્! આપને ત્યાં ભોજનમા જે સ્વાદ હતો તે અપૂર્વ હતો. આ શિષ્ટાચાર માટે નથી કહેતો. હું! મને તો આશ્ચર્ય થાય છે કે અહીં વનમાં આપે આ બધું બનાવ્યું કેવી રીતે? અને તે પણ આટલા થોડા સમયમાં!

વસિષ્ઠ :કંઇ જ આશ્ચર્યની વાત નથી, રાજન્! મારા તપોવનની પાસે જ ગુરુકુલ છે, જ્યાં દસ હજારથી પણ વધુ વિદ્યાર્થી શિક્ષણ લે છે. શસ્ત્ર ને શાસ્ત્રની શિક્ષા ઉપરાંત તેમને વ્યવહાર પણ શીખવવામાં આવે છે. ત્યાંનો હું કુલપતિ છું. મારા શિષ્યો રાજાઓની સાથે થતો વ્યવહાર સારી રીતે જાણે છે, એટલે આ પ્રબંધ કરવામાં મને કંઇ મુશ્કેલ પડ્યું નહિ.

વિશ્વામિત્ર : પરંતુ આ સિંહાસન, બહુમૂલ્ય છત્ર અને સોના-ચાંદીનાં હજારો પાત્ર–આ બધી રાજાને યોગ્ય વસ્તુઓ ક્યાંથી મેળવી?

વસિષ્ઠ : કેટલાક દિવસો પહેલાં મેં એક યજ્ઞ કર્યો હતો. એ યજ્ઞમાં અનેક રાજાઓને નિમંત્રણ આપ્યું હતું. આદરસત્કારનો પ્રબંધ કરવા માટે મેં દેવરાજ ઇન્દ્ર પાસે કામધેનુની માગણી કરેલી. કામધેનુને સાધારણ ગાય ન સમજતા. તેની પાસેથી જે માગીએ તે મળે છે. આપનો સત્કાર પણ તેની જ કૃપાનું ફળ છે.

વિશ્વામિત્ર : એમ? તો એ કામધેનુનાં દર્શન કરવાની ઇચ્છા છે.

વસિષ્ઠ : ચાલો. (સઘળાં જાય છે.) પ્રણામ કરો રાજન્, આ કામધેનુ છે. આની કૃપાથી જ મારો યજ્ઞ નિર્વિઘ્ન સંપૂર્ણ થયો હતો.

વિશ્વામિત્ર : ગાય દર્શનીય છે; સરળ પણ લાગે છે. આપના ગુરુકુલનો પ્રબંધ ક્યાંથી થાય છે, ભગવન્?

વસિષ્ઠ : અયોધ્યાના સૂર્યવંશી રાજાઓના કોષમાંથી.

વિશ્વામિત્ર : મારા યોગ્ય કંઈ સેવા હોય તો બતાવશો.

વસિષ્ઠ : આવશ્યકતા હશે ત્યારે આપને જ કહીશ; અને કહો–મારા યોગ્ય કશું હોય તો.

વિશ્વામિત્ર : આપી શકતા હો તો એક વસ્તુ ઇચ્છું છું.

વસિષ્ઠ : કઈ રાજન્?

વિશ્વામિત્ર : આપ તો જાણો છો કે રત્નો રાજાઓ પાસે જ રહેવાં જોઈએ.

વસિષ્ઠ : આપના કહેવાનું તાત્પર્ય મારા ખ્યાલમાં ન આવ્યું.

વિશ્વામિત્ર : આપ આપો તો કહું.

વસિષ્ઠ : કહો રાજન્! વસિષ્ઠની કોઇ વસ્તુ એવી નથી કે જે આપને ન આપી શકાય. લોક કલ્યાણ માટે પ્રાણ પણ આપી દેવાનું શિક્ષણ મને મળ્યું છે.

વિશ્વામિત્ર : તો મારી ઇચ્છા આ કામધેનુ લેવાની છે. એના બદલામાં આપની સેવામાં હું દૂધ આપે તેવી બે હજાર ગાય મોકલીશ.

વસિષ્ઠ : આપ આ શું કહો છો રાજન્? કામધેનુ મારી વસ્તુ તો છે જ નહિ. આપને મેં પહેલાં જ કહ્યું ને કે ઈન્દ્ર......

વિશ્વામિત્ર : નહિ નહિ, ઋષિરાજ! આ કામધેનુ તો આપે આપવી જ પડશે. આપે વચન પણ આપ્યું છે.

વસિષ્ઠ : હું તો હજી પણ કહું છું કે મારી પાસે એવી કોઇ પણ ચીજ નથી કે જે આપને ન અપાય; પરંતુ કામધેનુ આપી દેવાનો મને શો અધિકાર છે?

વિશ્વામિત્ર : જે વસ્તુ જેની પાસે હોય તે તેની જ છે. મને ન આપવાના ચાળા ન કરો.

વસિષ્ઠ શિવ! શિવ! અવિશ્વાસ કરવાની આવશ્યકતા નથી, રાજન્. અમે તપસ્વીઓ અસત્ય બોલવાનું જાણતા જ નથી.

વિશ્વામિત્ર : કામધેનુ તો મારી થઇ ગઇ. આપ જો પ્રસન્નતાથી નહિ આપો તો......

વસિષ્ઠ : તો શું ?

વિશ્વામિત્ર : મારે બળનો પ્રયોગ કરવો પડશે. આપનું મન ન દુભાય એમ હું ઇચ્છતો હતો, પરંતુ સીધી આંગળીથી ઘી ન નીકળે...

વસિષ્ઠ : ત્યારે આપ વાંકી આંગળીથી કાઢશો, કેમ? રાજા પ્રજાનો રક્ષક હોય છે, ભક્ષક નહિ. જ્યારે આપ જ અમારી ઉપર અત્યાચાર કરવા લાગશો ત્યારે ધર્મરક્ષા ક્યાંથી થશે?

વિશ્વામિત્ર : આમાં અત્યાચારની કોઈ વાત જ નથી. અન્યાય તો આપ કરો છો. જે વસ્તુનો આપને ઉપયોગ નથી તેને પાસે રાખીને આપ બીજાના અધિકાર છીનવી લ્યો છો. (સેનાપતિને) વજ્રદંડ, ગાય લઇ લ્યો.

વજ્રદંડ : મહારાજ......

વિશ્વામિત્ર : મહારાજ શું? વિશ્વામિત્રની હઠ પૂરી થઈને જ રહે છે. (કામધેનુ ભાંભરે છે.)

વસિષ્ઠ : વિશ્વામિત્ર!...

વિશ્વામિત્ર : વિશ્વામિત્રના ક્રોધની જ્વાળામાં ન પડ, મૂર્ખ બ્રાહ્મણ! હું કંઇ સાંભળવા નથી માગતો.

વસિષ્ઠ : ઈશ્વર તને બુદ્ધિ આપે. યાદ રાખજે કે હું પોતે કામધેનુ નથી સોંપતો.

વિશ્વામિત્ર : ચાલો વજ્રદંડ! અનુચરોને પ્રસ્થાનની આજ્ઞા આપો.

વજ્રદંડ : જેવી આજ્ઞા. (ગાયના ભાંભરવાના અવાજ)

દૃશ્ય ત્રીજું

[વર્ણનકાર: થોડાક વર્ષ પછી દેવરાજ ઇન્દ્રની સમક્ષ અપ્સરા નૃત્ય-સંગીત કરતી હોય છે; એ સમયે મુનિરાજ નારદ આવે છે અને વિશ્વામિત્રનો ઇતિહાસ કહી સંભળાવે છે.]

(અપ્સરાનું નૃત્ય-સંગીત)

ઈન્દ્ર : ખૂબ સરસ! ખૂબ સરસ!! આ તમારું આપેલું શિક્ષણ છે કે ચિત્રસેન?

ચિત્રસેન : હા, મહારાજ! આગામી ઉત્સવમાં એક નવીન નાટક આપની સેવામાં પ્રસ્તુત કરવાની ઈચ્છા છે. મહામુનિ ભરતની લેખિનીમાંથી તે નાટકનો ઉદ્‌ગમ થયો છે

ઇન્દ્ર : નાટકનું નામ શું છે?

ચિત્રસેન : 'સાગરમંથન.'

ઇન્દ્ર : એ નાટકમાં કોનો કોનો અભિનય છે?

ચિત્રસેન : સ્ત્રી અને પુરુષ બંનેનો અભિનય અપ્સરાઓ કરશે, એમ ઉર્વશી કહે છે, દેવરાજ!

ઇન્દ્ર : (હસીને) સહજ વિચિત્ર છે.

(વીણા-વાદન ને 'ભજ મન નારાયણ નારાયણ' ના સ્વરો સંભળાય છે.)

ચિત્રસેન: દેવર્ષિ નારદ પધારી રહ્યા છે.

ઈન્દ્ર: હા, લાગે છે તો એ જ. તમે જાઓ. દેવર્ષિ અકારણ નહિ આવતા હોય.

ચિત્રસેન: જેવી આજ્ઞા.

(નૂપુર-ઝંકાર; તમામનો જવાનો અવાજ; કીર્તન નજદીક આવે છે.)

ઈન્દ્ર: ભગવન્! પધારો! ઈન્દ્ર પ્રણામ કરે છે.

નારદ: દેવરાજનો જય હો! કહો, કુશળ છો ને?

ઈન્દ્ર: જ્યાં આપનાં ચરણની રજ પડતી હોય ત્યાં કુશળતા નહિ હોય તો ક્યાં હશે? ઘણા દિવસો પછી દર્શન થયાં.

નારદ: મહાપુરુષોને નમ્રતા જ શોભા આપે છે. આજ વિચાર્યું, ઘણા દિવસથી દર્શન નથી થયાં, જઈ આવું.

ઈન્દ્ર: કહો મૃત્યુલોકના શા સમાચાર છે?

નારદ: કંઇ વિશેષ વાત નથી. હા...એક વાત છે.

ઈન્દ્ર: શી?

નારદ: વિશ્વામિત્ર બહુ જ ઉગ્ર તપસ્યા કરી રહ્યો છે.

ઇન્દ્ર: કોણ વિશ્વામિત્ર?

નારદ: એ જ, ગાધિનો પુત્ર.

ઈન્દ્ર: રાજા વિશ્વામિત્ર?

નારદ: હા, એ જ. હવે તે વર્ષોથી તપસ્વી વિશ્વામિત્ર છે અને ભયંકર તપ કરે છે.

ઈન્દ્ર: કારણ?

નારદ: બદલો લેવાની ઈચ્છા છે.

ઈન્દ્ર: બદલો કેમ?

નારદ: કામધેનુને પૂછો.

ઇન્દ્ર: કેમ?

નારદ: આપે વસિષ્ઠને કામધેનુ આપી હતી ને?

ઈન્દ્ર: હા; તેનું શું?

નારદ: વિશ્વામિત્ર તેને વસિષ્ઠ પાસેથી બળપૂર્વક લઈ ગયો. પણ વિશ્વામિત્રના શિબિરમાં પહોંચ્યા પછી તેણે પોતાનું રૂપ બતાવ્યું.

ઈન્દ્ર: (હસીને) શું?

નારદ: પોતાનાં શીંગડાં અને પગો વતી સૈનિકોને હેરાન કર્યા. કેટલાક મરી ગયા ને કેટલાક ભાગી ગયા. વિશ્વામિત્ર મૂર્છિત થઈ ગયો!

ઇન્દ્ર: પછી?

નારદ: આ ઘટનાને તે કામધેનુનો નહિ પણ વસિષ્ઠની તપસ્યાનો પ્રભાવ સમજે છે. એટલા માટે તેણે શસ્ત્ર છોડીને તપોબળથી વસિષ્ઠને જીતવાનું નક્કી કર્યું છે. ઠીક; હવે જાઉં, દેવરાજ!

ઇન્દ્ર: પ્રણામ, ભગવન્!

નારદ: કલ્યાણ થાઓ!

(પ્રસ્થાન; કીર્તન-ધ્વનિ ધીમેધીમે લુપ્ત થાય છે.)

ઇન્દ્ર: (સ્વગત) દેવર્ષિ નારદ આવ્યા અને ચિંતા ઉત્પન્ન કરતા ગયા. વિશ્વામિત્ર તપસ્યા કરે છે વસિષ્ઠનો બદલો લેવા, અને ચિંતા છે દેવરાજને. પરંતુ તેનો સંકલ્પ બદલવો જોઈએ. નહિતર હઠીલો ક્ષત્રિય કાલે સ્વર્ગનું રાજ્ય લેવા તૈયાર થઈ જશે. ઠીક છે વિશ્વામિત્ર, જોઉં તો ખરો કે તારી તપસ્યા કેવીક છે? તપસ્યાનું કારણ દ્વેષ હશે તો ભંગ જલદી થઈ જશે. વિષવૃક્ષને વધવા દેવું તે મૂર્ખતા છે. રોગની ચિકિત્સા શરૂઆતમાં જ થવી જોઈએ. અરે, કોઇ છે કે? (પદધ્વનિ)

દ્વારપાળ: દેવરાજનો જય હો.



'નેત્રો, પેટ ભરીને આની છબિ જોઇ લો.'

ઇન્દ્ર: મેનકાને અહીં મોકલો તો.

દ્વારપાળ: જેવી આજ્ઞા. (પદધ્વનિ)

ઇન્દ્ર: (સ્વગત) ધન્ય છે બ્રહ્મર્ષિ વસિષ્ઠને કે જેને વિશ્વામિત્રના દુર્વ્યવહાર પર ક્રોધ ન આવ્યો. (દ્વારપાળના પદધ્વનિ)

દ્વારપાળ: મહારાજનો જય હો. મેનકા ઉપસ્થિત છે.

ઇન્દ્ર: મોકલો. (પદધ્વનિ–નૂપુરધ્વનિ)

મેનકા: દેવેન્દ્રનો જય હો.

ઇન્દ્ર: મેનકા! તને એક કઠિન કાર્ય સોંપવાનું છે.

મેનકા: આજ્ઞા આપો દેવરાજ!

ઈન્દ્ર: મૃત્યુલોકમાં વિશ્વામિત્ર ઘોર તપસ્યા કરે છે. તેની પરીક્ષા લેવાની ઈચ્છા છે.

મેનકા: ભગવન્, તપસ્વીનો ક્રોધ...

ઇન્દ્ર: હું માનું છું કે વિશ્વામિત્ર એવો તપસ્વી નથી કે જેથી ભય પામવો જોઈએ. જેના હૃદયમાંથી સાંસારિક કામનાઓનો નાશ થયો હોય એવા તપસ્વીઓની છેડછાડ ઉચિત નથી; પરંતુ જેનું હૃદય માન-અપમાનના ઝગડામાં પડયું હોય તેનાથી ભય પામવો ન જોઇએ. અને વિશ્વામિત્રની તપસ્યાનું કારણ તો દ્વેષ છે. જાઓ, અમારા આશીર્વાદ તારી સાથે જ છે.

મેનકા: જેવી આજ્ઞા. (નૂપુરધ્વનિ)

દૃશ્ય ચોથું

[વર્ણનકાર: ઈન્દ્રની યોજના પ્રમાણે મેનકા વિશ્વામિત્રના આશ્રમ પાસે આવે છે ત્યારે વિશ્વામિત્ર સ્નાન કરીને આવતા હોય છે.]

વિશ્વામિત્ર: (સ્વગત) દિનરાત એ જ ચિંતા, કે કોઈપણ ઉપાયથી વસિષ્ઠને મારા કરતાં નીચો બતાવું! ૐ નમઃ શિવાય! ૐ નમઃ શિવાય! ચિત્ત એકાગ્ર કરવાની ખૂબ ઈચ્છા કરું છું, પરંતુ દરેક ક્ષણે વસિષ્ઠની મૂર્તિ જ આંખો સામે રહે છે. જાણે તે મારા પર હસી રહ્યો હોય! જોયું જશે. ૐ નમઃ શિવાય! ૐ નમઃ શિવાય! ૐ...

મેનકા: (દૂર ગાતી હોય તેવો અવાજ)

વિશ્વામિત્ર: અરે! આ ગીત કેવું? આશ્ચર્ય! આ નિર્જન વનમાં કોનો કંઠ! ગીત તો મધુર લાગે છે. (ગીત નજીક આવતું જાય છે.)

વિશ્વાગિત્ર: જોઉં તો ખરો કે એ છે કોણ? પરંતુ મને જોઇને ચૂપ થઈ જશે તો? આ કુંજલતા પાછળ છુપાઈ જાઉં. આ તરફ જ આવતી હોય તેમ લાગે છે. (ગીત-ધ્વનિ વધુ નજીક આવે છે.)

વિશ્વાગિત્ર: (સ્વગત) આહો! લાવણ્યની પ્રતિમા છે! દિવ્ય સૌંદર્યની મૂર્તિ! વિશ્વને વિચલિત કરનાર ગાન! હૃદય, સાવધાન! મુખ ઉપર કેટલી સરલતા છે! મારા શરીરમાં આ રોમાંચ ક્યાંથી? અહા! આ સમયે લજ્જા તો તેનાથી કેટલી દૂર છે. પ્રકૃતિની સુંદર ગોદમાં શી સ્વચ્છન્દતાથી રમી રહી છે! કાળીકાળી અલકાઓ કપાળ-ને ચુંબન કરી રહી છે. વક્ષઃસ્થળ ઉપરથી વસ્ત્ર સહેજ...

(ગીત બંધ થાય છે અને એકાએક નારી-કંઠની ચીસ સંભળાય છે.)

▪ વિશ્વાગિત્ર: હેં, શું થયું? જોઉં તો ખરો! અરે! આ તો મૂર્છિત છે! શું કરું? શિવ! શિવ! ગુલાબના કાંટાઓએ આના હાથને ઈજા પહોંચાડી લાગે છે. પણ આ મૂર્છિત કેમ થઇ? શું કરવું? અહીં ઉપચાર પણ શો હશે? સહાયતા માટે બીજા કોઈ તો છે નહિ. આને ઉઠાવીને કુટિમાં લઇ જાઉં. (ઉઠાવી લે છે.) ફૂલ જેવું હલકું શરીર! સુંદર વસ્તુ દરેક અવસ્થામાં સુંદર જ લાગે છે. અરે હું? પરંતુ તપસ્વીને એમાં શું? દર્શનમાં તો પાપ નથી. આની મૂર્છા મારા માટે વરદાન રૂપ નીવડી. નેત્રો, પેટ ભરીને આની છબિ જોઈ લ્યો. આ આવી ગઇ કુટિ. આને મૃગછાલ પર સુવડાવું? મૂર્છા કેમ દૂર થાય? ક્યાં ગયું કમંડલ? મોં ઉપર પાણી છાંટી જોઉં. મૂર્છા વળતી જ નથી? અરે! આ હાથ તો રૂધિરથી ભરાઇ ગયા છે. કપડાનો નાનકડો કટકો; પણ એ ય અહીં વનમાં ક્યાંથી હોય? ઠીક, આ ભગવા વસ્ત્રમાંથી જ થોડુંક



મારા શાપથી તું જ નહિ, પણ વસિષ્ઠના સઘળા પુત્ર ભસ્મ બની જાઓ!

ફાડું. શિવ શિવ! કાંટાઓએ પણ કેટલી નિર્દયતા કરી! બંધાઇ ગયો પાટો. મોં પર ફરી પાણી છાંટું... ચેતના હજી કેમ નથી આવતી? હૃદય પર હાથ રાખીને જોઉં તો ખરો... ધડકી તો રહ્યું છે.

મૂર્છાનું કારણ ભય હશે. અરે! પણ મારા શરીરમાં ફરી રોમાંચ ફરી થડકાર! મારા હાથ ઉપર આ પ્રસ્વેદ કેમ? અહીં, આનાં નેત્રો ખુલી રહ્યાં છે!-સૂર્યોદયના સમયે જાણે કે કમલ ખીલી રહ્યું છે

મેનકા: (મૂર્છામાંથી જાગતી) હું ક્યાં...?

વિશ્વામિત્ર: ચિંતા ન કરો દેવી, તમે સુરક્ષિત છો. ઊઠતાં નહિ

મેનકા: (ઊઠીને) હું ક્યાં છું? આપ કોણ છો?

વિશ્વામિત્ર: અરે! ઊભી થઈ ગઇ! મને વિશ્વામિત્ર નામથી ઓળખે છે. આ મારો આશ્રમ છે. તું મૂર્છિત થઈ ગઈ હતી, એટલે હું તને ઉપાડીને અહીં લાવ્યો.

મેનકા: (સંકોચથી) આપ પોતે...?

વિશ્વાગિત્ર: શરમાવાની જરૂર નથી, દેવી! મેં તો મનુષ્યના કર્તવ્યનું પાલન કર્યું છે.

મેનકા: મારા હાથ ઉપર આ પાટો પણ આપે જ બાંધ્યો?

વિશ્વાગિત્ર: હું વિવશ હતો. અહીં કોઈ સહાય માટે ન હતું.

મેનકા: આપે વિવશ થઈને કે ગમે તે રીતે, પણ મારો હાથ પકડ્યો છે. મારા શરીરને સ્પર્શ પણ કર્યો છે.

વિશ્વાગિત્ર: દેવી, હું તપસ્વી છું...

મેનકા: જરા મારી તરફ તો જુઓ. મારો સ્પર્શ કરતી વખતે શું આપનું હૃદય બિલકુલ વિરક્ત હતું? જો એમ જ હશે તો મારું જીવન કોઈ પણ પ્રકારે પૂરું કરીશ. પાણિગ્રહણ તો એક જ વાર હોય છે. આપ આપના ધર્મનું પાલન કરો. હું મારા માર્ગે જાઉં.

વિશ્વાગિત્ર: (સ્વગત) બુદ્ધિ કામ નથી કરતી.

મેનકા: આપના મુખ ઉપર ક્ષત્રિયો જેવું તેજ છે. હાથમાં ધનુષ્યની દોરી ખેંચવાનાં હજી ચિહ્ન છે. રાખ બનવાથી અંગારાનો અગ્નિ શાન્ત નથી થતો. આપ ક્ષત્રિય લાગો છો. જો એમ જ હોય તો બતાવો, શરણાગતનો ત્યાગ કરવો તે શું ઉચિત છે?

વિશ્વાગિત્ર: તારું અનુમાન સાચું છે દેવી, હું ક્ષત્રિય છું. સંસારથી મને વૈરાગ્ય નથી; પરંતુ હું એક સાધનામાં પડ્યો છું.

મેનકા: પુરુષ એકલો કોઈપણ સાધનામાં સિદ્ધિ નથી મેળવી શકતો: સ્ત્રી અને પુરુષ મળીને એક શરીર બને છે

વિશ્વાગિત્ર: હું જાણું છું.

મેનકા: તો પછી?

વિશ્વાગિત્ર: પરંતુ પ્રેમ અને તપ બન્ને ભિન્ન વસ્તુઓ છે.

મેનકા: આશ્ચર્ય થાય છે. પ્રેમ તો તપસ્યાના અગ્નિમાં તપીને જ નીકળે છે. હું આપની તપસ્યામાં વિઘ્ન નથી નાખતી, આપનાં ચરણોમાં સ્થાન મળે એમ ઈચ્છું છું. પાર્વતીએ જે પ્રકારે તપસ્યા કરીને યોગિરાજ શંકરને પ્રાપ્ત કર્યા હતા, એ જ રીતે હું પણ તપસ્યા કરીને આપને મેળવવાની અધિકારિણી બનીશ. આપ આટલો યે અધિકાર નહિ આપો?

વિશ્વામિત્ર: (થોડીવાર પછી) તું મારી કુટિમાં રહી શકે છે. પણ તારો પરિચય તો આપ?

મેનકા: (અત્યંત આકર્ષક હસીને) હું ચોર નથી. મહારાજ શંકા કરવાની આવશ્યકતા નથી.

વિશ્વામિત્ર: ચોરવા માટે આ વનવાસી ક્ષત્રિય પાસે છે યે શું? એક હૃદય છે. એના પરથી પણ અધિકાર જતો હોય તેમ લાગે છે. તારું કુળ અને પિતાનું ગોત્ર જાણવાની મારી ઈચ્છા છે. (પૃ. ૨૯૦મે)



પ્રસ્થાન લેતા દોડવીરની દોડ શરૂ કરતી વખતની અદા

ક્ષયના દરદીમાંથી મૅરૅથાન રનર થનાર

ડૉક્ટર વી. એલિયટ

નાનપણથી સેવેલી દોડવીર થવાની મહત્ત્વાકાંક્ષાથી ક્ષય જેવા દર્દને પણ મારી હઠાવનાર પુરુષાર્થીની જીવનકથા

લેખક
રમણલાલ નાગરજી મહેતા એમ. એ.

'સ્પનિજ ઝ; જલદી! કેટગટ નંબર બે. વક્રગોળ સોય પર ચડાવી જલદી તૈયાર કરો.' ડૉક્ટર ફૉક્સનો હુકમ છૂટ્યો. એલિયટે નિરુત્સાહપૂર્વક પોતાનો નિર્બળ હાથ લંબાવ્યો.

'કેટગટવાળી સોય.' એલિયટે થરથરતે હાથે સોય આપી.

'એલિયટ, ધ્રૂજે છે કેમ? જરા રેડિયોમોલ્ટ ખાઇ લેજે'; કહી સ્મિત કરીને વાઢકાપના શ્વેતરંગી ઓરડામાં ટેબલ પર પડેલા દરદીનાં આંતરડાં કાપી, તેને ટાંકા લઈ, ડૉક્ટરે ઑપરેશન પૂરું કર્યું અને બીજા દર્દીઓને તપાસવા પોતાની ઑફિસ તરફ પાછા ફર્યા.

ઑપરેશન કરવામાં આવેલા દર્દીને તેના બિછાનામાં પહોંચાડી એલિયટ ડૉક્ટર ફૉક્સ પાસે જઈ ઑફિસના કામમાં મદદ કરવા લાગ્યો, પરંતુ તેની હીલચાલ પરથી તેની તંદુરસ્તી અંગે ડૉક્ટરને શંકા ઉત્પન્ન થઈ. દવાખાનાના દર્દીઓને દવા આપી વિદાય કર્યા બાદ ડૉક્ટરે એલિયટને કહ્યું, 'જરા ટેબલ પર સૂઈ જા તો?'

'કેમ?'

'તારું ડહાપણ જવા દે. સૂઈ જા.' ડૉક્ટરે જરા ગુસ્સે થઇને કહ્યું. એલિયટ ડૉક્ટરના હુકમને અનુસર્યો.

ડૉક્ટરે સ્ટેથોસ્કોપ કાને ચડાવી એલિયટની છાતી પર મૂક્યું અને આમતેમ ફેરવતાં, એકાગ્ર ચિત્તે છાતીમાંથી આવતા અવાજો સાંભળતાં તેમના મુખ પર આશ્ચર્ય, ચિંતા અને ગંભીરતાના ભાવો બદલાતા ગયા. તેમણે એલિયટનું ગળું અને પેટ તપાસ્યાં અને પછી ત્યાંથી બેઠા થવાની મના ફરમાવી કેસ તૈયાર કર્યો: 'ક્ષય બીજા તબક્કામાં; કાકડા અને એપેન્ડિસાઈટિસના ઑપરેશનની જરૂર; કાલે પહેલો જ આ કેસ; કાકડાનું લોકલ ઑપરેશન.'

ઇ. ૧૯૩૨ના જૂનની ૨૩મી તારીખે વલસાડ મિશન ઑસ્પિટલમાં ઉપલો પ્રસંગ બન્યો, ને ૨૪મી જૂને સવાર વીતતાં તો કાકડાનું ઑપરેશન થએલો બાવીસવર્ષનો એલિયટ બિછાનામાં પડ્યો હતો.

વિક્ટર એલિયટનો જન્મ ઈ. ૧૯૧૦ના જાન્યુઆરીની ચોથી તારીખે, વડોદરામાં પ્રૉટેસ્ટન્ટ સંપ્રદાયના દેશી પાદરીને ત્યાં થએલો; ને ત્યાંની મેથોડિસ્ટ બૉય્ઝ હાઈસ્કૂલમાંથી ૧૯૩૦માં તેણે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી હતી. નાનપણથી જ નાજુક બાંધાનો હોવા છતાં એલિયટ ખેલકૂદનો ખૂબ શૉખીન હતો. એ શૉખની આજના દોડવીરના સ્વરૂપમાં થવા પામેલી ખીલવણીનો પ્રસંગ નોંધતાં એલિયટ જણાવે છે કે, 'હું અંગ્રેજી પહેલા ધોરણમાં હતો ત્યારે એક દિવસ મિડલ સ્કૂલના વિદ્યાર્થીઓ વડોદરાના ઘોડદોડ ઉપર ઉજાણીએ ગયા હતા. ત્યાં ગમ્મતની ખાતર અમારા શિક્ષકોએ ઘોડદોડની આજુબાજુ દોડ લગાવવાની શરત મૂકી. મોટા મોટા વિદ્યાર્થીઓ પ્રસ્થાન-રેખા પર ઊભા રહ્યા. મોટા ભાગના તો અંગ્રેજી ત્રીજા ધોરણના હરીફો હતા, ને પાંચ દસ બીજા ધોરણના હતા. હું એકલો જ પહેલા ધોરણમાંથી હતો. મારા ક્લાસમાંથી વધુ હરીફો ન હતા તેનું કારણ દીવા જેવું ચોખ્ખું હતું. એક તો હરીફો મોટા મોટા હતા; ને બીજું એ કે દોડ ઘણી મોટી હતી. ઘોડદોડનું વર્તુલ પોણા બે માઈલનું હતું. એ દોડવાની હિંમત જોઇએ. મેં હિંમત એ આધારે કરી કે હું પતંગો પકડવા ઘણી વાર દૂર દૂર સુધી નીકળી જતો અને મારી સાથે પતંગ પકડવા આવનારા બીજા થાકીને પાછા ફરતા જ્યારે હું ઊંચી ગરદન રાખી પતંગને જોતો તેની પાછળ માઇલ સવા માઇલ સુધી ઘણી વાર દોડતો.

સંજ્ઞા અપાઈને દોડ શરૂ દઈ. અમે બધા તીરની માફક છૂટ્યા. એક ફર્લાંગમાં તો બધા જ ઢીલા થઈ ગયા, અને ડુગડગ ડુગડુગ કરવા લાગ્યા. હું પણ ડુગડુગ કરતો હતો અને સૌથી નાનો હોઇ સ્વાભાવિક જ બધાની પાછળ હતો. પરંતુ જેમજેમ પગ આગળ ધપતા અંતર કાપતા ગયા તેમતેમ હું ધીમેધીમે એક પછી એક હરીફને પાછળ મૂકતો ચાલ્યો અને પરિણામે મારામાં કંઇ નવું જ



ડૉ. વિક્ટર એલિયટ

સામાન્યરીતે દુનિયાનો કોઈ દોડવીર આ ૨૬ માઇલની મૅરૅથાન શરત ૪-૫થી વધુ દોડી શકતો નથી. પરંતુ ડૉ. એલિયટ આજ ૩૫ વરસની ઉમર સુધીમાં ૧૧વાર દોડ્યા છતાં ૪૦મે વરસે ૪૦ માઈલ દોડવાની આશા રાખે છે.→

જેમ આવતું ગયું. અર્ધો માઇલ જતાંમાં તો મેં લગભગ છ જણાને વટાવી લીધા અને એક માઇલ ગયા ત્યારે હું ચોથે નંબરે આવી ગયો ! આમ માત્ર એક માઇલમાં લગભગ પચાસ જણાને હું વટાવી ગયો હતો. પ્રથમ ત્રણ હતા તે બધા જ ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓ હતા. પહેલો હતો બેન્જામીન પીટર્સ અને બીજો હતો ફિલિપ ટેલર. ત્રીજે નંબરે જૅકબ કરીને એક પ્રચંડ કાયાવાળો છોકરો હતો. તેની ઉમર લગભગ સોળ વર્ષની હતી. હું તો માત્ર દસ જ વર્ષનો હતો. મારે અને જૅકબને ખરી સ્પર્ધા થઇ હતી. જૅકબ પાછળ જુએ અને દોડે. હું પણ તેને પકડી પાડવા જબ્બર પ્રયત્ન કરું અને પકડી પણ પાડું; ત્યાં વળી જૅકબ જોર કરે અને મને વીસત્રીસ વાર પાછળ પાડી દે. આમ છેક દસમાં ફર્લાંગ સુધી ચાલ્યું. પરંતુ પછી તો જૅકબ પેટ પકડીને બેસી ગયો અને હું આપોઆપ જ ત્રીજો થયો. નંબર એક અને બે તો જરૂર મારા કરતાં સારા દોડનારા હતા અને મોટા મોટા હતા. વિજયરેખા આવી અને હું ત્રીજે નંબરે આવ્યો. મારા જીવનની એ પ્રથમ હરીફાઇ અને પ્રથમ જ લાંબી દોડ. પતંગની પાછળનું દોડવાનું તો જુદા જ પ્રકારનું હતું. ત્યાં તો હું ઊભો રહેતો અને દોડતો; પણ આ દોડ હતી સળંગ, રોકાયા વગરની. એટલે તેનું પરિણામ એ આવ્યું કે દોડ પૂરી કર્યા પછી મને ચક્કર આવ્યાં અને હોશ ન રહ્યા, મહા મુસીબતે હું ઘેર પહોંચ્યો. પરંતુ એ ત્રીજા નંબરે મને અજબ પ્રોત્સાહન આપ્યું.

પગ શા માટે દુઃખે ? મને વિચાર આવ્યો. રોજ મહાવરો કેમ ન રાખવો ? વડોદરા કૅમ્પનું ચક્કર અમારે માટે એક આકર્ષણ હતું, એટલે તેના ઉપર દોડ કરવાનું મેં કોઈ કોઈ વખત ચાલુ રાખ્યું.

વળી અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં હતો ત્યારે મૅટ્રિક કલાસ ને છઠ્ઠું ધોરણ કમાટી બાગમાં ઉજાણીએ ગયા. ત્યાં અર્ધા માઇલની દોડ રાખી હતી. હરીફોમાં સારાસારા દોડનારા હતા. પેલા જૂના બેન્જામિન અને ફિલિપ પણ હતા. મેં પણ ભાગ લીધો. પ્રથમ ચૂંટણીમાં બેન્જામિન તેની ટુકડીમાં પહેલો આવ્યો; અને હું મારી ટુકડીમાં બીજો આવ્યો. કુલ ૧૮ દોડનારા હતા ને તેની છ છની ત્રણ ટુકડી પાડી હતી, તેમાંથી માત્ર છ જણને અંતિમ હરીફાઈ માટે પસંદ કર્યા અને ફક્ત ૧૦ મિનિટના આરામ બાદ ફરીથી દોડ શરૂ થઇ.

બે ફર્લાંગ પહોંચતાંમાં તો હું ત્રીજે નંબરે આવ્યો; અને ત્રીજા ફર્લાંગ ઉપર બીજે નંબરે પહોંચ્યો. પ્રથમ દોડનારો 'હિંદ વિજય'નો આગલા વર્ષનો એક માઇલનો વિજેતા મિ. તોરણે કરીને જુવાન હતો. સવા છ ફૂટ ઊંચો તે લાંબી ફાળો ભરતો દોડ્યે જતો હતો. મેં હતું તેટલું જોર એકઠું કરીને તેને પકડી પાડ્યો, અને છેલ્લા સો વાર બાકી રહ્યા ત્યાં તો હું તેને વટાવી આગળ નીકળી ગયો. આ વિજય મારો મહાન વિજય હતો. મિત્રોએ ત્યારે મને 'હિંદ વિજય'-ની રમતોમાં ઊતરવાને ખૂબ પ્રોત્સાહન આપ્યું પરંતુ હું ન ઊતર્યો.

૧૯૩૦માં મને વિચાર આવ્યો કે 'હિંદ વિજય'માં ઊતરી તો જોઉં. ત્યાં એક માઈલ ને દસ માઈલની બે દોડ હતી. બીજી દોડ હતી અરધા માઇલ અને ત્રણ માઇલની, પરંતુ તે ૧૬ વર્ષની અંદરનાને માટે હતી. ત્યાં ઊંચાઈનું ધોરણ હતું ૫ ફૂટ ૨ ઇંચ. ઊંચાઇના આ ધોરણનો લાભ મારી ઉંમરના (૨૦ વર્ષના) લેતા અને નંબર મારી જતા. પણ મને તે અજુગતું લાગવાથી હું 'ઓપન'-માં જ ઊતરવા માગતો હતો. તેથી એક માઇલ ને ૧૦ માઇલની હરીફાઈમાં ઊતર્યો.

એક માઈલની પ્રાથમિક ચૂંટણીમાં હું પ્રથમ આવ્યો; પરંતુ ત્યાર બાદની ચૂંટણીમાં મુંબઇ અને પૂનાના દોડનારાઓથી હું હારી ગયો. હવે રહી દસ માઈલની દોડ. તેમાં હું ચોથે નંબરે આવ્યો. ૧ કલાક અને ચાર મિનિટમાં એટલું અંતર પૂરું કરવું એ મારે માટે ખરેખર પ્રશંસનીય હતું. પરંતુ ત્યાર પછી મને પ્લૂરસી થઈ'.

પ્લૂરસી મટ્યા પછી મૅટ્રિક થઇ એલિયટે ૧૯૩૧માં સેન્સસ કારકુન તરીકે કામ કર્યું ને ૧૯૩૨માં ડૉકટર ફ઼ાક્સ સાથે તે જોડાયા ત્યાં, ઉપર જોયું તેમ, તે વખતે તેનો ક્ષય બીજા તબક્કામાં હતો.'

ફેફસાંના ઑપરેશન બાદ ડૉકટર ફ઼ાક્સ એલિયટને દવા આપ્યા કરતા. એક વખત હમેશ મુજબ પોતાના કામકાજથી પરવારી એલિયટ ડૉકટર ફ઼ાક્સ પાસે પોતાની દવા લેવા ગયો. ડૉકટર ત્યારે ચા પીવા ગયા હતા અને મિસિસ ફ઼ાક્સ ત્યાં બેઠાં હતાં. તેમણે એલિયટને પૂછ્યું, 'કેમ એલિયટ! હવે તબિયત કેમ છે ?'

'હવે તો મને આરામ થઇ ગયો છે. જરા ઉધરસ છે; પણ તે તો મટી જશે. મિસિસ ફ઼ાક્સ! આ વર્ષે તો મારે વડોદરા દસ માઈલની દોડમાં ભાગ લેવો છે, ને તેને માટે મારે દોડવાની તૈયારી કરવી છે. પણ ડૉકટર કોણ જાણે કેમ મને દવા આપવાનું બંધ નથી કરતા અને મારો કેસ પણ જોવા દેતા નથી. હવે તો હું આ દવાથી કંટાળી ગયો છું અને કાલથી જ દોડવાનું શરૂ કરવાનો છું.'

એલિયટનાં આ વાક્યો સાંભળી મિસિસ ફ઼ાક્સ ચમકી ઊઠ્યાં. પરંતુ સુપરિન્ટેન્ડેન્ટ ઑફ નર્સિંગને છાજતી શાન્ત ધીરજ રાખી તેણે એલિયટને આઘાત ન લાગે તેમ જણાવ્યું, 'એલિયટ ! દોડવાનો મોહ છોડી દે. હવે તું કદી જ દોડી નહિ શકે !'

'નહિ શાથી દોડાય ? હું તો દોડવાનો જ.' એલિયટે મક્કમતા-પૂર્વક જવાબ આપ્યો.

મિસિસ ફ઼ાક્સે લાચારીપૂર્વક જણાવ્યું,' દોડવાથી તને નુકસાન છે, એલિયટ. તું આમ જિદ્દીની માફક વાત કરે છે, પણ તને ખબર છે કે તું ક્ષયના બીજા તબક્કામાં છે, અને દોડવાથી ફેફસાંની નસ તૂટી જશે કે જ્ઞાનતંતુ તૂટશે તો તું જિંદગીથી હાથ ધોઇ બેસીશ ?'

આ વાત ચાલતી હતી એટલામાં ડૉકટર આવી પહોંચ્યા. તેમના કાન પર 'દોડવાથી...નુકસાન' વગેરે ભાંગ્યાતૂટ્યા શબ્દો પડેલા. એટલે અંદર દાખલ થતાં જ તેમણે શો બનાવ બન્યો હતો તે પૂછી જોયું. મિસિસ ફ઼ાક્સે કહ્યું, 'આ ગાંડો દોડવાની વાતો કરે છે.' આ સાંભળતાં ડૉકટર ફ઼ાક્સે એલિયટને કોઈ પણ પ્રકારનો વ્યાયામ નહિ કરવાની સખ્ત શબ્દોમાં ચેતવણી આપી અને છ અઠવાડિયાં સુધી પથારીમાંથી પગ પણ બહાર નહિ મૂકવાની આજ્ઞા કરી. ત્યાર બાદ ડૉ. ફ઼ાક્સ છ અઠવાડિયાં માટે મસુરી ગયા.

આ મુદ્દત દરમિયાન એલિયટ બેચાર વખત છાનોમાનો ક્રિકેટ રમવા જતો રહ્યો હતો. ડૉકટર ફ઼ાક્સ પાછા ફર્યા ત્યારે હાઉસ સર્જન ડૉકટર જેરોમે આ બાબતની તેમને ખબર આપી અને પરિણામે તેમણે એલિયટને ખૂબ ખખડાવ્યો.

થોડા વખત પછી ડૉકટર ફ઼ૉક્સને લાગ્યું કે એલિયટને એ. પી. ટ્રીટમેન્ટની જરૂર છે. એ. પી. ઉપચારમાં ફેફસાંમાં પ્રાણવાયુ ભરવામાં આવે છે અને તેને પરિણામે ક્ષયના જંતુઓનો નાશ થાય છે એમ મનાય છે. પરંતુ આ સારવાર માટે એલિયટને મુંબઈ મોકલતાં પહેલાં તેમણે એનું ઍપેન્ડિસાઈટિસનું ઑપરેશન તા. ૫-૮-૧૯૩૩ ના રોજ કરી નાખ્યું. ઑપરેશન સફળ થયું.

હવે એલિયટનો કટોકટીનો સમય આવ્યો. ડૉકટર તેને એ.પી. ટ્રીટમેન્ટ માટે મુંબઇ જવાનું કહેતા હતા, પરંતુ એલિયટ જુદી જ રીતે વિચારતો હતો. તેને લાગતું કે જો પ્રાણવાયુ જ ક્ષયનો દુશ્મન હોય તો હવામાંનો પ્રાણવાયુ સીધો જ ફેફસાંમાં ભરવામાં શો વાંધો ? ફેફસાંના બંધ ભાગોમાં હવા પહોંચાડવા માટે તો ઊંડા શ્વાસોચ્છ્વાસ

હલાસન

આપણાં શરીર મન અને જ્ઞાનતંતુઓ ત્રણેને એકીસાથે સ્વસ્થ રાખતી અનન્ય વ્યાયામપદ્ધતિ

યોગાસનો : ૫મો હપતો


આ આસન પૂરેપૂરું થાય એટલે શરીરનો દેખાવ હળ જેવો થતો હોવાથી તેને હલાસન કહે છે.

શરૂઆતમાં પાથરણા પર ચત્તા સૂઇ જાઓ. હવે, સર્વાંગાસન કે વિપરીતકરણીમાં જેવી રીતે પગ ઉચકતા હતા, તેવી રીતે ધીમે-ધીમે ઉચકીને શરીર સાથે કાટખૂણો કરો. હવે પીઠને બને તેટલી જમીન સરસી રાખીને બંને પગને માથાના પાછળ લઇ જાઓ, અને અંગૂઠાને જમીને અડકાડો. શરૂઆતમાં આ ક્રિયા મુશ્કેલ લાગશે. પણ ઉતાવળ ન કરતા; તેમજ હિંમત પણ ન હારતા. હવે પગને અને અંગૂઠાને પાછળ ને પાછળ ખસેડો. ધીમેધીમે લઇ જઇ શકાય એટલે લઇ ગયા પછી, હાથ કે જે અત્યાર સુધી તમે લાંબા જ રાખ્યા હતા તેને ઉપાડીને, માથાની પાછળ, આંગળીઓ એક-બીજામાં ભિડાવીને મૂકો. હજુ યે અંગૂઠા થોડા દૂર મોકલાય તો મોકલો. પગને બરોબર ટટ્ટાર રાખો. ઢીંચણમાંથી સહેજ પણ વળવા ન દો. દાઢી છાતીના ઉપરના હાડકાના ત્રિકોણમાં દબાવી જોઇએ. આ પ્રમાણે બરોબર થતાં હલાસન સિદ્ધ થશે. આ આસન એક જ વાર લાંબો સમય રાખવા કરતા બેત્રણવાર કરવું અને થોડીથોડી વાર રાખવું; તો તેથી વધારે ફાયદો થશે. આસન છોડતી વખતે પહેલાં અંગૂઠાને તથા પગને ધીમેધીમે માથા તરફ ખસેડવા, પછી તેમને ઉચકીને કાટખૂણે રાખવા, ને પછી ધીમેધીમે નીચે ઉતારવા.

આ આસનથી કરોડને ખૂબ સરસ કસરત મળે છે. જેની કરોડ જુવાન રહે તે માણસ પણ જુવાન રહી શકે. આ આસન નિયમિત કરનાર માણસ જુવાનીને લાંબા વખત સુધી ટકાવી શકે છે. જૂનું અજીર્ણ અને કબજિયાત આ આસનથી મટે છે તથા યકૃત (લીવર) મોટું થઇ ગયું હોય તો તે બરોબર થઇ જાય છે. અમુક પ્રકારના ડાયાબિટિસ (મધુપ્રમેહ)ને મટાડવામાં પણ આ આસનના સફળતાપૂર્વક પ્રયોગો થાય છે.

જેની કરોડ સખત થઇ ગઇ હોય કે જકડાઈ ગઇ હોય તેણે આ આસન કરવામાં ઉતાવળ ન કરવી. એવા માણસોએ થોડા દિવસ એક સ્થિતિ કરીને પછી બીજી સ્થિતિ કરવી, ને પછી જ છેલ્લી સ્થિતિએ આસનને લઇ જવું.

દાસુભાઈ શુક્લ



જેવી બીજી સારી કોઈ રીત નથી. અને ઊંડા શ્વાસોચ્છ્વાસ દોડતી વખતે આપોઆપ લેવાય છે, એટલે દોડવામાં પણ કંઇ વાંધો ન હોય. પરંતુ શરીર અશક્ત છે ને ક્ષય થયો છે, એમાં દોડવાની મહેનતનો અખતરો કરવા જતાં ફેફસાંની નસો તૂટે અથવા જ્ઞાનતંતુ તૂટે તો? સર્વનાશ!! જીવવું તો છે જ; પણ એ.પી.ની ટ્રીટમેન્ટ નથી લેવી. ગમે તેમ થાય પણ ઊંડા શ્વાસોચ્છ્વાસ લેવાની શરૂઆત તો કરવી જ.

આવા વિચારોને અંતે એલિયટે શ્વાસોચ્છ્વાસની કસરતનો અખતરો કરવાનો નિશ્ચય કર્યો અને ઍપેન્ડિસાઈટિસનું ઑપરેશન મટી જતાં જ તેણે એ કસરત શરૂ કરી. પરંતુ આ કસરતમાં તેને કંટાળો આવતો. આથી તેણે કંટાળા સિવાય ઊંડા શ્વાસોચ્છ્વાસ લેવાની રીત ખોળવા માંડી, પરંતુ દોડ જેવી બીજી કોઈ રીત તેની નજરે ન પડી; એટલે તેણે દોડવાનો નિશ્ચય કર્યો અને ફેફસાંને જરા યે જોર ન પડે તેવી રીતે દોડવાની શરૂઆત કરી. તેણે શરૂઆતમાં તો માત્ર પાંચ મિનિટ દોડવા માંડયું. (આ જાતની દોડ Gogging—'ગૉગિંગ' કહેવાય છે.) આમ એક માસ વીતી ગયો. તેને શરીરમાં સ્ફૂર્તિ આવતી માલૂમ પડી. બીજે મહીને તેણે દસ મિનિટ દોડવા માંડયું. આટલા સમયમાં તે ભાગ્યે જ પોણો માઇલ દોડી શકતો. ત્રીજે મહીને તેણે પંદર મિનિટ કરી અને તેટલા સમયમાં તે માંડ એક માઈલનું અંતર પૂરું કરતો.

આ સમય દરમિયાન તેણે ડૉક્ટર ફૉક્સની દવા લીધી ન હતી. ત્રણ માસ પછી તેણે એલિયટની ચિકિત્સા કરી અને કહ્યું, 'એલિયટ! તું બહુ ઝડપથી સાજો થતો જાય છે!' એલિયટે ઠંડે કલેજે જવાબ આપ્યો: 'એ રોજ એક માઈલ દોડવાનું પરિણામ છે!' આ સાંભળી ડૉ. ફૉક્સ ઘડીભર તો સ્તબ્ધ જ થઈ ગયા. પરંતુ ક્ષણવારમાં તે ખૂબ ગુસ્સે થયા અને એલિયટને દોડવાના ને કસરતના ગેરફાયદા વિષે મોટું ભાષણ આપ્યું. પરંતુ આ ભાષણની અસર એલિયટ પર શાની થાય? તેણે તો પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખી આ વખતે તે ડૉક્ટર ફૉક્સ સાથે નવસારી રહેતો હતો. દોડને પરિણામે તેની તબિયત ઝપાટાબંધ સુધરતી જતી હતી, છતાં ડૉક્ટર ફૉક્સને તેની દોડ પ્રત્યે શંકા અને ઘૃણા હતી. ડૉક્ટરને એ દોડમાં તેનું મૃત્યુ ચોક્કસ દેખાતું હતું. આથી તેમણે એલિયટને જો તે દોડવાનું બંધ ન કરે તો તેને નોકરી પરથી રજા આપવાની ધમકી આપી. એનું પરિણામ વિપરિત આવ્યું. આ ધમકીથી ઉશ્કેરાઇને એલિયટે જાતે જ રાજીનામું મૂકીને ડૉ. ફૉક્સ અને મિશનની નોકરી છોડી દીધી અને ૧૯૩૪માં તે અમદાવાદ આવ્યો.

અમદાવાદમાં તેણે ખાનગી દવાખાનું શરૂ કર્યું ને પોતાની તંદુરસ્તી માટે દોડવાનું ચાલુ રાખ્યું. આ સમય સુધીમાં તેણે દોડવાનું અંતર વધારીને ત્રણ માઈલનું કર્યું હતું. બીજા બે માસમાં તેણે છ માઈલ દોડવાનું શરૂ કર્યું. ત્યાર પછીના બે માસમાં તે દસ માઇલે પહોંચ્યો અને આ અંતર તેણે દરરોજ માંડયું.

અમદાવાદમાં આવ્યા બાદ તેણે મિ. દાનિયલ અર્નેસ્ટની મદદથી, ક્રિશ્ચિયન સ્પોર્ટસ કલબની સ્થાપના કરી હતી. આ કલબમાં રમતો

અને એથલેટિકસને ઉત્તેજન મળતું. આ વખતે તે રાયખડમાં રહેતો. આજુબાજુ રહેતાં નાનાં ભૂલકાંને ભેગાં કરી, પોતાના ખભા પર પોલ વોલ્ટ માટે વાંસ લઈ તે સાબરમતીની રેતી તરફ જતો.

૧૯૩૪ના ડિસેમ્બરમાસમાં અખિલ અમદાવાદ હરીફાઈ સમિતિ તરફથી પ્રથમ ક્રીડાસંમેલન ગોઠવાયું, તેમાં ક્રિશ્ચિયન સ્પોર્ટ્સ ક્લબ તરફથી લગભગ વીસ જેટલાં બાળકોએ ભાગ લીધો અને તેમણે સારી નામના મેળવી. ત્રણ માઇલની દોડમાં એલિયટ પોતાની રોજની દોડવાની ટેવને પરિણામે સહેલાઈથી પ્રથમ આવી વિજેતા બન્યો.

આ વિજયે એને ઉત્સાહ આપ્યો અને તેના મગજમાં વડોદરા 'હિંદવિજય જિમખાના'ની દસ માઈલની દોડ રમવા માંડી હિંદ વિજયની સ્પર્ધામાં તેણે ૧૯૩૪માં ભાગ લીધો. કરાંચીના દોડવીર ચૌહાણ સાથે તેમાં તેને ઠીકઠીક સ્પર્ધા થઈ. માઈલ પછી માઇલ પગ નીચેથી સરતા જતા હતા અને એલિયટ ચૌહાણની સાથે જ રહેતો આવતો હતો. નવ માઈલ પૂરા થયા. સાડા નવ માઇલે તેઓ કોઠીનો દાંડિયા બજાર તરફનો ઢાળ ઊતરવા લાગ્યા. દાંડિયા બજારનો રસ્તો આવ્યો અને ચૌહાણે આખરી ઝડપ વધારી; પણ એલિયટ પોતાની ઝડપ કાયમ રાખતો આગળ વધ્યો. વિજયમાળા ચૌહાણના કંઠમાં પડી; એલિયટ પોતાની તંદુરસ્તીની ચિંતામાં બીજે આવ્યો.

આ હરીફાઈ બાદ તેણે નડિયાદના ડૉક્ટર ઑલ્ડ્રિચ અને આણંદના ડૉક્ટર કૂક પાસે ચિકિત્સા કરાવી. બન્ને ડૉક્ટરોએ ચિકિત્સા કરીને તેનાં ફેફસાં તદ્દન સ્વચ્છ છે એમ ખાત્રી આપી આથી તેની મહત્ત્વાકાંક્ષા વધી. તેણે દોડવાની ઝડપ વધારી અને હવે તે એક કલાકમાં દસ માઈલ દોડતો થયો!

ઈ. ૧૯૩૫માં તેણે ફરીથી વડોદરા હરીફાઈમાં ભાગ લીધો. આ વખતે તેની ઝડપ સારી હતી, પરંતુ તેના હરીફો મિ. ચૌહાણ અને મિ. હિન્ગે એના કરતાં ચડિયાતા હતા. તેની ચપળતા અને દોડવાની શૈલીથી આકર્ષાઇને મિ. હિન્ગેએ તેને મૅરૅથૉન દોડમાં ભાગ લેવાની પ્રેરણા આપી. તેથી પ્રોત્સાહિત થઈ ૧૯૩૬ના જાન્યુઆરીમાં તેણે મુંબાઇની મૅરૅથૉનની (૨૬ માઈલ ને ૩૮૫ વાર) દોડમાં ભાગ લીધો ને પોતાની એ પ્રથમ જ મૅરૅથૉન દોડ ૩ કલાક અને ૪૫ મિનિટમાં સાતમે નંબરે આવીને દોડી બતાવી! આ રમતમાં તેની દોડવાની પદ્ધતિની સારી પ્રશંસા થઈ હતી અને તેને ભવિષ્યના 'મૅરૅથૉન રનર' તરીકે નવાજવામાં આવ્યો હતો.

ત્યાર પછી તો તેની હરીફાઈ-પરંપરા જ શરૂ થઇ. આ હરીફાઇઓમાં મોટે ભાગે તો દોડ જ હતી. જોકે દોડ સિવાય તેણે અમદાવાદમાં સાઇક્લિંગ, શૂટિંગ અને જલદ ચાલની હરીફાઇઓમાં પણ ભાગ લીધેલો. તેની કેટલીક દોડ નીચે પ્રમાણે છે:

વર્ષ	દોડ	સ્થળ	નંબર
૧૯૩૦	૧૦ માઈલ	વડોદરા	૪
૧૯૩૪	૩ માઇલ	અમદાવાદ	૧
૧૯૩૪	૧૦ માઇલ	વડોદરા	૨
૧૯૩૫	૧ માઇલ	અમદાવાદ	૧
,,	૩ માઈલ	,,	૧
,,	૧૦ માઇલ	,,	૧
,,	૧૦ માઇલ	વડોદરા	૩
૧૯૩૬	૨૬ માઈલ ૩૮૫ વાર:મૅરૅથૉન	મુંબઇ	૭
,,	૧૦ માઇલ	વડોદરા	૩
,,	૧ ,,	અમદાવાદ	૧
,,	૩ ,,	,,	૧
૧૯૩૬	૬ માઇલ	અમદાવાદ	૧
૧૯૩૭	૧૦ માઈલ	વડોદરા	૧
,,	૧ ,,	અમદાવાદ	૧
,,	૩ ,,	,,	૧
,,	૬ ,,	,,	૧
૧૯૩૮	૧૦,૦૦૦ મીટર	મુંબઈ	૨
,,	૫,૦૦૦ ,,	,,	૩
,,	૨૬ માઈલ ૩૮૫ વાર:મૅરૅથૉન	અખિલ હિંદ(કલકત્તા)	૪
૧૯૩૯	૧ માઈલ	અમદાવાદ, ગુ. વ્યા પ્ર. મંડળ	૧
,,	૧ ,,	અમદાવાદ,ગુ.વ્યા. પ્ર.મંડળ	૧
,,	૩ ,,	,,	૧
,,	૬ ,,	,,	૧
,,	૨૬ માઇલ ૩૮૫ વાર મૅરૅથૉન	અખિલ હિંદ (પૂના)	૧૧
૧૯૪૦	૧૦,૦૦૦ મીટર	વડોદરા	૧
,,	૧૫,૦૦૦ મીટર	,,	૧
૧૯૪૦	૧ માઈલ	અમદાવાદ	૧
,,	૩ ,,	,,	૧
,,	૬ ,,	,,	૧
૧૯૪૦	૧,૫૦૦ મીટર	ગુ. વ્યા. પ્ર. મંડળ	૧
,,	૫,૦૦૦ ,,	,,	૧

૧૯૪૦ થી ૧૯૫૦ સુધીમાં તેણે વડોદરા, અમદાવાદ ગુ. વ્યા. પ્ર. મંડળ અને મુંબાઈની ૮૦૦ મીટર, ૧૫૦૦ મીટર, ૫૦૦૦ અને ૧૦,૦૦૦ મીટરની દોડમાં ભાગ લીધો હતો અને તેમાંની ઘણીખરીમાં એ વિજયી થયો હતો. મુંબઈમાં તેણે ૫,૦૦૦ અને ૧૦,૦૦૦ મીટરની શરતમાં સારી નામના મેળવી છે. માત્ર તેની મૅરૅથૉન દોડમાં તે હંમેશ કમનસીબ રહ્યો છે અને કોઇ ને કોઇ કારણસર તેની એ હરીફાઈમાં પ્રથમ આવવાની મહત્ત્વાકાંક્ષા હજુ બર આવી નથી. ૧૯૩૩ થી ૧૯૪૯ સુધી તે નીચે પ્રમાણે મૅરૅથૉન દોડ દોડયો છે:

સાલ	સંસ્થા	નંબર
૧૯૩૬	બી. પી. ઓ. એ. (મુંબાઇ) (બૉમ્બે પ્રૉવિન્સ ઑલિમ્પિક ઍથલેટિક્સ)	૭
૧૯૩૮	,,	--
૧૯૩૮	અખિલ હિંદ (કલકત્તા)	૪
૧૯૩૯	અખિલ હિંદ (પૂના)	૧૧
૧૯૪૨	અખિલ હિંદ	અધૂરી
૧૯૪૩	બી. પી. ઓ. એ. (મુંબાઈ)	,,
૧૯૪૪	,,	૪
૧૯૪૫	,,	,,
૧૯૪૬	,,	,,
૧૯૪૬	અખિલ હિંદ	—
૧૯૪૭	બી. પી. ઓ. એ. (મુંબાઈ)	૪
૧૯૪૮	,,	૩
૧૯૪૯	અમદાવાદ ઑલિમ્પિક્સ	૨
,,	બી. પી. ઓ. એ. (મુંબાઈ)	૪

આ પ્રમાણે માત્ર દોડીને જ ક્ષય પર વિજય મેળવનાર અને નાજુક બાંધાના માયકાંગલા ગુજરાતીમાંથી મૅરૅથૉનનો દોડવીર બનનાર ચાળીસ વર્ષની ઉંમરનો, બેઠા ઘાટનો એલિયટ આ વર્ષે પણ અખિલ હિંદ ઑલિમ્પિક્સની મૅરૅથૉનની દોડ માટે ચૂંટાયો હતો. આજે પણ તે સારા સ્વાસ્થ્ય સાથે નિયમિત વ્યાયામ કર્યે જાય છે.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

બાંધ ગઠરિયાં...



ઉત્તરહિંદુસ્તાનમાંએક્કાની ગમે તેટલી જાત હોય, પણ સૂરતનો એક્કો અને રાંદેરની ટૉક્કાટૅની વાત જ જુદી. હું સૂરત રહેવા ગયો તે જ અરસામાં મામાજી પોતાનો જૂનો એક્કો બદલી નવા એક્કાની વેતરણમાં હતા. સોની, જરદોસ, તારકસ, હૅન્ડલૂમવાળા અને વહોરા વેપારી, એ સૌ પોતપોતાના કિસબમાં જેટલા હોશિયાર એટલા જ એક્કાના શોખીન. વાડી ફળિયામાં સિતવાળા અને હરિપરામાં ગોરધનદાસ બહેરામજી, મામાજીના બે મોટા દોસ્તદારો. એ બે અને મામાજી બેસીને એક્કાના વચલા ચોકઠાનો, બાજુમાં અઢેલવાના કઠાનો, કઠા ઉપર જર્મન સિલ્વરના પકડવાના દાંડાનો, જુગતિપૂર્વક વિચાર ચલાવતા. એમાં ગાદી કેતાનની તો નહિ જ; તેમ મીણકપડની પણ નહિ.



''છોટાભાઈ, એમ જીવ નહિ બાળો. હવે એક્કો કરવા બેઠા તો થવા દો. સાટીન હું આપીશ.' ગબલભાઈ સિતવાળા કહેતા.

'અને ઉપરનો ગલેફ મારો. થઈ જાય!' ગોરધનદાસ ઉમેરતા. તેઓ કાને બહેરા, એટલે મોટે ભાગે તો ઈશારતથી યા ડોકું ધુણાવીને જ પતાવતા. ગબલભાઇ કહેતા: 'છોટાભાઈ, અંબાજીને રસ્તેથી નીકળો તો લોકો જોઇ રહે એવો બનાવીએ! જુઓ, પૈડાં રબર ટૅરનાં. બલને (બલદને) જરા રાહત પણ મળે. ને રંગ રેશમી.'

'પીળો? છટ્!'

'પીળો એટલે? એમ સાલો પીતાંબર જેવો લાગે! ખુલ્લો રેશમી નહિ: ઘેરો, જરા મેલખાઉં, કેમ ગણપત?' હાંકશે તો ગણપત માનીને તે ત્યાંથી પસાર થતા તેની પણ સાહેદી પુરાવી.

બલદ, બલનો લાલ ભરતનો એ ઢો, બલનો છેડો (રાશ), છેડાને છેડે ફુમતાં, ગાદી, ગાદી પરનો ગલેફ અને એની ઝૂલ, ગાદીની નીચે નાનું સરખું કોતરેલું પાકીટ, એ બધું જોઈ તપાસી, ફક્કડ છે એમ બહેલાવી, જે દિવસે છોટાભાઈ મુખત્યાર હાથમાં જાતે છેડો લઇ, સાથે મોટી મામા ને પાછળ છોકરાઓને બેસાડી, દશેરાને દિવસે સાંજે વરાછાની કલણમાં જવા નીકળ્યા, ત્યારે, સાહેબ, અમારો ધોળિયો બળદ ઘોડાની ચાલે થનગનતો હતો, અને અંબાજીનો આખો રસ્તો મલકતો હતો. સોની ગઢાજન એટલે ટહેલતું હતું. ને ભાગોળ સુધી એક્કાની વાહવાહ બોલાઈ. પાંચેક જણને મોઢેથી પાંગીપાંગસો, તો કેટલાકને પંજો બતાવી પાંચસોનો આશરો કહેતા છોટામામા આહિસ્તે એક્કો હાંકતા હતા. જેકિશનદાસે તો ઊભો રખાવી હાથની રક્ષા શમી વૃક્ષ પર ચડાવવાને બદલે એક્કાને જ બાંધી:

'છોટાભાઈ સાહેબ, આ યે સમી વૃક્ષનું જ લાકડું છે એમ માનો: બસ, હવે કોઈની નજર નહિ લાગે.'

ગણપતે સૅન્ડપેપરથી બળદનાં શીંગડાં ઘસી લીસાં બનાવ્યાં હતાં, અને ઉપર તેલ ઘસ્યું હતું એટલે એ પણ ચળકતાં હતાં. અને ભાગોળ વટાવી સ્ટેશન આગળ થઇ વરાછાને રસ્તે ચડ્યા ત્યાં તો બળદે ચાલ બતાવી દીધી. મામાજી જાતે જ કહેતા કે ઘોડાગાડી રદ છે!

વરાછાની ટાંકી એટલે સૂરતનો પાણીનો સંઘરો. એ રસ્તે જતા અધવચ્ચે જ બેડી બાંધણીનો, ગણપતિ ગજાનન જેવો, સિતવાળાનો બંગલો હતો. ત્યાં ગબલભાઈ, ગંગાદાસ, અમૃતલાલ વકીલ, ગોરધન, જેવચકાકા અને મામાજી અઠવાડિયે-પખવાડિયે સાંજના પહોરે મળતા, બેચાર કલાક બિઝિક ખેલતા, અને વચ્ચે ચાપાણી પીતા ને ભૂસું ખાતા. ત્યાં એક્કો દાખલ થતાં જ સૌએ વધાવી લીધો. પણ ગંગાદાસે ફાનસની જોડ બરાબર નથી, કહી ખોડ કાઢી; ને પછીથી સુંદર નાના કાચવાળા, નાજુક ફાનસની જોડ મુંબાઇથી મંગાવી આપી ભભકો પૂરો કર્યો.



આ બંગલામાં વરસમાં એકાદ વાર.(કોઈને ત્યાં લગન થયાં હોય તો તેની ખુશાલીમાં પણ) તાયફાનો મુજરો ગોઠવાતો. સૂરતની જાણીતી ઈદનજાનને પહેલી ગાતાં ત્યાં જોઈ હતી. આપણે કંઇ મોડે સુધી જાગતા નહિ; પણ મોડી રાતે તવાયફ ફેરણો કરતી, ત્યારે અમને જગાડવામાં આવતા. બેઠકનું ગાણું છોડી, ઊભી થઈ, મજલિસમાં ઠમકઠમક છુમછુમ કરતી એ ગાતી અને નાચતી, એ જોવાની મને મઝા પડતી, અને બીજે દિવસે નિશાળમાં એમાંની આવડે તેટલી અદા બીજાઓ આગળ કરી બતાવતો!

શ્રાવણ મહિનામાં દર સોમવારે કતારગામ મહાદેવ પાસે મેળો ભરાતો, ત્યાં પણ અમે એક્કામાં જતા. ચૌટાબજાર વટાવી, શાહપોરમાં થઇ, થોડાં જૂનાં ખંડેર આગળથી 'ચકલા'માં એક્કો દાખલ થતાં, અમે ચારે તરફ અને ઊંચે બારીઓમાં નજર કરતા. સૂરતનો નવાબી ઠાઠ અને શહેરનો શણગાર અહીં ઝળકતો. એ જ રસ્તે આખું ગામ જતું અને આવતું મહાદેવને પૂજવા જવાનો આ લાંબો રસ્તો અહીંની નંદિનીઓની મીઠી નજરથી હલકો લાગતો,–જતાં ઊમળકો આવતો, આવતાં થાક ઓસરી જતો.

કોઇ ઓટલે બેસતી તો કોઈ બારીએ બેસતી. નવાબી વખતનો મિરઝા અઝીઝનો ચકલો એની રોનકને માટે મશહૂર હતો. વચગાળે આવેલી માલણની દુકાન જ આંખ ઠરે એવી હતી. એમાં બહાર ઉપસી આવતી ખાસ્સી મોટી છાબમાં જે મિસાલથી ગુલાબ અને બટમોગરો ગોઠવવામાં આવતા તે જોઇને વટેમાર્ગુ ઘડીભર તો થંભી જાય. અને પછી એની મ્હેક! કેટલેક ઓટલે મુઘલાઈ ફાનસો લટકતાં, તે અને સાથે આગ્રાશાઈ પાનનો વખારો અને મીનાકારી કોતરકામનો નાજુક નળીનો હુક્કો, સૌ કંઈ સૂરતની ખૂબસૂરતી વધારતું. અહીં રોનક હતી, ખુશ્બો હતી, ખુમારી હતી. દિલની દિલાવરી હતી.



એમ જ એક્કો ચૌદ પંદર માઈલની ભીમપોરની સવારીએ પણ જતો. ભીમપોરના પાતાળિયા હનુમાનના મેળા વખતે એક્કાની દોડ થતી. અમારા મહોલ્લાનો જુવાન મગન સોની મેળાના બે ત્રણ મહિના અગાઉ જ એક નાનું મેઢિયું (ઠીંગણો બળદ) લઈ આવ્યો, અને એની ખૂબ બરદાસ કરવા મંડયો. ભીમપોરની શરતની એ તૈયારી હતી. ખાસ ઈનામ કે એવું કંઇ આપવામાં આવતું હોય એમ તો મને યાદ નથી, પણ ફક્ત વટ પર જ આ શરત ઊજવાતી. શહેરની બહાર 'લાઈન્સ'ના રસ્તાથી એક્કા દોડતા અને ઓછામાં ઓછા વખતમાં ભીમપોર પહોંચતા. મામાજી શરતમાં દોડાવતા નહિ, પણ બાજુ પર ધીમે ધીમે હંકાર્યે જતા, અને એંટીલાઓનો રંગ જોતા. પંદર માઈલનો આખો રસ્તો ત્યારે મામજી ઊઠતો.

આ તો નદીની આ બાજુના રસ્તાઓની મજા: પણ નદીની પાર કરબા શહેર રાંદેર જોયું છે? 'થાની હે! હોતી હે'નું મનમોજી એ શહેર. નાનકડું, તવંગર, અયેશી અને રંગીલું. ઘણીવાર મામાજી મને ત્યાં લઈ જતા. કોરટનું કામ હોય તો અસીલોને મળવા રવિવારે સવારે રાંદેર ઊપડતા, ને મોડી બપોરે પાછા ફરતા. કહેવત તો એવી છે કે

'વેડ ડભોલી ને સિંગણપોર; આવતાં જતાં થાય બપોર.'

પણ રાંદેરની મુસાફરીમાં યે બપોર થઇ જતા.

કિલ્લા પાસે તાપીનો પૂલ ઓળંગી, બે પૈસાનો પૂલવેરો આપી નદી પાર જતા, અને કાંઠે કાંઠે રસળતા જતા રસ્તા ઉપર કુદરતની ખૂબીઓ, નદીમાં અધવચ્ચે આવેલો બેટ અને સામે પારના સૂરતની શોભા જોતા અમે રાંદેર પહોંચતા. ત્યાં 'ભામ' 'પીપરડી' અને 'બોટાવાળા'નાં ત્રણ જાણીતાં ખાનદાનને ત્યાં મામાજી વારાફરતી આંટો મારતા. બળદની દોરી પૈડે બાંધી, ગાદી તળિયેથી થોડું બળદને ખવડાવવા ઘાસ કાઢવા જતા કે તરત જૈફ ડોસા બહાર આવતા અને ઠાવકાઇથી કહેતા: 'બસ કે, બસ કે? છોટાભાઈ? મામી હમારી આબરૂ લીધીને? અમે ફરમાન. દેખતા કયા હે? અપના ઘોડા કા ઘાસ કયા છોટાભાઈ સેઠકા બાલ નહિ ખાયગા?'

અને ઈબ્રાહીમ ભામના દીવાનખાનામાં એમના બે પાંચ વગવશીલા વચ્ચે છોટાભાઇ મુખત્યારની બેઠક થતી. કામ દસ મિનિટનું, પણ કલાક નીકળી જતો. શરૂઆતના અરધા કલાકમાં તો ખુમચા ભરી સૂકો મેવો આવતો અને ભાણાભાઇ માટે મિઠાઈ આવતી. ભાણાભાઇ ખાતા કે ભામ ખીજવતા: 'છોટાભાઇ, હવે ભાણો વટલી ગિયો અબ તો ગુલામ હુસેન! ઇનકો બીબી કી સાથ શાદી કરા દો.' આમ છેક રડવા સુધી મને ચીડવતા. પછી મિજલસમાંના બધા ધીમેધીમે ખરવા માંડતા. પછી મામાજી તથા ભામ કંઈ દસ્તાવેજી કાગળોનું બંડલ કાઢી વાતો કરતા.

'એ કંઈ એફીડેવીટ બેફીડેવીટ હું સમજું નહિ છોટાભાઇ, આપને જે મુનાસિબ લાગે તે કરો. હું સાલો શું સમજું? મેં તો કાગજ તમને આપી દીધા.' અને મામાજી સ્ટૅમ્પના કાગળો ઘડી વાળી પોતાના રેશમી રૂમાલે બાંધવા માંડતા. અને રજા લેતા. જતી વખતે ભામ સાહેબ પોટલીમાં કાજુ કે એવું કંઇ બાંધી આપતા, અને મને વહાલથી ધબ્બો મારી, હાથમાં એક રૂપિયો આપતા: 'દેખો ભાણાભાઇ, અબ તો તૂ વટલી ગયા. તો યે બમ્મન કો દે કર ફિર અસલ થા વેસા હો જાના!'



આ જ પ્રમાણે પછી પીપરડી અને બોટાવાળાને ત્યાં પણ સૂરતથી આવેલા આ વકીલ મુખત્યારની તહેનાત થતી. જેને ઘેર છેલ્લા જતા, ત્યાં તરત જ ખબર પહોંચી જતી, એટલે ખાણીપીણીની તૈયારી ભારે ઠાઠથી થતી: 'હા, હા. અમારે તાંસાના બાઓ તમે?' કરીને મેણાં મારતા, એટલે બોટાવાલાને ત્યાં તો શરબત, દૂધ, યા મલાઈ ઉપરાંત કદી જલેબી તો કદી ઘેવર તૈયાર જ રહેતાં. ને એમ ખાસ્સું જાતજાતનું ખાઇને બપોરસોરા સવારી પાછી ફરતી. પાછા મામાજી રસ્તે એ ભામ, પીપરડી ને બોટાવાલા ખાનદાનની અનેક વાતો કહી સંભળાવતા: 'આ બોટાવાળાના બાપે તાપી નદીના પૂલથી ડુમ્મસ સુધી નદી ખોદાવી દરિયો સૂરતમાં લાવવાની અંગ્રેજ સરકારને અરજ કરેલી. પણ સરકારે કહ્યુ કે એમ કરતાં જે નીકળે તે સરકાર લે, ને બોટાવાળા કહે કે જે નીકળે તે પોતે લે. એમ તકરાર

થતાં વાત એમની એમ રહી. એ બોટાવાલા એટલે શું ? એમનાં તો વહાણો ફરતાં અને ઠેઠ આફ્રિકા જતાં.'

આ બધા રાંદેરી વહોરા; રંગુનના વેપારી; મોટે ભાગે રંગુનમાં રહે; અહીં આવે જાય; વર્ષો પછી—એટલેકે ૧૯૧૮માં પી. વિઠ્ઠલ, પી. ગણુપત અને પી. શિવરામને લઈ તળપડેના ક્રિકેટ ટીમ રાંદેર મૅચ રમવા આવી ત્યારે મુ. બોટાવાલાને રમતાં જોઈ મારી છાતી ગજગજ ફૂલતી. રાંદેરની ગ્રાઉન્ડ એટલે લીલી સપાટ જાજમ. અને ત્યારે જગમશહૂર બોલર બ લુ પણ સાથે આવેલો. રાંદેર ટીમમાં બે જણા ખૂટતા હતા તેથી સરકારી હાઇસ્કૂલમાંથી બેને રમવા બોલાવેલા, તેમાં એક હું હતો. બાલુને જોઇને જ મારાં હાંજાં ગગડી ગએલાં તે મને બરાબર યાદ છે. આપણે તો ભમરડો ધુમાવેલો, પણ બોટાવાલાએ ૮૪ રનનો જે ફાળો આપેલો ત્યારના ફટકા હજી કાનમાં ગાજે છે. અલબત્ત, મુંબાઇવાળી ટીમમાં ગણપતને ૧૫૬ રન કરતાં જોઈને તો અમે છક્ક જ થઇ ગએલા!

એજ બોટાવાલાએ લગભગ એક દાયકા પછી મુંબાઇમાં બોલિંગ કરી તરખાટ મચાવેલો; ને એજ બોટાવાવાલાને વળી બે દાયકા પછી, એટલે કે '૪૭માં, એટલે કે મામાજી સાથે હું રાંદેર પહેલો ગયો ત્યાર પછી લગભગ પાંત્રીસેક વરસે, મુંબાઇ સી. સી આઇ. (ક્રિકેટ કલબ ઑાવ ઇન્ડિયા)માં એક દિવસ અનાયાસ મળી જતાં ખાતાં-પીતાં પૂછ્યું કે નદી ખોદીને સૂરતને બંદર કરવાની વાત હમારા મામાજી કહેતા તે ખરી કે? ત્યારે એમણે કહ્યું કે 'વાત અમે પણ સાંભળતા આવ્યા છીએ, પણ એના કશા ખત દસ્તાવેજો નથી.'

નદી કાંઠે આપણે કિલ્લો જોયો. ખુદાવંદખાને એ ૧૫૪૦માં બંધાવ્યો. એની પાસેનું કહેવાતું કિલ્લાનું મેદાન. એ મેદાન નદી તરફ આવતાં ત્યાં ત્રણ રસ્તા મળે: એક સીધો સ્ટેશનથી, બીજો વલંદા-વાડથી, અને વચલો સીધા કિલ્લાના દરવાજામાં જવાય એવો—તે અંબાજી ચકલે થઇ, પાણીની ભીંત ઓળંગી, સોની ફળિયામાં થઇ મેદાનમાં જાય. પણ મેદાનમાં આડી સરકારી હાઈસ્કૂલ બંધાઈ તે વચ્ચે નડે; નહિ તો સીધા કિલ્લામાં જ પહોંચી શકો.

આજે જ્યાં સરકારી નિશાળ છે ત્યાં જ કદાચ બાદશાહ અકબરના તંબૂ નંખાયા હશે. અહીં જ ટૅામસ રો પાલખીમાં ફર્યોહર્યો હશે. અહીં જ નવાબોએ જલસા જમાવ્યા હશે. સખાવતી જીવડા સર જમશેદજીએ આપેલા પૈસામાંથી બંધાએલી સરકારી હાઇસ્કૂલમાં બાલાજીનો ટેકરો છોડી, અમે ચોથા ધોરણમાં દાખલ થયા. મકાનના કોઈ પણ વર્ગમાંથી નદી તરફ નજર કરો તો કિલ્લો દેખાય જ.

અહીં શરૂઆતમાં જરા ક્ષોભ થયો, પણ પછી મજા પડી. 'નામ ચંદા મધુર મારું પાડિયું મુજ માડીએ.' એ નરસિંરાવના 'ચંદા' કાવ્યની લીટી અહીં જ પહેલીવહેલી સ્મરણમાં જડાઇ. કવિતાનો અનાયાસ રસ ચાખવા અહીં જ મળ્યો. સી. જે. શાહ કરીને એક માસ્તર ખૂબ ઘાંટા પાડી 'કુસુમમાળા'નાં કાવ્યો શીખવતા એમાં એણે પહેલી કવિતા એ જ 'ચંદા'ની ગોખાવી:

'શાંત શીતળ વરસીને સુખમાં સુવાડું રાત્રિએ,
જે નદી તરુવર અદ્રિ સરવર દિવસ તપિયા તેમને.'

મને એ ખૂબ ગમી. હરિગીત છંદ મનમાં રમી ગયો. પછી તો 'કુસુમમાળા'ની ઘણી કવિતાઓ શીખ્યા. જાણે મન ભાવ્યું ભણવાનું મળ્યું હોય એવો લ્હાવો પહેલી વાર અહીં થયો. હજી યાદ છે:

'આશા પંખીડું મેં તો પૂર્યું કનકમય પાંજરે'.

નરસિંહરાવ કોણ, ક્યાં રહેતા, એ બધું જાણે મારી બલા. કોઇ અમને તે શીખવાડે પણ નહિ. કવિતા ગોખો. પછી એનો પ્રોઝ ઑર્ડર અને અર્થ. બસ.

ગદ્ય વિભાગમાં નંદશંકરનો કરણ ઘેલો. એમાં, 'અરુણે સોનાની ચાવી વડે પૂર્વના દરવાજા ઉઘાડ્યા.' એ વાક્ય સોંસરું યાદ છે. ઘેર બેઠાં આખો કરણ ઘેલો વારંવાર વાંચી જઇએ. પણ મારા ઘરથી પાંચ જ મિનિટને છેટે નંદશંકર રહેતા, એનું જ્ઞાન ત્યારે અમને નહોતું.

પાંચ વરસ આ હાઈસ્કૂલમાં ઇતિહાસ ભણતાં અમે દર સાલ 'અકબરનું રાજ્ય' ગોખી ગયા હતા; 'ઔરંગઝેબ અને અકબરને સરખાવો: કમ્પેર', એવાએવા સવાલો ઈતિહાસમાં પૂછાતા; પણ કોઇએ એકે દિવસ એમ નહિ કહેલું કે અહીં જ બાદશાહ અકબર, આ સામેનો જ કિલ્લો જીતવા આવ્યો હતો, ને પણે—પેલા લકડી પૂલ પાસેથી જ ઔરંગઝેબ હજ કરવા ઊપડ્યો હતો. પહેલો દરિયો ઔરંગઝેબે સૂરત આગળ જોયો!

ફિફ્થમાં દરૂ માસ્તર ગુજરાતી શીખવતા, એટલે ત્યાં પણ મઝા પડી. એ જાતે કદી કદી કવિતા લખી નાખતા, અને 'રેક ઑાફ ધ હેસ્પરસ'નો કવિતામાં તરજૂમો કરે એને માટે ઇનામ પણ જાહેર કર્યું હતું. મારા મનમાં 'ચંદા'નો હરિગીત રમતો હતો, એટલે—

'હેસ્પરસ નામે નાવને નાવિક એક હંકારતો,
ઉદધિ ઘણો ઉછાંછળો, વાયુ ઘણો વાતો હતો.'

એમ આપણે ચાર દિવસમાં કવિતા લખી લઈ ગયા, ને દરૂ માસ્તરે પોતાની ગાંઠના પાંચ રૂપિયા ઇનામમાં મને આપ્યા! આજે તો એ હરિગીત ને એ તરજૂમો જોઈ હસવું જ આવે; પણ દરૂ માસ્તરની પીઠથાબડ હું કદી ભૂલી નહિ શકું. કમનસીબે એ માસ્તર બહુ ન જીવ્યા.

દાખલાની મ્હોકાણ તો ચાલુ જ હતી. હવે તો વળી મારા બેટા અંગ્રેજીમાં ખેલ લઈ આવ્યા. તેમાં લુચ્ચા વેપારીઓ એક ભાવે ચા લે, બીજે ભાવે વેચે, ને વચ્ચે હલકા ભાવની ડસ્ટ ભેળવે; અને એના હિસાબ અમારે કરવાના! ચોટ્ટા દલાલો ખોટી દલાલી કરે. મરઘાં બતકાંના વેપારીઓ પણ એમાં આવે. તોબા! એ ભૂત વળગેલું જ રહ્યું. એણે બહુ લોહી પીધું. તબિયત બગાડી મૂકી!

લગ્નસરામાં વળી બીજી જ રંગત રહેતી. જરા વાજાંનો અવાજ સંભળાતો કે ઘરને માળેથી ધડધડધડ દાદર નીચે! એકે ભુસકે ઓટલા બહાર, અને માર ગબરડી તે સડસડાટ ખપાટીએ ચકલે!



મારે ત્રણ માશી. તેમાંથી જે જુએ તે બૂમ પાડે: 'મૂઆ પાઘડી પીટ્યા! મૂઆ ડાઘા બગલા!' કરીને જાતજાતની ગાળો દે. પણ એ ચાલુ રહે ત્યારે બંદા તો ચકલે ઢોલનગારાં ભેગા પહોંચી ગયા હોય. એટલું જ નહિ પણ જો વરઘોડો થોડો આગળ નીકળી ગયો હોય તો તે જોવા ચાલતે વરઘોડે દોડી, અમે સૌથી આગળ પહોંચી જઇ તેના ઓટલા પર ઊભા થઇ જઇએ

ગે ક્યા બાત!

અરે વાહ ભાઇ વાહ. છન્નુમિયાં! ધોળી દાઢીવાળા, માથે આગ્રાશાહી સફેદ બાંકી ફુલકા ટોપી પહેરી, લખનૌશાહી પહેરણ લગાવી, ગળે ફુમતેદાર દોરીથી ત્રાસું લટકાવી, છન્નુમિયાં શું નગારું વગાડે! અને પછી લાલ કપડાંનાં પાઘોટાં પહેરી છડીદાર ચાલે. પણ એ તો

પૂતળાં જેવા. ભાડાનાં કપડાં અને ફેંટાના આઠ છ આના મળે, એટલા માટે. પણ પછી આવે ઉસ્તાદ. તે ઝૂલતો, થનગનતો, ચાલાકીથી વાઘની માફક ફલાંગો ભરતો, જાણે સાગરમાં તરતો હોય તેમ પહોળા હાથ કરી હવામાં વમળો બનાવતો, ચાલતો. એના એક હાથમાં કદી કદી કટારી રહેતી. એ વડે અદાઓ કરતો, કુસ્તીના દાવ બતાવતો, સંગીતના તાલે થોડું નાચતો, પણ મોટે ભાગે તો વાઘની ચાલે જ ચાલતો. એની આસપાસ આઘેથી નાનાં છોકરાંઓનું ટોળું ચાલતું. એને ચાલતો જોવાની ખૂબ મઝા પડતી.

અને પછી આવે કાબરચીતરા વેશમાં વાજું. એકાદ તર્જ વગાડતા તે ચાલે, કે પાછળ બગીમાં સાંબેલું આવે. પહેલું સાંબેલું તો એવું જ હોય: ચાર પાંચ વરસની નાની છોકરી હોય, ને મોટે ભાગે તો ઊંઘી જ ગઈ હોય. એવા ત્રીસ ચાળીસ સાંબેલાંના વરઘોડા જોયા છે. આ સાંબેલાં કાઢવા માટે જ નાનાં છોકરા-છોકરીના વિવાહ એ લગનસરામાં કરી નાખે, અને વિવાહ નક્કી થાય કે તરત સાંબેલે ચઢે. છોકરાનો ઠાઠ ગાયકવાડી યા રજપૂત જેવો હોય. કસનો સફેદ અંગરખો અને સાટીનનો પીળો યા લાલ પાયજામો; કેડે મખમલનો પટ્ટો અને માથે બફ, ગુલાબી યા ભૂરા રંગનો સાફો. સાફામાં વચ્ચે કલગી ઝૂલે અને કલગી પર હીરો ઝળકે! ઝવેરાતના વેપારીઓને ઘરેણાંનું તો પૂછવું જ શું? એમાં પંદર સત્તર વરસની કન્યા ને વીસેક વરસનો કિશોર હોય ત્યારે વહુવર તો એવું ફાંકડું લાગે! મોતીની સેરોથી બંનેને ભરચક કરી દે. કમ્મરપટ્ટે મોતી. કન્યાનો આખો અંબોડો મોતીની સેરોથી ગૂંથી દે. જેટલી લટ તેટલી સેર! નાગપાશનો અંબોડો વાળ્યો હોય અને એ ઉપર મોતીની સેર ગૂંથી હોય. કપાળે દામણી ને છેડે ખાસ્સો હીરો લટકતો હોય. ગળું તો દેખાય જ નહિ. કન્યા ગોરી હોય તો ગળે મોતીનો છેડો પારખવો પણ મુશ્કેલ થઇ પડે. પછી સાડી અને ચોળી ભભકાની તો કોઈ વાત જ નહિ. સાડી પર પણ ચાંદી સોનાની ઝીક ટીકી તો હોય જ.

કોઈ બગીમાં એકલો છોકરો કે છુટ્ટા ઊડતા વાળની પરી જેવી શણગારેલી છોકરી પણ બેઠેલી હોય. એવી કોઇ બગીને વળી ઘોડા ને બદલે નાના ગેળિયા પણ લગાડેલા હોય. એક વાર તો એક નાની ડૉક્કાર્ટમાં સાંબેલું બેસાડી સરસ બકરી જોડી હતી! અને બકરી માટે ઘોડા જેવું જ જીનસ્તાન કરાવ્યું હતું.

એવો અરધો માઈલ લાંબો વરઘોડો ચાલતો. વહુવરનો વરઘોડો હોય તો મોટે ભાગે છેવટે વહુવર હાથી પર બેસતાં, ને તે હાથીનો વરઘોડો કહેવાતો. પણ કેટલીક વાર તો વરઘોડો વર વિનાનો જ હોય, ને છેવટે ચાંદીના રથમાં જૈન ગોરજી નીકળે. આવા ધર્મના વરઘોડામાં સાંબેલાની જગ્યા માટે ભારે રસાકસી થતી.

સાંબેલાં પૂરાં થતાં છેવટે વહુવરની આગળ ઓસવાળ જૈનનું સાજન ચાલતું. શો એ ઝવેરીઓની પાઘડીઓનો ને એમના દુપટ્ટાઓનો ભપકો! અને એ સાજનમાજનની આગળનું બૅન્ડ કાં તો રજાકનું હોય યા મિયાંનું હોય. ચાળીસ વાજાંની ટોળી એક સાથે વાજાં વગાડતી હોય ત્યારે કેવી રંગત મચતી હશે એનો ખ્યાલ કરો.

રજાક ને મિયાં અસલ તો બંને એક જ ટોળીના વાજાંવાળા, પણ પછી બેઓ છુટ્ટા થઈ પોતપોતાનું બૅન્ડ જમાવેલું. સુરતમાં બે મોટા પક્ષો: એક રજાકનો વખાણનારો, ને બીજો મિયાં પર આફરીન. અને તે એની ચર્ચામાં જીભાજોડીથી મારામારી સુધી ઊતરી પડતા!

આ હોંસાતોંસી ઘણાં વરસો ચાલી. શહેરમાંના માલેતુજાર વર્ગમાં બે મોટા ભાગલા, ને એને લઈને બંને વાજાંવાળાઓના ભાવ પ્રીમિયમ પર! સીઝનમાં તો પૂછવું જ નહિ. બોલતાં જ ચૂક્યા. એક સાંજના એ દિવસોમાં પાંચસો સાતસો પડાતા મેં જાણ્યા છે. અને લગનસરા સારી ચાલતી હોય, અને એક સારી તિથિએ ઘણાં લગ્નો ઊભરાતાં હોય તો રજાક-મિયાં કલાક પ્રમાણે ટાઇમ ટુ ટાઈમ પૈસા લેતા. એટલે મગનભાઈને ત્યાંનો વરઘોડો સાડા છએ ઉતારી પોણા સાતે સીતબાળાનો વરઘોડો કાઢે; અને તેમાં અરધો કલાક જ ચાલી, બીજે પણ જતો રહે. જેવી બોલી. એટલે ઘણી વાર તો લગ્નનાં મુહૂર્તનો આધાર બ્રાહ્મણો પર નહિ પણ રજાક-મિયાંની સગવડ પર રહેતો! ત્યારે લગ્ન કરતાં નોકની કિંમત વધારે ગણાતી.

રજાક બૅન્ડની ખ્યાતિ તો સૂરત બહાર પણ ઘણાએ જાણી હશે, તેમ એની રેકૉર્ડ પણ સાંભળી હશે. ગુજરાતનાં રાજરજવાડાંમાં તો ઠીકઠીક માનીતો થઈ ગયો હતો. મૂળ વાત એમ હતી કે એ રજાકનો રૂઆબ ભારી હતો. ત્યારે મિયાં જાતે મોટો કારીગર હતો, કાબેલ વગાડનાર હતો. પીપી તો એ મિયાંના ભાઇ આમદની જ. સંગીતના જાણકારો મિયાંનું વાજું પસંદ કરતા. જમણવાર પ્રસંગે પાટે વગાડવા બોલાવતા ત્યારે આમદ પાસે પાવો ખાસ વગડાવતા.

મિયાંને મેં ઘણી વાર પાવો વગાડતો સાંભળ્યો છે. તરજ હો, નાટકની ચીજ હો કે રાગરાગણી હો, મિયાં જો ચરસે ચઢ્યા અને શોખથી વગાડવા બેઠા તો પછી તમે બેઠા જ છો. સમય સમયનું કામ કરે. મિયાંની આંગળીઓ તમારું દિલ હચમચાવી મૂકે.

ઘરથી નિશાળ ને નિશાળથી ઘર એ જ સીધો રસ્તો: અંબાજી ચકલો, ખપાટિયો ચકલો, પાણીની ભીંત, સોની ફળિયું, કિલ્લો. હાયકા પછી મારો વરઘોડો પણ એ જ રસ્તે નીકળ્યો હતો. વાજાંમાં એ જ રજાકને અમે પકડ્યો હતો. સાઠ માણસની ટોળી સાથે એ આવ્યો હતો. વરઘોડામાં ઘોડો નહોતો: હું વળી ચાલતો પરણવા નીકળ્યો હતો. ત્યારે એ 'ફૅસીન' ચાલતી હતી. એ જ આ રસ્તો.

અને અઠ્ઠાવીસની સાલમાં બારડોલીનો જંગ જીતી આવેલા સરદાર વલ્લભભાઇનું સુરતે સ્વાગત કર્યું ત્યારે સરઘસમાં સરદારની ગાડી પર, પાછળ ડાહ્યાભાઇ દેસાઈ અને હું ચડીને ઊભા હતા, ને હારતોરાની માવજત કરતા હતા ત્યારે પણ આ જ રસ્તે. પાણીની ભીંત છોડી સોની ફળિયામાં સરદારને સોનાચાંદીને ફૂલે વધાવેલા. એ પુષ્પવૃષ્ટિમાં થોડાં ફૂલ અમ છડીદારો ઉપર પણ પડ્યાં. એમાંના બે ફૂલ હજી મેં કોઈ ઠેકાણે સંઘરી રાખ્યાં છે. એ પણ આ જ રસ્તો.

કહો તો આ રસ્તા ઉપર એક નવલકથા લખી આપું. એકાદ સૉનેટ તો પતે જ નહિ. દરેક ઘર, એની બાંધણી, એનો ઘાટ, એનો ઊડી ગએલો રંગ અને એની સૂરતથી કંઈ ને કંઈ કથા કહી દેતું. કેટલેક ઓટલે તો કંઈક વાતો ગૂંથાએલી છે, કંઇક રોમાંચ ચીતરાયા છે. ઘણી વાર રસ્તો અને ઓટલો બંને વાતે વળગતા રાતના કલાકો પસાર થઇ જતા. એ રસ્તા પર કંઇક રંગો ઝળક્યા છે, કંઇક મસ્તાની ચાલે અંગમરોડના બુટ્ટા ઉપજાવ્યા છે, કંઇક વિખવાદો ઊભા થયા છે, કંઈક ટંટાફિસાદ મચ્યા છે, કંઇક કાળનાં પાણી વહ્યાં છે. એ જ સીધો રસ્તો; એ સીધે સીધી પોતાની જ આત્મકથા કહે તો?

શ્રી રમણલાલ સોનીને અનુવાદના હક

જાણીતા બંગાળી લેખક ડૉ. નરેશચન્દ્ર સેનગુપ્તા, એમ.એ., ડી.એલ. ની રચેલી કૃતિઓ (ગળયેર બિયે, તરુણી ભાર્યા, ત્રિપ્તી અને શેષ પથ)ના ગુજરાતી અનુવાદો કરવાનો અધિકાર, સેનગુપ્તા ટ્રસ્ટ તરફથી જાણીતા ગુજરાતી લેખક શ્રી રમણલાલ પી. સોનીને આપવામાં આવ્યો છે; અને તેઓ જ્યાં સુધી અનુવાદ કરવાને તૈયાર હશે ત્યાં સુધી શ્રી નરેશ બાબુના બીજા ગ્રંથો પણ અનુવાદ કરવાની બીજા કોઈને અનુમતિ આપવામાં નહિ આવે. મજકુર ટ્રસ્ટની સાધિકાર મંજૂરી મળ્યા વિના કોઈએ આ હકનું ઉલ્લંઘન કરવાનું નથી.

નક્કી કરેલા ધ્યેયને ખાતર ખતમ થઈ જવાની તમન્ના શીખવતી
અને જાનફેસાનીનું પહેલું પગથિયું ચડાવતી રમત

ધ્વજયુદ્ધ

લેખક - વાસુદેવ ભટ્ટ

હુતુતુ, ખોખો, વોલીબૉલ કે ગિલ્લીદંડાની રમતો તો અટપટા નિયમોવાળી છે. કોઇ પહેલી જ વાર રમવા આવે તો તેણે શરૂઆતમાં ધ્યાન રાખી બરાબર સમજવાનો પ્રયત્ન કરવો પડે; નહિતર એ મુંઝાઇ જાય. પણ ધ્વજયુદ્ધ! અરે, કોઇ રસ્તે જનારને પણ મેદાનમાં ખેંચી આણો ને! માત્ર એક જ વાત તેને સમજાવો અને ધડાક દઇને તે રમવાનું શરૂ કરી શકે. અલબત્ત, આ રમતને પણ બીજી રમતો માફક નિયમબદ્ધ કરવામાં આવી છે. પણ એ નિયમબદ્ધ સ્વરૂપની ખાસ જરૂર પડતી ન હોઈ અહીં એ રજૂ કરવાની જરૂર નથી.

રમત તદ્દન સીધી-સાદી છે. રમનારાની બે ટુકડી પડે. દરેક ટુકડીમાં રમનારાની સંખ્યા જેમ મોટી તેમ વધારે મઝા પડે. દરેક ટુકડીમાં ઓછામાં ઓછા બાર-પંદર ભિલ્લુઓ તો જોઇએ જ; નહિતર રમત જામે નહિ. ચાળીસ-પચાસ—અરે, સો કે બસો ભિલ્લુઓ પણ રાખી શકાય. અને જો રમનારા પ્રાણવાન હોય તો તો રમત એવી જામે કે જોનારાને પણ શૂરાતન ચડી જાય.

મેદાન પણ રમનારાની સંખ્યાને માફક આવે એવું જ જોઇએ. દરેક ટુકડીમાં પંદર-વીસ રમનારા હોય તો આશરે ૧૦૦×૧૦૦ ફૂટનું મેદાન જોઇએ. નાનું-મોટું હોય તો યે ચાલે. હવે એ મેદાન પર બન્ને બાજુ એક એક ટુકડી ચાલી જાય. બન્ને ટુકડી પાસે એક એક ધ્વજ હોય. ધ્વજ એટલે વાવટો જ, એવું નથી. કપડાનો વાવટો તો આમાં ફાટી જ જાય. એટલે ધ્વજને બદલે ધ્વજદંડ—એટલેકે લાકડીના દંડા, આખાં કે તૂટેલાં મગદળ, કે એવી જ કોઈ વસ્તુ ધ્વજનું સ્થાન લઈ શકે.

બંને ટુકડીનું ધ્યેય માત્ર એક જ. કોઈપણ હિસાબે પોતાના ધ્વજનું રક્ષણ કરવું અને સામા પક્ષના ધ્વજને પોતાને ત્યાં ઉઠાવી લાવવો. આ ધ્યેયને બર લાવવા ગમે તે કરો: પેંતરા રચો, વ્યૂહ ગોઠવો, તૂટી પડો, હલ્લો કરો, મારંમારી કરો, બાખડો, કોઇને પકડો, કોઇને ગબડાવો, કોઈની છાતી ઉપર ચડી બેસો, કોઇને દૂર રાખો:—તમે તે કરો, પણ સામી ટુકડીનો વાવટો ઉઠાવી લાવો!

'જંગલી! બિલકુલ જંગલી!' તમે કહેશો: 'મારંમારી કરવી? છાતી પર ચડી બેસવું! આજના સુસંસ્કૃત જમાનામાં આવી વાત કરો છો?'

'હા, ભાઈ, હા. જંગલી કહો તો જંગલી. એમાં તો શરીરે ઉઝરડા જ નહિ, પરંતુ ઘા પણ પડે છે. શરીર માટીમાં માત્ર રગદોળાતું જ નથી, પરંતુ લોહીલુહાણ પણ થાય છે.'


તમે ઇંગ્લંડની 'રગ્બી ફૂટબૉલ' નામની રમતનું નામ સાંભળ્યું હશે. એ રગ્બી ફૂટબૉલ, કે આ ધ્વજયુદ્ધ, કે એવી કક્ષાની રમતો જ ખરી મર્દાનગીની રમતો છે. જરા વિચાર કરી જુઓ. આખી ટુકડીનો વાવટો ઉઠાવી લાવવાનો છે અને પોતાનો વાવટો જવા દેવાનો નથી. આ ટુકડીમાં જેટલા ભિલ્લુ છે એટલા જ સામી ટુકડીમાં છે. ગંભીર નુકસાન ન થાય એવી જાતની બાથંબાથીની અને 'તોફાન'-ની છૂટ છે. આ બધાંનો ખ્યાલ કરીને વિચારો કે એ રમનારાઓ શું શું કરશે? પોતાની બુદ્ધિને ક્યાંથી ક્યાં દોડાવશે? પોતાના જ્ઞાનતંતુઓને કેટલા સતેજ રાખશે ને સ્નાયુઓને કેટલા ક્રિયાશીલ કરશે? અને કેટકેટલી યુક્તિ-પ્રયુક્તિઓ અજમાવશે?

યુક્તિ-પ્રયુક્તિઓ? હુતુતુ, ખોખો કે બાસ્કેટ બૉલની રમતમાં નિયમો ખૂબ છે અને પ્રયુક્તિઓ મર્યાદિત છે; જ્યારે આ રમતમાં નિયમો નહિવત્ છે અને પ્રયુક્તિઓ સર્વંવત્ છે. જુઓ, આ મેદાન ઉપર, વચ્ચે વ્યાયામ-શિક્ષક ઊભા છે. એ જ શિક્ષક અને એ જ પંચ! તેમણે બે ટુકડીઓને એક એક દંડો આપ્યો છે. ટુકડીએ એ દંડાને પોતાનો ધ્વજ માની મેદાનના બંને છેડા તરફ જવા ઊપડી છે.

ટુકડીને પણ પોતાનું મગજ હોય છે, જ્ઞાનતંતુઓ હોય છે, સ્નાયુઓ હોય છે. સ્નાયુઓ જેવા કેટલાક ભિલ્લુઓ વાવટો લઈ દોડતા પહોંચી ગયા છે; અને નાયકનો હુકમ મળે કે તરત જ દંગલ કરવા તૈયાર થઈ ગયા છે. જ્ઞાનતંતુ જેવા ભિલ્લુઓ ચારે બાજુ નજર ફેરવી રહ્યા છે, આવતા યુદ્ધની ગંધ સૂંઘી રહ્યા છે અને તેના ભાવિ આનંદથી પુલકિત થવા લાગ્યા છે; જ્યારે મગજ જેવા ભિલ્લુઓ ટુકડીના નાયકની સાથે મળી કાંઈક ગુસપુસ કરી રહ્યા છે, સામી ટુકડીના ભિલ્લુઓને ગણતરીમાં લઇ રહ્યા છે અને હાથ લંબાવ્યા વિના નજરથી મેદાન માપી રહ્યા છે. તેમનાં મોં પરની ગંભીરતા તો જુઓ! જાણે કે બીજા વિશ્વયુદ્ધના સૂત્રધારો તેઓ જ ન હોય!

છેવટે તેમણે કાંઇક નિર્ણય કરી લીધો. જ્ઞાનતંતુઓ અને સ્નાયુઓને તેમનું કામ સોંપી દીધું અને હવે મેદાન ઉપર એક પ્રકારની વ્યવસ્થા કરવા લાગ્યા છે.

શિક્ષકે લાંબી સિસોટી વગાડી, ને બૂમ પાડી: 'ચાલો, તૈયા...ર!' અને એ અવાજે બન્ને બાજુની ટુકડી પર જાદુઇ અસર કરી. જાણે આનંદભર્યું ચેતન, પોતાના ખભા પર શૂરાતનને બેસાડી, દરેક ખેલાડીને ટપલી મારી આવ્યું! ખેલાડીઓમાં ઝણઝણાટ વ્યાપી ગયો, એકવાર સળવળાટ કરી, યોગ્ય સ્થાને ગોઠવાઈ, સૌ સ્થિર થઇ ગયા.



આ નકશામાં ડાબી બાજુ જુઓ. સૌથી પાછળ, બાવળની ગાંઠ જેવો લઠ્ઠો, હાથમાં ધ્વજ લઈ, હાથ ઊંચો લંબાવી, જાણે કે પ્રતિસ્પર્ધીઓને પડકાર કરતો ઊભો છે. તેની આજુબાજુ ચાર-પાંચ જણા, એક નાનો સરખો કિલ્લો રચ્યો હોય તેમ, તેનું રક્ષણ કરવા ગોઠવાઇ ગયા છે. તેનાથી આગળ દસબાર જણાએ એક કતાર બનાવીને લગભગ આખો રસ્તો રોકી દીધો છે. આપણે અનુમાન કરીએ કે તેઓ કદાચ હલ્લો ખાળનારને રક્ષણ કરનારા હશે. પણ આખી કતારમાં અમુક ચોક્કસ જ જગ્યાએ બે ગાબડાં પાડેલાં છે, એટલે જરા શંકા ઊપજે છે. તેનાથી આગળ આઠેક જણા ચાર ચારની બે ટુકડી પાડી મધ્યમેદાને ઊભા છે. તેમની આગળ એ

ટુકડીનો નાયક છે. અનુમાન કરીએ કે નાયક ને તેની પાછળના આઠ જણા હલ્લો લઈ જવા આગળ ઊભા હશે.

હવે આ તરફ જુઓ : એ નાયકની સામે જ જમણી બાજુનો નાયક ઊભો છે. તેની પાછળ ચાર જણ અને પાછા તેની પાછળ બીજા છએક જણ ઊભા છે. આગળના ચાર તો હલ્લો કરનારા લાગે છે, પણ તેની પાછળના છ જણ શાને માટે? શું બે હપ્તે હલ્લો કરવાનો વિચાર રાખ્યો હશે ? અને તેની પાછળ બીજા છ જણ ત્રણત્રણની ટુકડીમાં બે બાજુ ઊભા છે, એ 'વિન્ગ' શું કામ ઊભી કરી હશે ? બાજુ પરથી હલ્લો કરવા? કે બાજુ પરથી આવતો હલ્લો રોકવા? તેમની પાછળ વચલા ભાગમાં વળી ચાર જણ ઊભા છે. મોટે ભાગે તો તેઓ બચાવ કરનારા જ હોવા જોઇએ. અને તેમની પાછળ તો, જરૂર ધ્વજરક્ષકો અને તેમની વચમાં ધ્વજધારક છે.

ટુકડીઓ કેવી ગોઠવાઈ ગઈ છે ! અને તેમાં નાના અને મોટા, જાડા ને પાતળા, કસાએલા અને નાજુક, ગંડાએલા અને ફોદા જેવા, એમ જાતજાતના ભિલ્લુઓ પોતપોતાની ટુકડીના નાયકની સૂચના પ્રમાણે ચોક્કસ સ્થાને ગોઠવાઈ ગયા છે. બધાનાં મોં પર જાણે તોફાન પહેલાંની શાંતિ છે !


ને તોફાનના પહેલા વીજચમકારા જેવો શિક્ષકનો હુકમ ગાજ્યો: 'નમ.....સ્તે! એક, દો, તીન!' બન્ને નાયકોએ પરસ્પર સલામી આપી અને બરાબર એ જ વખતે બ્યુગલે એક એવો તો નાદ શરૂ કર્યો! જાણે વીજચમકાર પછીની ભીષણ મેઘગર્જના! અને પછી? પછી તો સર્વતોમુખી તોફાનનો ઝંઝા શરૂ થઈ ગયો. બ્યૂગલે જાણે સૌના સ્નાયુઓને શરીરની બહાર ફેંકી દીધા અને બંને ટુકડીઓ વચ્ચે મચેલી ધમાચકડીમાં તાલ પુરાવતા 'લગાવ! હટાવ! ચલાવ! આને દો ! ચલ હટ !' ના શૌર્યભર્યા હાકોટાથી મેદાન ગાજી રહ્યું.

મેદાન ઉપર જુઓ: જમણી બાજુના નાયકે નમસ્તે પતાવ્યા પછી સીધી જ દોટ મૂકી છે. તેની સામે ઊભેલા નાયકની એક બાજુ પર નીકળી, સામી ટુકડીના ધ્વજને પોતાનું લક્ષ્ય બનાવી તીરની માફક તે છૂટયો છે. તે અને તેની પાછળ ગોઠવાયા હતા તે ચારે જણ તેની પાછળ તેને પગલે પગલે જ દોડ્યા છે. તેમના ઘેરા હાકોટા, સજ્જડ મુખમુદ્રા, વીંઝાતા હાથ અને વેગીલી ગતિએ બધાંએ ભેગાં મળી તેમને એવું તો સ્વરૂપ આપ્યું છે કે જાણે કેસરિયાં કરી નીકળી પડેલા યોદ્ધાઓ ! અને તેની અસર પણ એવી જ થઇ. સામી ટુકડીનો નાયક ચેત્યો. તેને આ બાબત જરા ગંભીર લાગી. તેણે જરા પાછું ફરીને જોયું. એટલામાં તો પેલા મરણિયા જવાનો પોણા મેદાને પહોંચી ગયા હતા, અને પોતાની ટુકડીના રક્ષણ કરનાર વિભાગના પાંચ પૈકી બેત્રણને ભોંય ભેગા કરતા ગયા હતા. બેએક જણ ગભરાઇ ગયા હતા. આથી નાયકે પોતાના હલ્લો કરનારા જવાનોમાંથી હિંમત અને અક્કલવાળા બે જણાને પેલા મરણિયાઓની પાછળ જવા અને તેમને કાબૂમાં લેવાની વ્યવસ્થા કરવા ગર્જનાભર્યો હુકમ કર્યો. અને પછી બીજો લાંબો વિચાર કર્યા વિના બાકીના છ હલ્લો કરનારાને લઈ પોતાના સમર્પિંમંડળ સાથે, ત્રાડ પાડી, સામી ટુકડીને પોતાનું પાણી દેખાડવા દોટ મૂકી.

ત્રણચાર સેકન્ડ આ બધી વ્યવસ્થામાં વીતાવી ડાબી બાજુના નાયકે જેવો હલ્લો શરૂ કર્યો તેની સાથે જ તેને બીજી મુશ્કેલી નડી. જમણી બાજુના નાયકે તથા તેના ચાર સાથીદારોએ જે વિજયી હલ્લો કર્યો હતો તેવો જ વિજયી હલ્લો, તેની પાછળ, તેના બીજા છ સાથીદારોએ પણ કર્યો. ડાબી બાજુના ધસ્યે આવતા નાયક અને તેના સાથીદારોમાં ભંગાણ પાડનો એક હલ્લો કરી, તેમની સાથે બાથંબાથી કરવાની જરાપણ તૈયારી દેખાડ્યા વિના, તેઓ પણ સામા ધ્વજની દિશામાં તીરની માફક ઊડ્યા.

'ના ના; આના કરતાં તો ખોખોની રમત ઘણી સારી: ગમે તે એક જગ્યાયે બેઠાંબેઠાં આપણે દાવ લેનાર પર નજર રાખીએ એટલે આખી રમત દેખાય ! હુતુતુ અને લંગડીમાં પણ એવું જ. ગજગ્રાહમાં પણ દોરડા પર નજર રાખીએ એટલે આખી રમત કઈ દિશામાં ગતિ કરી રહી છે તે તરત જ જણાય. પણ આ રમતમાં રમનારાઓને મુશ્કેલીઓ નડતી હોય કે નહિ, પણ આપણને તો મુશ્કેલી નડી જ રહી છે. ક્યાં જોવું? જમણી બાજુના નાયકે પહેલો હલ્લો કર્યો તે જોવું? કે ડાબી તરફના નાયકે પ્રયત્ન કર્યો તે જોવું? કે પછી જમણી ટુકડીના બીજા વિભાગે બીજો હલ્લો કર્યો તે જોવું? –અને દરેકને વારાફરતી પણ કેવી રીતે જોવા? એકને જોઇએ ત્યાં-સુધી બાકીની રમત કાંઇ સ્થિર ઓછી રહેવાની હતી? ખરી મુશ્કેલી "

'શું ખરી મુશ્કેલી! ખરી મુશ્કેલી તો નડી છે ડાબી બાજુની ટુકડી-ને. જુઓ, જમણા નાયકે જે વીજળિક શક્તિનો પરચો દેખાડ્યો તે તેમને ભારે પડ્યો છે. ડાબા નાયકે મોકલેલા પેલા બે જણાએ આખી બચાવ હરોળના બધા જ ભિલ્લુઓને કામે લગાડ્યા. બંને બાજુ અનામત દળ ગોઠવેલ તેમને તથા ભોંય ભેગા થઇ પડેલા બધા જ ભિલ્લુઓને પેલા મરણિયા યોદ્ધાઓને ધ્વજ પર જતા રોકવા દોડા-વ્યા. અત્યારે જે પરિસ્થિતિ છે તેનું ચિત્ર બરાબર જોઈ લ્યો:




ડાબી બાજુનો ધ્વજધારક અચળ ઊભો છે. તેની આંખો અને મુખમુદ્રા કહી આપે છે કે જરાપણ ભય તો બાજુ રહ્યાં, પણ નવું શૂરાતન ને નિશ્ચલ આત્મવિશ્વાસ તેનામાં અત્યારે ભારોભાર ભર્યાં છે. તેની આગળ ગોઠવાએલા પાંચ ધ્વજરક્ષકો પેલા મરણિયાઓ-નો સામનો કરવા આગળ વધ્યા છે. બરાબર તેમની સામે વિકરાળ વાઘ જેવા પેલા પાંચ મરણિયા જૂથની વચ્ચે અટવાતા અને બાકીના બીજા બધા તેમની પાછળ, તેમને રોકવા આવી રહ્યા છે. ને બરાબર તેમની પાછળ બીજો હલ્લો કરનારા છ જણા આવી લાગ્યા છે.

હવે, જમણી બાજુ જુઓ. ડાબી બાજુવાળું સમર્પિં મંડળ આગળ વધ્યું છે અને તેમનો સામનો કરવા બચાવહરોળ તેમને ત્રણ બાજુથી આવરી લેવા ધસી રહી છે. બાકી ખાસ ધ્યાન ખેંચે તેવી પરિસ્થિતિ ત્યાં હજી ઊભી નથી થઈ. ખરેખરી આકર્ષક રમત તો ડાબી બાજુના મેદાનમાં જ જામશે એમ લાગે છે.

આપણે આ પરિસ્થિતિ જોવામાં હજી તો થોડીક જ સેકન્ડો વીતાવી છે, પણ એટલામાં તો ડાબો મોરચો બરાબર જામી ગયો છે. પહેલા પાંચ મરણિયા આક્રમણકારો પર આગળ અને પાછળથી બરાબર હલ્લો થયો, અને એ બચાવાત્મક હલ્લાએ તેમને ત્યાં જ

અટકાવી દીધા. માત્ર અટકાવ્યા નહિ, તેમની સાથે બાથંબાથી શરૂ કરી દીધી. બીજો હલ્લો કરનારા, શરૂઆતમાં તો, પેલા બચાવ કરનારા અનામત દળની પાછળપાછળ ધસી આવ્યા; પણ અનામત દળ તરત ચેત્યું. તેમણે આગળ દોડવાનું બંધ કરી પાછળથી આવતી આ બીજી ટોળીને રોકવા તૈયારી કરી. હલ્લો કરનારી એ ટોળી પણ ચેતી; અને પાણીના પ્રવાહની વચમાં એક પથરો મૂકો તો એ જેમ બીજો ઢોળાવ શોધી લે છે, તેમ એ બીજી આક્રમક ટોળીએ પોતાની ડાબી બાજુ વળાંક લીધો; કેમકે તેમણે જોયું કે એ બાજુથી ધ્વજને પહોંચવામાં ઓછી મુશ્કેલી નડશે. પણ સામેનું અનામત બચાવ-દળ તેમને એમ સહેલાઇથી ધ્વજ સુધી પહોંચવા દે તેમ નહોતું. એ દળના કેટલાક પઠ્ઠાઓએ એમાંના થોડાકને મારી હઠાવ્યા; તો વળી હલ્લો કરનારા કેટલાક લઠ્ઠાઓ અનામત દળના થોડાકને ફેંકી-ગબડાવી છેક ધ્વજની લગોલગ પહોંચવા આવ્યા.

અરે! આપણે તો એમ માનતા હતા કે જમણી બાજુના મેદાનમાં ખાસ કાંઇ નહિ થાય. પણ પેલા સપ્તર્ષિ મંડળે તો નહિ ધારેલી પરિસ્થિતિ ઊભી કરી દીધી લાગે છે! ત્રણ બાજુથી થતા ધસારામાં ભીંસાઈ ગયા તે પહેલાં નાયકે એક ચાલ લડાવી. પોતાની જમણી બાજુ હલ્લો કરવા મોં ફેરવ્યું, અને એવો તો દેખાવ કર્યો કે હવે એ જ બાજુથી તેઓ આગળ વધશે. પણ એ માત્ર દેખાવ જ નીકળ્યો. વીજળીની ઝડપથી તેણે ઓચિંતો પોતાના છ મિત્રો સાથે ડાબી બાજુ વળાંક લીધો અને બચાવ હરોળમાં રહેલા એક નાના ગાબડાનો લાભ લઇ, તેને વટાવી સીધો જ ધ્વજ ઉપર હલ્લો કર્યો. ત્યાં પણ છેક ધ્વજ પાસે જ ઝપાઝપી જામી.



અત્યારે હવે આખા મેદાન ઉપર હાથોહાથની લડાઈ જામી પડી છે. રમતનું ખરેખરું સ્વરૂપ અત્યારે દેખાય છે. જુઓ, કુશ્તીના અખાડામાં જેમ પોતપોતાની જોડ શોધી પહેલવાનો દાવ ખેલવા માંડે, તેમ અહીં ક્યાંક બબ્બે, ક્યાંક ત્રણત્રણ, તો ક્યાંક ચારચારનાં ઝુમખાંએ રીતસરની કુશ્તી જ શરૂ કરી દીધી છે. પણ કુશ્તીનો એકની સામે એક અને બેની સામે બેનો નિયમ અહીં લાગુ નથી પડતો. અહીં તો નિયમ છે 'કોઇપણ હિસાબે આગળ વધો' અને 'કોઇપણ જોખમે રોકો.' અને તેનું પરિણામ? સામુદાયિક કુશ્તી!

એ સામુદાયિક કુશ્તી અત્યારે તમારી આંખ સામે ખેલાઈ રહી છે.

ક્યાંક કોઈની છાતી પર એક જણ ચડી બેઠો છે, અને નીચે પડેલો 'શેતાન' એ એકને ગાંઠતો નથી, એટલે બીજા બેત્રણ જણા તેના હાથપગ દબાવી તેની પર ચડી બેઠા છે. ક્યાંક કોઈ પહેલવાન બીજા એકને ધોબીપછાડનો લાભ આપી રહ્યો છે. ક્યાંક વળી કોઇ એકવડા શરીરવાળો જિગરિયો જવાન બબ્બે પહેલવાનોને પોતાના રુદ્ર સ્વરૂપથી ડરાવી રહ્યો છે, તો ક્યાંક કોઇ નીચે પડેલો બંદી બનેલો બારકસ, સામી ટુકડીના દોડયે જતા ખેલાડીનો પગ એકદમ પકડી લઈ તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરાવે છે! ક્યાંક કોઇ તુકાની તારકસના ત્રાસમાંથી છૂટવા ચાર જણાએ તેની ટાંગાટોળી કરી છે, તો ક્યાંક સાત તાલી રમાઈ રહી હોય એવો ઘાટ છે. 'લડવું તો શૂરાને મરવું' એ સૂત્રને સાર્થ કરતા બધા લડી રહ્યા છે.

પણ ખરી તો ત્યાં જામી છે;—ત્યાં બંને છેડે ખદબદતી પીરામીડ જેવા ઢગલા જોયા? જરા વિચાર તો કરો કે તેની અંદર પડેલા શું કરતા હશે, અને તેમને શું થતું હશે? એ તો 'માંહી પડયા તે મહાસુખ માણે!' ઝંઝા બરોબર ટોચે ચડી છે, અને એ ધમધમાટીના શોર સોંસરા વ્યાયામશિક્ષકના બંને બાજુને બિરદાવતા પડકારા સંભળાય છે: 'શાબાશ! અરે વાહ! લગાવ દોસ્ત! રંગ છે!'

પણ હવે અહીં જ આ રમત છોડવી પડશે. કોણ હારશે અને કોણ જીતશે એની સાથે આપણને હવે નિસ્બત નથી. પણ હવે શું શું થશે? ખદબદતી પિરામીડો ક્યારે છૂટી થશે? કયો ગુલાંટબાજ એકદમ છૂટો થઇ ધ્વજ પર પહોંચશે? નાયકો કોઇ નવો વ્યૂહ લડાવશે ખરા? એ બધું જોવાનું આપણે ગુમાવવું પડશે. અને રમત પૂરી થયા પછી ખભા, કોણી અને ઢીંચણ પરના ઊઝરડામાંથી ઝમતું લોહી, છોલાએલાં એ શરીરો પરના માટીના લપેડા, માથામાં ભરાએલી ભારોભાર ધૂળ, એ બધું પણ આપણે નહિ જોઈ શકીએ. અત્યારે લડતા આ જવાનો રમત પૂરી થતાં, પરસ્પર સલામી આપી સામુદાયિકરીતે ભેટી પડી, દોસ્તીના તોર પર જે વાર્તાલાપ ચલાવશે તેનો રસ પણ આપણા નસીબમાં નથી.

શરૂઆતમાં કહ્યું હતું: 'આ રમતમાં નિયમો નહિવત્ છે અને પ્રયુક્તિઓ સર્વવત્ છે.' એ બાબત પર હવે વિચાર કરી જુઓ. કુશ્તી અને બાથંબાથ જેવી સ્થૂળ ક્રિયાઓ, મર્દાનગી ભર્યા 'સ્ટન્ટ' જેવી ચતુરાઇઓ, યોજના અને વ્યૂહ જેવી બૌદ્ધિક બાબતો અને નક્કી કરેલા ધ્યેયને ખાતર ખતમ થઇ જવાની તમન્ના જેવી ભાવનાઓ શીખવતી આ રમતનું સ્થાન આપણા રાષ્ટ્રીય ઘડતરમાં કેટલું ગણશે?

એક વાત જણાવવી જરૂરી છે, કે આ ધ્વજયુદ્ધ રમી ચૂકેલા ગુજરાતીઓએ આઝાદીના આપણા સંગ્રામમાં મોઘો ફાળો નોંધાવ્યો છે; અને એ આઝાદી ટકાવવા યુદ્ધ કરવું પડશે તો તેઓ પાછા નહિ પડે. જ્યાં સુધી આ ધ્વજયુદ્ધની રમત આપણા કુમારો અને યુવાનો લડયા કરશે ત્યાંસુધી આઝાદીના સંરક્ષકો તૈયાર કરવામાં આપણને સહાય મળ્યા કરશે.

લડાયક વૃત્તિને યોગ્ય વળાંક આપતી અને જાનફેસાનીનું પહેલું પગથિયું ચડાવતી આ રમતના યોજક-પ્રચારક પુરાણીભાઇઓને, આઝાદીપર્વના આજના સુવર્ણદિને મારી આ અંજલિ હો!


હળ-કર-ફેણ

એટલે

ખેતીકામમાં વપરાતાં હળ, કરબ, તરફેણ, બેલી ને સમારિયું એ બધાં ઓજારોનો એકમાં જ સમાવેશ કરતું નવું ઓજાર

લેખક

કરણસિંહ ગોવિંદસિંહ ચુડાસમા



"વધુ અનાજ વાવો"ની યોજનાની સાથોસાથ તેનો ઝડપી અને સફળ અમલ કરવા માટે તરત જ પરદેશી યાંત્રિક ટ્રૅક્ટરનો ખ્યાલ કરવામાં આવે છે. પણ મારા અનુભવે વિચાર કરતાં મને લાગ્યું કે એ માર્ગ અતિ ખર્ચાળ છે: નાનીનાની જમીનો ખેડનારાઓના આ વિશાળકાય ગરીબ દેશમાં તે વસાવવાં પરવડે પણ નહિ, ને પરવડે તો પહોંચી શકાય નહિ; હજારો લોકોને શિક્ષિત થતાં વર્ષો જાય, દરમ્યાન લાખો રૂપિયાનાં યંત્રો આવે, ભાંગે, રીપેર થાય, નકામાં જાય, અને તેના માટે પરદેશો પર પરાધીન રહેવું પડે. એના કરતાં આપણા જીવનમાં શ્રમનું મહત્ત્વ જળવાઈ રહે, આપણા જીવન સાથે જડાએલાં ગાય-બળદ વિસરાય નહિ, આજની કંગાલ, ધીરજ વગરની પ્રજાને ઓછો કંટાળો આવે, અને સમય શક્તિ તથા નાણાંનો વધારેમાં વધારે કરકસરભર્યો ઉપયોગ થાય, એ બધા હેતુ બર આવે એવું સાધન આપણાં ચાલુ ઓજારો અને આધુનિક યંત્રોના અભ્યાસમાંથી બનાવવું જોઈએ. પરિણામે આ યંત્ર બન્યું છે.

એની રચના આપણા ચાલુ ઓજારો જેવી જ છે. છતાં એ એકમાં હળ, કરબ, તરફેણ અને બેલી એમ ચાર ઓજારોનું કામ થઈ શકે છે. (૧) હળ નવી જમીન તોડે છે; (૨) કરબ અથવા કળિયું જમીનને સાફ કરે છે; (૩) તરફેણ અથવા વાવણિયા વડે બીજ ઓરાય-વવાય છે; અને (૪) બેલી જમીનમાં ઊગેલા અનાજના ચાસને ઊભા રાખી પડખેથી નકામું ઘાસ નિંદી નાખે છે. ઉપરનાં ચારે સાધનોનાં નામનો સમાવેશ કરે તેવું નવું નામ તેને આપ્યું છે: 'હળ-કર-ફેણ'. તે ગોરાટ, કાળી, દળદ, એમ પથ્થર વિનાની બધી જમીનોમાં કામ લાગે તેવું છે. આટલાં બધાં સાધનોનો તેમાં સમાવેશ હોવા છતાં આ ગરીબ દેશના સામાન્ય ખેડૂતોને તે પરવડી શકે તેટલું સસ્તું, અને ખેતીમાં એને રસ પડે તેટલું સરળ તેને બનાવવામાં આવ્યું છે, અને કોઈ પણ સામાન્ય કારીગર તે બનાવી શકે એટલી સહેલી તેની રચના છે. મામલતદાર સાહેબ જેવા સરકારી અમલદાર, અને અંગત દેખરેખની ચેજમીન ખેડાવતા ઠાકોરસાહેબો તથા ખુદ ખેડૂતો સમક્ષ તેના સફળ અખતરાઓ કરી બતાવવામાં આવ્યા છે. વળી એ જ ઓજારનો નાની ગાડીતરીકે પણ ઉપયોગ થાય અને ખેડૂતને ખેતરે જવા માટે (ખાસ કરીને ચોમાસાની ઋતુમાં) મોટા ગાડાની જરૂર ન પડે એ દૃષ્ટિએ તેનો પ્રયોગ ચાલુ છે. 'વધુ અનાજ વાવો'ની યોજનાના એક અત્યંત કાર્યક્ષમ ને છતાં છેક સરળ સાધન તરીકે તે આદરપાત્ર થશે એવી શ્રદ્ધા છે.

સમજણ

← આ સામે એ સંયુક્ત હળ-કરબ-તરફેણ-બેલી એમ ચારે સાધનોને જરૂર પ્રમાણે યોજી શકતા ઓજારની આકૃતિ આપી છે. તેમાં ગજવેલની પટીમાંથી જુદાજુદા એવા દાઢા બનાવ્યા છે કે જેમાં ખેડવા, વાવવા, સાફ કરવા વગેરેનાં સાધનોનાં ફળાં ભરાવી શકાય. નીચે તેની આકૃતિનો સન્મુખ આલેખ છે; ઉપલે ડાબે ખૂણે, તે યંત્ર જમીન પર પડેલું હોય તેમ બતાવ્યું છે. તેની સમજણ આકૃતિમાં દર્શાવેલા અક્ષરોવાર આ નીચે આપી છે.

આકૃતિ–૧ (જુઓ મથાળે)

'અ-બ-ક-ડ' એ આખા યંત્રનું ચોકઠું છે, જે દોઢ ઈંચ પહોળી અને ત્રણ દોરા જાડી લોખંડની પટ્ટીના ત્રણ ટુકડાની બનાવેલું છે.


'ઇ'-ગજવેલાના સળિયાની પટ્ટીમાંથી બનાવેલા દાઢા. તે જડવાનું વર્ણન આકૃતિ ૨ માં નં. ૧-૨-૩માં જુઓ.

'ફ'–જમીન ખેડવા માટેનાં ફાળવાં–ફળાં અગર ભાલિયાં; વિલાયતી કલ્ટીવેટર જેવાં. જુઓ આકૃતિ ૨માં નં. ૫.

'ગ'–યંત્રના મૂળ ચોકઠા સાથે લાકડાનો સાંભડો જોડવા માટેની લોખંડની બે ઍંગલો; સેવું-ચરાળ (ઊંચું-નીચું) કરવા માટે જરૂરી.

આકૃતિ–૨ (જુઓ નીચે)

આકૃતિ-૧માંની ફ્રેમમાં બેસાડવા માટેનાં જુદાંજુદાં સાધનોના છૂટા ભાગનાં વિગતવાર આલેખનો આ નીચેની આકૃતિમાં આપ્યાં છે. તેની નંબર વાર સમજણ હવે આગળ વાંચો:



(૧) ૧૫×૧॥ ઈંચની લોખંડની કાટખૂણિયા ઍંગલ; જે આકૃતિ-૧માં બતાવેલા 'ઈ' નંબરના દાઢા જોડવા માટે, ફ્રેમમાં દર્શાવેલાં ચાર સ્થળે જડવામાં આવે. દાઢા જડવાના સાધન ઉપરાંત તે ફ્રેમને મજબૂતી પણ આપે છે. ફ્રેમના નીચલા ભાગમાં વચ્ચે જ્યાં 'ઇ' અક્ષર છે ત્યાં આવી એક ઍંગલને બદલે (ઉપરની આકૃતિમાં નં.૧૧માં બતાવ્યા મુજબની, બે સપાટ પટ્ટીઓ જડવાની છે, કેમકે ત્યાં ઍંગલ જોડવાથી, વરાપ સિવાય ખેતી કરતાં તેમાં ઘાસ ભરાઈ રહે છે. તેથી ત્યાં બે પટ્ટીઓ વચ્ચે જગ્યા રાખીને જરા દૂર જડવી. અને તેમાં દાઢો ભરાવવાની સરળતા થાય તે માટે ખાલી જગ્યામાં લાકડાનાં ડગળાં ફાચર તરીકે મૂકવાં.

(૨) દાઢો–૧॥ ઈંચ પહોળી અને લગભગ ૦॥ ઈંચ જાડી લોખંડની ગોળ વાળેલી પટ્ટી: જેના એક છેડાનો ૪ ઈંચ ભાગ ઍંગલને બૉલ્ટ વડે જોડાય; અને બીજો છેડો ટીપી પહોળો કરીને ભૂંગળી જેવો વાળી વચ્ચે ચોરસ વેહ રાખેલું હોય. (જુઓ આકૃતિ 'દાઢાનું મોઢિયું.') એથી તેમાં ભરાવેલાં ફળાં ફરી ન જાય.

(૩) નં. ૧ તથા ૨ જોડાઈને બનેલો ઍંગલ સાથેનો દાઢો.

(૪) માત્ર સૂકી જમીન તોડવા માટેની, હળની કોશમાંથી બનાવેલી, આઠ ઈંચ લાંબી કોશ. જેનો દાઢામાં બેસાડવાનો છેડો રાંપના કાનૈયા જેવો શંકુ આકારનો, દાઢાના વેહમાં આવે તેવો, ને ચોરસ હોય. હળ ચાલતાં સામું જોર આવવાથી તે નીકળવાનો ભય નહિ. આવી કોશ જરૂર પ્રમાણે ત્રણ અથવા પાંચ વાપરવી.

(૫) ભાલિયું–પાંચ ઈંચ પહોળાઈનું, ત્રિકોણાકાર ફળું. જેનો ત્રણ ઈંચનો છેડો કોશની માફક જ દાઢામાં બેસાડવા માટે ઘડેલો હોય. હળથી તોડીને ખેડેલી જમીન સરખી કરવા માટે, ઘાસનો ઉગાવો પાડવા માટે, અને બહુ કઠણ ન હોય તેવી પોચી જમીન તોડવા માટે, વિલાયતી કલ્ટીવેટર માફક આ પાનાનો ઉપયોગ થાય છે. તેનાથી ખેડાએલી જમીનનું ઘાસ તરત જ સુકાઈ જાય એવી રીતે વેરાઈ જાય છે. વરાપ હોય ત્યારે કરબ અને હળ કરતાં આ પાનાં સરળ પડે છે. જરૂર પ્રમાણે ત્રણ અથવા પાંચ વાપરવાં તેની વિશેષ સમજણ આગળ આવે છે.

(૬) ફાળવું–વાવણી વખતે ઉપયોગમાં આવતા લાકડાના દાંતા (નં. ૭)ને મજબૂતી આપવા માટેનું લોખંડનું પાનું. કોશના સળિયાને વચ્ચેથી ફાડી, દાંતાની પહોળાઇ (૩ ઇંચ) જેટલું ગોળાકાર ઘડવું, જેથી દાંતાના વેહ સાથે બંધ બેસી રહે, અને નં. ૮ માં જણાવ્યા મુજબ, બે ખીલા વડે જડી લેવાય. તેનો આગલો છેડો દાંતાની અણી સાથે બંધ બેસે, ને પાછલો છેડો કોશ તથા ભાલિયાના છેડા જેવો દાઢામાં બેસાડવા માટે ઘડેલો હોય.

(૭) દાંતો: ઉપર બતાવ્યા પ્રમાણે વાવણી વખતે દાણા ઓરવાની ભૂંગળી કે વાંસિયું ભરાવવા માટેનું કાણાવાળું સાધન.

(૮) દાંતા ઉપર જડેલા ફાળવાનો દેખાવ.

(૯) દાંતા ઉપર જડેલા ફાળવાનો (નં ૮નો) પડખેથી દેખાવ.

(૧૦) બે ઍંગલો વચ્ચેનું અંતર ઘટાડવા માટેની યોજના—જ્યારે બે ચાસ વચ્ચેનું અંતર ઘટાડવું હોય કે નાની રાંપ વાપરવી હોય ત્યારે બે દાઢાઓ વચ્ચેનું અંતર ઓછું કરી તેમને નજીક લેવા પડે. તે માટે એ અંતર જેટલું ઘટાડવું હોય તેટલી પહોળાઈની લાકડાની પાટલીઓ દાઢા અને ઍંગલ વચ્ચે મૂકી દાઢાઓ એકબીજાની નજીક લાવી શકાય. દા.ત. આકૃતિ ૧માંના નીચેના ભાગના બે છેડાના દાઢાઓ વચ્ચે ૩૨ ઇંચનું અંતર છે. જો એવડી મોટી રાંપ ન વાપરવી હોય, તો તે દાઢાઓ ઍંગલ સાથે જોડતાં પહેલાં, બંને બાજુ વચ્ચે બબ્બે ઇંચનાં લાકડાનાં ડગળાં મૂકી, પછી તેના સોંસરા બૉલ્ટ વડે દાઢાને ઍંગલ સાથે જડવાથી, એ બંને ડગળાંની જાડાઈ જેટલું–એટલે કે કુલ ચાર ઇંચ જેટલું અંતર ઘટે, અને ૩૨ને બદલે ૨૮ ઇંચની રાંપ વાપરી શકાય. આ યોજના ચિત્રમાં બતાવી છે.

(૧૧) ઍંગલને બદલે વપરાતી લોખંડની પટ્ટી—વરાપ સિવાયના વખતમાં ખેતી કરતાં, નીચલે વચલે દાઢે ઘાસ વગેરે કચરો ભરાઈ રહેવાનો વધુ ભય રહે છે. તે ટાળવા, વચલો દાઢો જોડવા માટે ત્યાં ઍંગલ ન રાખતાં, ઍંગલ જેટલી જ જાડાઇ-પહોળાઈની બે લોખંડની પટ્ટીઓ, વચ્ચે થોડો ગાળો છોડીને, ઊભી (કડાક) જડવી. આ પટ્ટીઓના આગલા છેડા પ્રથમ કાટખૂણે વાળી તેને મરડીને આલેખમાં દર્શાવ્યા મુજબ ફ્રેઇમ સાથે જડવા; જ્યારે પાછલા છેડા સાથે દાઢો જોડવાનો હોવાથી તેને તેમ ન વાળતાં, બીજા આલેખમાં બતાવ્યા મુજબનાં વાંકિયા વડે તેને જકડી લેવા.

(૧૨) રાંપ–એ ૧૨, ૧૬, ૩૨ કે ૨૮ ઇંચ લંબાઇની, જરૂર મુજબની, વપરાય છે. તેને દાઢાઓમાં બેસાડવા માટે તેની લંબાઇના પ્રમાણમાં, આલેખન નં. ૧૦માં બતાવ્યા મુજબ, લાકડાનાં ડગળાં મૂકીને બે દાઢાઓ વચ્ચેનું અંતર ઘટાડી શકાય છે.

વિશેષ સૂચનાઓ

વાવણી વખતે આકૃતિ ૧માં બતાવેલો નીચેનો વચલો દાઢો ને ઉપરના બે દાઢા કાઢી લઇએ એટલે, ૩૨ના ગાળાની તરફેણ (દંતાળ) બને. આમાં દાંતા જડીને સૌરાષ્ટ્રની ઓરણી વડે એક જ ઓરણીથી બે દાંતે વાવી શકાય; અથવા ગુજરાતી ઓરણી વડે બન્ને ચાસોમાં જુદાંજુદાં વાવેતર કરવાં હોય તો અલગઅલગ બે ઓરણી જોડીને તેમ પણ થઇ શકે. ઉપરાંત દાઢામાં દાંતા બેસાડ્યા વિના કોશની કે ભાલિયાંની જ બાજુમાં વાવણીની ભૂંગળીઓ બાંધીને, કે ફાળવાની અંદરના ભાગે તે ભેરવીને, એમ ત્રણે રીતે આ યંત્રથી વાવણી થઈ શકે. પહેલી બે રીતે વાવતાં દાંતા બનાવવાની પણ જરૂર રહેતી નથી.

સારી વરાપે પાંચે હળ મધ્યમ પ્રકારના બળદથી ખેંચાવી શકાય; પણ ખેતર કજાડ, કસોજું અને કઠણ હોય તો નીચલો વચલો દાઢો ઉપર ખસેડી તથા ઉપલા બે દાઢા નીચે લઈ જઇને, અને નીચલા બંને છેડાના દાઢા કાઢી લઈ, ફક્ત ત્રણ જ દાઢે ઓછા જોરથી કામ કરી શકાશે. આ યોજના આકૃતિ ૧માં કરકરિયાળી લીટીથી બતાવી છે.

વળી, નીચલો વચલો દાઢો કાઢી લઇ, ઉપરના બે દાઢા (કરકરિયાળી લીટીથી બતાવ્યા મુજબ) નીચે ઉતારી નીચે ચાર દાઢા કરીએ, તો બે કરબડી–બેલીનું કામ લઈ શકાય. પણ તે, મોલાત બહુ મોટી ન થઈ હોય ત્યાં સુધી. મોટી મોલાત થાય ત્યારે હૂંઢવા (રાંપ દેવા –રાંપલવા) માટે એકાદ બે કરબડીઓ જ ખેડૂતને વધારવી પડે.

ખેતર ઘણું લીલું હોય, ઉગાવો મોટો થયો હોય અને ખેડૂત મુંઝાતો હોય ત્યારે દંતાળની માફક માત્ર નીચલા ત્રણ દાઢામાં હળની કોશ જોડવી, જેથી જોર ઓછું પડે. જો ઉગાવો નાનો હોય અને ખેતર ચોખ્ખું હોય તો, પાંચે દાઢે કામ કરવા છતાં, કૂણી કાચી વરાપમાં, પાણી ભરેલા ક્યારડામાં, અને બહુ ઊંચો ન થયો હોય તેવા મધ્યમ પ્રકારના ઉગાવામાં પાંચે હળો વગર મુશ્કેલીએ કામ આપી શકે એવી રીતના ગાળાઓ યોજ્યા છે.

વધારે સેવું (નીચું) કે વધારે ચરાળ (ઊંચું) કરવાની જરૂર પડે ત્યારે દાઢાનાં મોઢિયાં પર હથોડીના એકાદ બે ફટકા મારી, તેને વાંકાં કરીને બળદના માપનું સેવું-ચરાળ (ઊંચુંનીચું) કરી શકાય.

જ્યારે ખેતરમાં માત્ર ઢેફાં ભાંગીને સમાર દઈ પાંસ ઝીણો કરવો હોય, ત્યારે આ યંત્રને ઊંધું પાડી, (અનુસંધાન પાછલે પાને)

અધિક માસ આવી ગયો. પણ દર ત્રણ વર્ષે તે કેમ આવે છે તે જાણો છો?

લેખક
પ્રા. હરિહર પ્રાણશંકર ભટ્ટ

અંગ્રેજી મહિના ને તારીખ ઉપરથી આપણે ઋતુ કહી શકીએ છીએ, પણ ચંદ્રની કળા કહી શકતા નથી.

ઈસ્લામી મહિના અને તારીખ ઉપરથી ચંદ્રની કળા કહી શકીએ છીએ (કેમકે એ તારીખો હિંદુ તિથિ જેવી જ હોય છે), પણ ઋતુ કહી શકતા નથી; કારણ કે ઈસ્લામી મહિના દરેક ઋતુમાં આવે છે.

હિંદુ મહિના ને તિથિ પરથી આપણે ઋતુ ને ચંદ્રની કળા બંને કહી શકીએ છીએ. ઉપરાંત બીજી કેટલીક બાબતો પણ તરત જણાઈ જાય છે. જેમકે શ્રાવણ માસ ઉપરથી આપણને જણાય છે કે શ્રવણ નામના તારાનો સમૂહ આ માસમાં સાંજે પૂર્વમાં ઊગશે; એ તારાઓની પાસે ચંદ્ર આ માસની પૂનમે આવશે; વગેરે.

આમ, હિંદુ પંચાંગ આકાશના અભ્યાસની ઘણી સગવડ પૂરી પાડે છે. તેમાંથી એક જ બાબતનો આજે વિચાર કરીશું કે હિંદુ પંચાંગ ચંદ્રની કળા તથા ઋતુ એ બંનેને એકસાથે શી રીતે સાચવી શકે છે?

ચંદ્રની કળાને શી રીતે સાચવે છે તે સૌ જાણે છે. હિંદુ માસ અમાસથી અમાસ સુધી (ઉત્તર હિંદમાં પૂનમથી પૂનમસુધી) ગણાય છે. તેમાં ૩૦ તિથિ હોય છે, તેના પરથી ચંદ્રની કળા જણાય છે.

પણ હિંદુ માસ ઋતુઓને શી રીતે સાચવે છે એ સમજવું સહેલું નથી. અમાસથી અમાસ સુધી (કે પૂનમથી પૂનમ સુધી) ૨૯.૫૩ દિવસ થાય છે. આને આપણે 'ચાંદ્રમાસ' કહીશું. આ વર્ષની અમુક ઋતુથી આવતા વર્ષની તે જ ઋતુ સુધીમાં ૩૬૫.૨૪ દિવસ થાય છે. આને આપણે 'સૌર વર્ષ' કહીશું. અંગ્રેજી વર્ષ સૌર છે. તેમાં ૩૬૫ દિવસ હોય છે; ને વધારાના .૨૪ દિવસ માટે તેમાં દર ચાર વર્ષે એક વધારાનો દિવસ આવે છે. સૈકાના વર્ષમાં તે વધારાનો દિવસ આવતો નથી. તેથી અંગ્રેજી ૧૦૦ વર્ષના ૩૬૫૨૪ દિવસ થાય છે. આ ઉપરથી ૧ વર્ષની લંબાઇ ૩૬૫.૨૪ દિવસ મળી રહે છે.

હવે આપણે હિંદુ (ચાંદ્ર) માસ અને અંગ્રેજી (સૌર) વર્ષનો વચ્ચેનો તફાવત વિચારીએ:

૧ સૌર વર્ષના દિવસ	=૩૬૫.૨૪
૧૨ ચાંદ્રમાસના દિવસ=૧૨×૨૯.૫૩	=૩૫૪.૩૬
તફાવત	૧૦.૮૮ દિવસ

એટલે કે ૧૨ ચાંદ્રમાસ કરતાં ૧ સૌરવર્ષ ૧૦.૮૮ દિવસ મોટું છે. આ તફાવત દર વરસે વધતો જાય છે. તો આ તફાવત ૨૯.૫૩ દિવસ ક્યારે થશે? બીજી રીતે કહીએ તો ૧૦.૮૮ દિવસનો ફરક ૧૨ ચાંદ્રમાસમાં આવે છે, તો ૨૯.૫૩ દિવસનો ફરક કેટલા ચાંદ્રમાસમાં આવશે? જવાબ ૨૯.૫૩×૧૨÷૧૦.૮૮=૩૨.૫૭ ચાંદ્રમાસ.

આનો અર્થ એ કે દર ૩૨ કે ૩૩ ચાંદ્રમાસ પછી એક ચાંદ્રમાસ ઉમેરવાથી ઋતુઓની સાથે ચાંદ્રમાસનો મેળ મળી રહેશે. આ ઉમેરેલા માસને 'અધિક માસ' કહે છે. અંગ્રેજી વર્ષમાં ચાર વરસે આવતી ફેબ્રુઆરીની ૨૯મા તારીખની વ્યવસ્થા આના જેવી જ છે. આપણે એ વધારાની ૨૯મી તારીખને 'અધિકતારીખ' કહી શકીએ!

દરેક અધિક માસ ૩૨ કે ૩૩ માસને અંતરે આવતો નથી, પણ થોડો વહેલો કે મોડો આવે છે. આનું કારણ એ છે કે સૂર્ય-ચંદ્રની ગતિ હમેશાં એકસરખી રહેતી નથી. પરંતુ એકંદરે લાંબે હિસાબે બે અધિક માસની વચ્ચે ઉપર જણાવેલું સરાસરી ૩૨.૫૭ માસનું જ અંતર આવે.

ઇસ્લામી માસ ચંદ્રદર્શનથી ચંદ્રદર્શન સુધી ગણાતો હોવાથી ચંદ્રદર્શનને બીજે દિવસે નવા માસની પહેલી તારીખ ગણાય છે. તેથી ઈસ્લામી માસની લંબાઇ હિંદુ માસના જેવડી જ છે. પણ ઇસ્લામી વર્ષમાં અધિક માસ ઉમેરવામાં આવતો નથી. તેથી ઇસ્લામી પંચાંગમાં ઋતુઓ દર ત્રણ વર્ષે એક માસ જેટલી મોડી આવે છે અને લગભગ ૩૩ વર્ષમાં દરેક માસમાં દરેક ઋતુ આવી જાય છે. તાજિયા (મોહરમ) ને (રમઝાન) શિયાળામાં, ઉનાળામાં તેમ ચોમાસામાં પણ આવે છે એ ઘણાંના ધ્યાનમાં હશે.

હિંદુ પંચાંગમાં અધિક માસની વ્યવસ્થાને લીધે, અમુક હિંદુ ચોક્કસ મહિનાઓમાં ચોક્કસ જ ઋતુ હમેશાં આવે છે.

ઇંગ્લંડ છેલ્લા યુદ્ધમાં વિજયી થયું, તે કેવળ તેની સંકલ્પશક્તિ જેને અંગ્રેજીમાં 'વિલપાવર' કે ઈચ્છાશક્તિ કહે છે તેથી જ. જ્યારે હિટલરે ફ્રાંસ લઇ લીધું અને ૫૦૦ વિમાનોનો કાફલો લંડન પર હુમલો કરવા મોકલ્યો, ત્યારે તેની સામે લડવા માટે ઇંગ્લંડ પાસે માત્ર ૩૬ વિમાન જ હતાં, પણ એ છત્રીસેના વિમાનીઓએ ખૂબ જ મરણિયા બની અતિશય વેગથી ફરીફરીને આવ્યા જઇ મારો ચલાવ્યો ને ૧૮૯ વિમાન તોડી પાડયાં. છત્રીસેએ દેખાવ એવો કર્યો કે જાણે ઇંગ્લંડ પાસે સેંકડો વિમાનો હોય! પણ ખરું જોતાં તો ફરીફરીને તેનાં તે જ વિમાનો આવ્યાં કરતાં. આ બળ જોઇ હિટલર જરાક ડઘાઈ ગયો, ને તેના પર એવી છાપ પડી કે ઇંગ્લંડ પાસે બહુ મોટો કાફલો છે; ને તે થંભી ગયો. દરમ્યાન રાતદહાડો અંગ્રેજ સ્ત્રીપુરુષ-બાળક સૌ મંડયાં, ખૂબ ઉત્પાદન કર્યું, અને લશ્કરી તાકાત વધારી દીધી. તેમણે તે વેળા ઊંઘ ભૂખ જોયાં નહિ. આ વાત હું અદ્ધરતાલ કહેતો નથી. ઇંગ્લંડના વિમાનદળનો એક અમલદાર હાલમાં અરવિંદ આશ્રમમાં આવીને વસેલો છે, તેની પોતાની પાસેથી મળેલી આ હકીકત છે. (શ્રી અંબાલાલ પુરાણીએ સૂરતમાં આપેલા વ્યાખ્યાનમાંથી.) —પ્રભાકર

હળ-કરબ-ફેણ (અનુસંધાન પૃષ્ઠ ૨૮૨થી ચાલુ)

દાંતાની ખાલી રહેલી પટ્ટી સાથે છએક ઇંચના વ્યાસનું દસેક ફૂટ લાંબું લાકડું લાંબા બૉલ્ટથી જડી દેવાથી સમારિયું પણ તૈયાર થઈ શકે.

આમ, આ એક જ યંત્ર દ્વારા હળ, કરબ, કલ્ટીવેટર, તરફેણ યા વાવણીઓ, બેલી, અને સમારિયું જેવાં અનેક કામો લઇ શકાય છે ને આ બધા ફેરફારો અટપટા ન હોવાથી બહુ જલદી થઇ શકે છે. ઉપરાંત, તેની હેરફેર પણ બહુ મુસીબતભરી નથી હોતી. આ જ સાધનને ઉલટું ફેરવી નાખી ઘીંસલા માફક લાવી લઈ જઇ શકાય છે. ફ્રેઈમમાં પાછલા બંને છેડે જો બે નાનકડાં પૈડાં જડી દીધાં હોય તો વળી ખેતરેથી પાછા ફરતી વખતે, સાંઢી કે બળતણ ખડકીને અથવા ભાતનાં ખાલી ભાણાં નાખી, લહેરથી તેના પર સવાર થઇ આરામથી ઘેર આવવાની પણ મઝા લઇ શકાય.

महाभीषण अणुबॉम्बनुं उत्पादक तत्त्व

યુરેનિયમ અને રેડિયમ

અસાધ્ય દર્દોનું ઉપચારક તત્ત્વ

લેખક · ડૉ. નરસિંહ મૂ. શાહ

ઍટમ બૉમ્બની બનાવટમાં વપરાતા યુરેનિયમને આ યુગમાં તો હવે બધા જાણતા થઈ ગયા છે. પૃથ્વી ઉપરનાં ૯૨ મૂળ તત્ત્વોમાં તેનું સ્થાન છે; એટલું જ નહિ, પણ કુટુંબમાં જેમ વયના ચડતા ક્રમે બાળકોને ગણીએ, તેમ અણુવજનના ચડતા ક્રમે ૯૨ મૂળ તત્ત્વોમાં તેનું અણુવજન સૌથી વિશેષ છે.

રાસાયનિક દૃષ્ટિએ તે ટંગ્સ્ટન સાથે ખૂબ મળતું આવે છે. યુરેનિયમના ક્ષારો અને સંયોજનો મુખ્યત્વે કાચની બનાવટમાં વપરાય છે; અને તેથી કાચ પીળાશપડતા લીલા પ્રકાશ વડે પ્રતિપ્રકાશક (fluorescent) ગુણ પ્રાપ્ત કરે છે. ચીની માટીનાં વાસણોને રંગીન રોગાન ચડાવવા માટે યુરેનિયમની ભસ્મ વપરાય છે, અને તેના ક્ષારો ફોટોગ્રાફીમાં વપરાય છે. ગજવેલની બનાવટમાં થોડું યુરેનિયમ ઉમેરવાથી બનતું ફેરો-યુરેનિયમ વિશિષ્ટ ઉપયોગી થવા લાગ્યું છે.

ચાલુ સદીના પ્રારંભમાં યુરેનિયમના અભ્યાસે વિજ્ઞાનના ઇતિહાસમાં નવું પ્રકરણ ઉઘાડ્યું. ૧૮૯૬માં બેક્વેરેલે શોધી કાઢ્યું કે યુરેનિયમના ક્ષારો અમુક પ્રકારનાં કિરણો છોડવાનો અજબ ગુણ ધરાવે છે. ફોટોગ્રાફિક પ્લેઈટને કાળા કાગળ વડે સુરક્ષિત ઢાંકીને તેના ક્ષાર પાસે મૂકવાથી તેના પર ચિત્ર પડ્યું હોય એવી અસર થાય છે. વળી એ ક્ષાર પાસે ઇલેક્ટ્રોસ્કોપને મૂક્યો હોય તો તેમાં રહેલો વીજળિક ચાર્જ નીકળી જાય છે. થોરિયમ, રેડિયમ, પોલોનિયમ વગેરેના ક્ષારો પણ આવા ગુણ ધરાવે છે. આવા પદાર્થો રેડિયો-ઍક્ટિવ (radio-active) કહેવાય છે. તેમના અણુઓમાંથી ખાસ કિરણો છૂટે છે. બેક્વેરેલની આ શોધ પછી મૅડમ ક્યૂરીએ વળી આગળ શોધી કાઢ્યું કે યુરેનિયમનું ખનીજ (પીચબ્લેન્ડ) તો વળી શુદ્ધ કરેલા યુરેનિયમના ક્ષાર કરતાં પણ વિશેષ રેડિયો-ઍક્ટિવ ગુણ ધરાવે છે. એટલે તેણે અનુમાન કર્યું કે યુરેનિયમના કરતાં પણ વિશેષ પ્રબળ કોઈ બીજું અજાણ્યું રેડિયો ઍક્ટિવ તત્ત્વ તેમાં હોવું જોઈએ; અને ત્રણ ચાર વર્ષના સતત સંશોધન પછી તેમાંથી એ તત્ત્વ તેણે જુદું પાડ્યું: તે રેડિયમ.

આ તત્ત્વોના વિશેષ અભ્યાસ પરથી એમ નક્કી થયું કે આ તત્ત્વોમાં અણુઓ આપોઆપ જ તૂટતા જાય છે: એ ક્રિયા ચલાવવા માટે કોઈ બાહ્ય શક્તિની જરૂર પડતી નથી, એટલું જ નહિ પણ તેનું આમ વિઘટન થવાને લીધે (અણુઓ તૂટવાને લીધે) તેમાંથી શક્તિ પણ છૂટે છે. આ વિશેષતા માત્ર રેડિયો-ઍક્ટિવ તત્ત્વોના જ અણુઓની છે; બીજાં સામાન્ય તત્ત્વોના અણુઓ આ રીતે તૂટતા નથી. આથી અણુ તૂટવાના આ કાર્ય ઉપર, છેલ્લાં ત્રીસ-ચાળીસ વર્ષના ગાળામાં ખૂબ સંશોધન થયું. પરંતુ ગયા મહાયુદ્ધમાં તેને અસાધારણ વેગ મળ્યો ને યુરેનિયમ-અણુ તૂટવાથી નીકળતી શક્તિનો ઉપયોગ કરીને તેમાંથી અણુબૉમ્બ રચવામાં આવ્યો. આમ આજે તો અણુશક્તિનો ઉપયોગ સંહાર અર્થે જ થઈ રહ્યો છે; પણ શાંતિના કાળમાં તેનો ઉપયોગ જનહિતાર્થે સર્જનાત્મક કાર્યોમાં કેમ થાય એ વિષે સંશોધન ચાલુ છે.

રેડિયમ મેળવવાનું સાધન પણ યુરેનિયમના ખનીજ (પીચબ્લેન્ડ) જ છે. તેમાંથી ત્રીસ લાખ ભાગ યુરેનિયમના પ્રમાણમાં માત્ર એક જ ભાગ રેડિયમ કાઢી શકાય છે. મૅડમ ક્યૂરીએ ચેકોસ્લોવાકિયાની ખાણોના પીચબ્લેન્ડ-ખનીજ વાપરીને રેડિયમની શોધ કરી હતી. પહેલાં તો આફ્રિકાના બેલ્જિયમ કૉંગોની ખાણો દુનિયાને યુરેનિયમ પૂરું પાડતી, પરંતુ ૧૯૩૦માં કૅનેડામાં ગ્રેઇટ બેર લેઈકની પ્રસિદ્ધ ખાણો શોધાયા પછી પરિસ્થિતિ બદલાઇ ગઈ છે.

વિજ્ઞાનના અભ્યાસમાં રેડિયમ ખૂબ અગત્યનું પુરવાર થયું છે. હવે દ્રવ્ય-રચનાને લગતા નવા સિદ્ધાંતો એથી અસ્તિત્વમાં આવ્યા છે. અણુ અવિભાજ્ય અને અવિનાશી છે એ જૂની માન્યતા હવે નષ્ટ થઈ છે, અને અણુ-રચનામાં ઇલેક્ટ્રોન, પ્રોટોન, પોઝીટ્રોન એવા મૂળભૂત કણો ભાગ લે છે એ હવે સમજાયું છે, એટલું જ નહિ પણ આ કણોની સંખ્યામાં ફેરફાર કરીને નવા તત્ત્વોના અણુઓ પેદા કરી શકાય છે એમ સાબિત થયું છે. આમ, જૂના જમાનાના કીમિયાગરોનાં સ્વપ્નાં—પારામાંથી સોનું બનાવવાનાં—સિદ્ધ થયાં છે.

રેડિયમનો ઉપયોગ વૈદકીય સારવારમાં કૅન્સર અને બીજાં ચામડીનાં દર્દો મટાડવા માટે ખૂબ થાય છે એ તો જાણીતું છે. એમાંથી ક્ષ-કિરણો જેવા જ ગુણો ધરાવતાં ગામા કિરણો છૂટે છે તેમાં એ ગુણ રહેલો છે. રેડિયમનો ૮૫ ટકા જેટલો ભાગ વૈદકમાં ઉપયોગમાં લેવાય છે અને ૧૦ ટકા ચકચકિત રંગોની બનાવટમાં જાય છે.

પણ શુદ્ધ રેડિયમ કાઢવું અતિ દુર્લભ હોય છે. આખી દુનિયામાં આજે માત્ર સવાબશેર રેડિયમનો જથ્થો હશે! ચકચકિત રંગોમાં તો અતિ અલ્પ રેડિયમ આવે છે: બાકી મોટે ભાગે તો ઝિંક સલ્ફાઈડ જ હોય છે. ઘડિયાળના ચંદા, વહાણોનાં હોકાયંત્રો, કંપાસ, વીજળીની સ્વિચો, રેડિયો અને બીજાં એવાં અંધારામાં ચળકતાં સાધનોની બનાવટમાં આ રંગો વપરાય છે. શુદ્ધ રેડિયમનો ચળકાટ વાદળી રંગનો હોય છે અને તેમાં વસ્તુઓ પ્રકાશિત દેખાય છે.


રેડિયમની શોધ દરમિયાન મૅડમ ક્યુરીને પીચબ્લેન્ડમાંથી એક બીજું પણ નવું તત્ત્વ મળી આવ્યું હતું ને તે પણ રેડિયો-ઍક્ટિવ ગુણ ધરાવતું હતું. શ્રીમતી ક્યુરીએ પોતાની માતૃભૂમિ પોલાંડના માનમાં તેનું નામ પોલોનિયમ પાડ્યું હતું. રેડિયમ કાઢી લીધા પછી જે ભાગ પાછળ રહે છે તેમાંથી ૧૮૯૯માં ઍક્ટીનિયમ કાઢવામાં આવ્યું હતું. ઍક્ટીનિયમ પણ રેડિયમ અને યુરેનિયમની માફક સ્વયં રૂપાંતર પામે છે અને છેવટે તેમાંથી સીસું પેદા થાય છે. યુરેનિયમ અને રેડિયમ પણ છેવટે સીસામાં જ પરિવર્તન પામે છે. આ રૂપાંતર પૃથ્વીની વય નક્કી કરવા માટે ઉપયોગી થાય છે. આ રૂપાંતર થતાં કેટલાં વર્ષો લાગ્યાં હશે એ ઉપરથી પૃથ્વીના વયની ગણતરી ભૂસ્તરશાસ્ત્રીઓ કરે છે, અને બીજાં અનુમાનો પરથી કરેલી ગણતરી સાથે તે મળતી આવે છે.

રસાયનના ઇતિહાસમાં રેડિયો-ઍક્ટિવ તત્ત્વોની શોધ એક મોટા સીમાચિહ્ન રૂપ છે. એનાથી આપણા જ્ઞાનમાં પુષ્કળ વૃદ્ધિ થઈ છે અને નવાં ક્ષેત્રો વિકસ્યાં છે. એથી રસાયનના અભ્યાસને એક નવો જ ઝોક મળ્યો છે, કેટલી યે જૂની-પુરાણી માન્યતાઓ ઊડી ગઈ છે અને પ્રયોગસિદ્ધ પુરાવાઓ પ્રાપ્ત થયા છે.

માસમાસની વનસ્પતિ-૩૩

અગથિયો

લેખક · પ્રો. જયંતીલાલ ઓઝા



મનોહર ફૂલોથી શોભતા આ વૃક્ષને સંસ્કૃતમાં 'અગસ્તિ', 'અગસ્ત્ય' 'મુનિદ્રુમ' ને 'દીર્ઘશિંબી', હિંદીમાં 'અગસ્ત' તથા 'હતિયા' અને મરાઠીમાં 'અગથા' કે 'અગસ્તા' કહે છે. અંગ્રેજીમાં તે 'લાર્જ ફ્લાવર્ડ ઍગટી' (Large Flowered Agati) કહેવાય છે. તેનું શાસ્ત્રીય નામ 'સેશેનિયા ગ્રાન્ડીફ્લોરા' ('Seshenia Grandiflora Pers'). શિંબી વર્ગની વનસ્પતિમાં અગથિયાનાં ફૂલ સૌથી મોટાં હોય છે, તેથી તેનું 'ગ્રાન્ડીફ્લોરા' (મોટાં ફૂલવાળો) નામ સૂચક છે. આકાશમાં અગસ્ત્ય તારકનો ઉદય હોય ત્યાં સુધી અગથિયાને ફૂલ આવે છે, તેથી અગસ્ત્ય મુનિના નામ પરથી તેના 'અગસ્ત્ય' ને 'મુનિદ્રુમ' નામો પડેલાં છે. અગથિયાની બે જાતો—સફેદ અને રાતાં ફૂલવાળી થાય છે. તેને જ્યારે ફૂલ આવે છે ત્યારે તેનો દેખાવ સુંદર અને જોવા જેવો હોય છે. શ્રીહર્ષે નૈષધચરિતમાં તેનું સુંદર વર્ણન કરેલું છે.

આ ઝાડ પૂર્વ ને દક્ષિણ હિંદ, ગંગાની આસપાસનો પ્રદેશ, બ્રહ્મદેશ, મોરીશિયસ, મલાયા અને ઉત્તર ઑસ્ટ્રેલિયાનું વતની છે. હિંદભરમાં બાગબગીચાઓમાં તેમજ રસ્તા પર તેનાં નયનમનોહર ફૂલ માટે તે ઉગાડવામાં આવે છે. અગથિયાનાં ફૂલ મહાદેવને ચડાવવા માટે પવિત્ર મનાય છે અને તેથી તે શિવાલયમાં ખાસ ઉગાડવામાં આવે છે. અગથિયો જલદીથી વધનારી ને અલ્પાયુ—સાતથી આઠ જ વર્ષ જીવનારી—વનસ્પતિ છે.

તેનું ઝાડ ૨૦ થી ૩૦ ફીટ ઊંચું ઊગે છે. પાન સંયુક્ત શાખાઓ પર, એકાંતરે આવેલાં, અને દાંડીવાળાં હોય છે. દાંડીનો તળિયાનો ભાગ વધારે ઉપસેલો હોય છે. દરેક સંયુક્ત પાન, તેની મધ્યરેખા પર, ૧૫ થી ૩૦ જોડીમાં સામસામાં ગોઠવાએલાં નાનાં પાંદડાંનું બનેલું હોય છે. તે ૧ થી ૧½ ઇંચ લાંબાં, ⅓ થી ½ ઇંચ પહોળાં, લંબગોળ, તળિયે ને ટોચે ગોળ, પરંતુ ટોચે કાંટા જેવી અણીવાળાં હોય છે.

આ માસ (ઑગસ્ટ)થી ડીસેમ્બર સુધી અગથિયાને ફૂલ આવે છે. તે સફેદ અગર રાતાં, મોટાં, દેખાવડાં અને ડાળી ઉપરના છેલ્લા પાનના ખૂણામાંથી, ૨ થી ૩ ઇંચ લાંબી નાની દાંડી પર, ૨ થી ૪ ના સમૂહમાં ઊગે છે. ફૂલનું વજ ઘટાકાર અગર કાંઇક પ્યાલી આકારનું હોય છે. ફૂલમણિની પાંખડીઓ વધારે બહાર પડતી અને ૨ થી ૩ ઇંચ લાંબી હોય છે. તેની ગોઠવણી સુંદર હોય છે: મુખ્ય પાંદડી સપાટ અને લંબગોળ, બીજી બે બાજુમાં પાંખરૂપે ગોઠવાએલી, અને તેની અંદરની બે પાંખડીઓ જોડાઇને હોડી આકારની હોય છે. ફૂલમણિની સફેદ પાંખડીઓમાં રાતા અગર ગુલાબી રંગની છાયા હોય છે. પુંકેસર તંતુઓ દસ, અને બે જૂથ અગર ગુચ્છમાં (૯ અને ૧ના) હોય છે. બીજાશયને એક નાની દાંડી હોય છે.

આ ઝાડ શિંબી વર્ગની વનસ્પતિ છે. તેનું ફળ—શીંગ ૧૨ થી ૧૮ ઇંચ લાંબી, ⅓ ઇંચ પહોળી, બન્ને છેડે સાંકડી અણીદાર અને ઘણાં (લગભગ ૩૦ થી ૪૦) બીજવાળી હોય છે. બીજ ચપટાં, લીસાં અને ભૂરા રંગનાં હોય છે. આ વૃક્ષ બીજ વડે ઉગાડવામાં આવે છે.

અગથિયાની અંદરની છાલમાંથી સારા રેસા મળે છે. તેનું લાકડું પોચું અને હલકું (એક ઘનફુટનું વજન ૩૨ રતલ) હોય છે. બંગાળમાં તેનાં લાકડાંનો ઉપયોગ ઝૂંપડાં બાંધવામાં અને બળતણ તરીકે થાય છે. દ્રાક્ષ અને નાગરવેલના વેલા ચડાવવા માટે આ ઝાડ વપરાય છે. તેનાં ફૂલનું શાક અને ભજિયાં બને છે તેમજ કઢીમાં પણ નંખાય છે. શીંગોનું પણ શાક થાય છે. તેમાંથી 'કીનો'ને મળતો સુગંધીદાર કાળો ગુંદર મળે છે.

આયુર્વેદમાં અગથિયાની છાલ, મૂળ, પાન, ફૂલ ને શીંગ બધાં જ ઉપયોગી ગણાયાં છે. તેની છાલ બાધક છે અને શક્તિ આપનાર ઔષધ તરીકે વપરાય છે. શીતળામાં તેનો ઉકાળો આપવામાં આવે છે. કમ્બોડિયામાં તે ઝાડા ને મરડામાં વપરાય છે. સફેદ ફૂલવાળા અગથિયાની છાલ સર્પદંશમાં પાણી સાથે વાટી પાય છે; પરંતુ કાયસ ને મહસ્કરના મત અનુસાર અગથિયાની છાલ સર્પદંશ પર બીનઅસરકારક છે.

તેનાં મૂળ વાત, કફ ને સોજા મટાડે છે. રાતા ફૂલના અગથિયાનું મૂળ પાણી સાથે ઘસી સંધિવા પર ચોપડે છે. મૂળનો ૧ થી ૨ તોલા રસ મધ સાથે સળેખમ પર પણ અપાય છે. અગથિયાના મૂળને ધંતુરાના મૂળ સાથે પાણીમાં વાટી સોજા પર લગાડે છે.

પાન સ્વાદે તીક્ષ્ણ, કટુ અને મધુ[illegible] છે. તે કૃમિનાશક ગણાય છે, ને કફ, ખુજ[illegible] કોઢ, રતાંધળાપણું, ફેફરૂં, સંધિવા તેમ[illegible] આંખનાં દર્દોમાં ઉપયોગી છે. મુંબઈમાં તે અગથિયાનાં પાન યા ફૂલનો રસ સળેખમ—માથાના દુઃખાવામાં ઘરગથ્થુ ઉપાય તરીકે વપરાય છે: નસકોરામાં તેનાં ટીપાં પાડવાથી નાકમાંથી ખૂબ પાણી છૂટે છે અને દુઃખ ઓછું થાય છે. વળી આ પાન ગોમૂત્ર તથા મરી સાથે વાટીને વાઈ ઉપર પવાય છે. એમ્બોયનામાં ઊઝરડા તેમજ ઘા ઉપર અગથિયાનાં પાનની પોટીસનો ઉપયોગ બહુ પ્રચલિત છે. યુનાની દવામાં તેનાં પાન શક્તિવર્ધક ગણાય છે અને રતાંધળાપણું તેમ જ પિત્તપ્રકોપ મટાડવા માટે અપાય છે.

અગથિયાનાં ફૂલ શીતળ છે. તે ચોથિયો તાવ, સળેખમ, કફ, પિત્તપ્રકોપ, ખાંસી તથા રતાંધળાપણું મટાડે છે અને સંધિવામાં ઉપયોગી ગણાય છે. કમ્બોડિયામાં અગથિયાનાં ફૂલ શીતળ અને રેચક ગણાય છે. આંખની ઝાંખ દૂર કરવા માટે અગથિયાનાં ફૂલનો રસ આંખમાં નાખવામાં આવે છે.

શીંગ કટુ અને તીક્ષ્ણ છે. તે રેચક ગણાય છે અને ત્રિદોષ, તાવ, ખાંસી, પાંડુરોગ તથા ગુમડાં મટાડે છે, તરસ છીપાવે છે, સ્વાદ સુધારે છે અને બુદ્ધિ સતેજ કરે છે.

પચ્ચીસ વર્ષ પહેલાં





અંક ૨૦ શ્રાવણ ૧૯૮૧ (ઑગસ્ટ ૧૯૨૫)

શ્રાવણ માસનો અંક 'વીરપસલી અંક' કાઢવાની ગયા વર્ષની પરંપરામાં આ વર્ષે પણ બહેનોને અનુકૂળ સામગ્રી આ શ્રાવણ અંકમાં આપેલી. પૂઠા ઉપરના સ્વપ્નશીલ કુમારીના ચિત્રથી માંડી 'વાળની સંભાળ' સુધીનું જે વિવિધ ને કન્યાગાનસને રોચક સાહિત્ય એમાં હતું, તેમાં સત્તાવનની સ્વાતંત્ર્યલક્ષ્મી 'વીરાંગના લક્ષ્મીબાઈ'નું ચરિત્ર મુખ્ય હતું. દર મહીને અભિનવ રચનાનું પૂઠું આપવા માટે આજે ખ્યાત બનેલી 'કુમાર'ની એ પ્રણાલિ આ જ અંકથી ખરેખરી શરૂ થએલી, તેનો નમૂનો આ લેખના મથાળાના આલેખનમાં આપ્યો છે; અને હવેથી એ ફેરફાર ત્યાં સદા જોશો.

'બહેન! જીવનના મુજ સભર ઊંડા આકાશમાં બીજની મંગળ કળા શી સદૈવ તું રળિયામણી રહે છે'–એવા વાક્યથી ઉપાડ કરીને શ્રી દેશળજી પરમારે પહેલા પાના પર બહેનને બિરદાવતા 'ભાઇના ભાવ' આલેખ્યા હતા. દસ પાનાં ભરીને આપેલા રાણી લક્ષ્મીબાઈના વિસ્તૃત ને વિગતવાર ચરિત્રનો પ્રસ્તુત ભાગ એમાંથી ઉતારીએ:

'એમનો જન્મ સં. ૧૮૯૧ના કારતક વદ ચૌદશે (૧૮૩૫ની ૧૬મી નવેમ્બરે) બીજા બાજીરાવ પેશ્વાના ભાઈ ચિમાજી આપ્પાના દીવાન મોરોપંત બલવંતરાવને ત્યાં થયો હતો. ૧૮૧૮માં અંગ્રેજ સરકારે બાજીરાવને ગાદી પરથી ઉઠાડી બ્રહ્માવર્તમાં મોકલી દીધા ત્યારથી ચિમાજી કાશીએ જઈ રહ્યા હતા, અને મોરોપંતને પણ પોતાની સાથે લાવ્યા હતા. પુત્રી મનુબાઈ (લક્ષ્મીબાઈનું નાનપણનું નામ) ત્રણ ચારેક વરસની થઈ ત્યાં તેની માતા ભાગીરથીબાઇનું મૃત્યુ થયું, એટલે મનુબાઈને બાજીરાવના બે દત્તક પુત્રો નાનાસાહેબ અને રાવસાહેબ સાથે રહેવાનું થયું. એ કુમારો સાથે ઘોડેસવારી કરવી, શિકારે જવું, યુદ્ધકળા શીખવી, તલવારબાજી ખેલવી વગેરે રાજકુંવરીના જેવું જ જીવન ગાળવાનું સદ્ભાગ્ય અહીં મનુબાઈને સાંપડ્યું.

૧૮૪૨માં મનુબાઈનાં લગ્ન ઝાંસીના મહારાજા ગંગાધરરાવ સાથે થયાં. ત્યારથી એ મનુબાઈ મટી લક્ષ્મીબાઈ કહેવાવા લાગ્યાં. લક્ષ્મીબાઈના આવ્યા પછી રાજ્ય એટલું સમૃદ્ધ અને સુખી થયું કે લક્ષ્મીબાઇને લોકો સાક્ષાત રાજલક્ષ્મી જ માનવા લાગ્યા. ૧૮૫૧માં લક્ષ્મીબાઈએ એક પુત્રને જન્મ આપ્યો. પણ આ સુખ બહુ ન લંબાયું. પુત્ર ત્રણ માસનો થઈ મૃત્યુ પામ્યો. આ ઘા પછી ગંગાધરરાવની તબિયત પણ લથડી; ને એ વેળાના બુંદેલખંડના પોલિટિકલ એજંટની હાજરીમાં એમણે વાસુદેવરાવ નેવાલકરના પુત્ર આનંદરાવને દત્તક લીધો. આ વખતે લૉર્ડ ડેલહાઉસી હિંદુસ્તાનના વાઈસરૉયપદે હતો. એણે તો એવી જ નીતિ રાખી હતી કે હિંદનો કોઇપણ રાજ્યકર્તા હકદાર વારસ વિના મરી જાય કે એનું રાજ્ય ખાલસા કરી બ્રિટિશ મુલકમાં ભેળવી દેવું. ડેલહાઉસીની આ હજમનીતિથી ચેતીને ગંગાધરરાવે દત્તકવિધિ થઈ રહ્યા પછી તરત જ તે બાબતનો એક ખરીતો બ્રિટિશ સરકારજોગ લખાવી તૈયાર કરાવ્યો. તે પછી ૧૮૫૩ની ૨૧મી નવેમ્બરે ગંગાધરરાવ અવસાન પામ્યા.

અઢાર વરસની નાની ઉંમરે આવી પડેલું આ વૈધવ્યનું દુઃખ હિંમતપૂર્વક ખમી લઈ લક્ષ્મીબાઇએ મહારાજની ઉત્તરક્રિયા પતાવી; અને સરકાર પર દામોદરરાવને ગાદી મળવા વિષે બીજો ખરીતો મોકલ્યો. પણ ડેલહાઉસીની દાનત ખોરી હતી, એટલે આંડાઅવળાં બહાનાં કાઢી ઝાંસી રાજ્ય ખાલસા કરવાનો હુકમ કાઢ્યો. ગમ ખાઈને બેસી રહેવા સિવાય હવે મહારાણીને બીજો કશો આરો નહોતો, એટલે એમણે પોતાનું જીવન ઈશ્વરભક્તિમાં ગાળવા માંડ્યું. એમ કરતાં આખરે, હિંદીઓના હૃદયમાં લક્ષ્મીબાઇને અમર કરનાર પેલી ૧૮૫૭-૫૮ના બળવાની સાલ આવી પહોંચી.

ઉત્તર હિંદુસ્તાનના દરેક શહેરમાં એ બળવાનો હુતાશ પ્રગટી ઊઠ્યો. ઝાંસીના લશ્કરને પણ એ બળવાની ઝાળ લાગી. જૂનની ૪થીની સાંજે પલટનના હવાલદાર ગુરુબક્ષની સરદારી નીચે બળવાખોરોએ 'સ્ટારફૉર્ટ'નો કબજો લીધો. બંડખોરોએ વિજયના ઘેનમાં કેટલાક ગોરાઓના જાન પણ લીધા. બાકીનાં ૪૫ ગોરાં સ્ત્રીપુરુષો ને બાળકો કિલ્લામાં ભરાઇ બેઠાં. તેમના આગેવાન મિ. ગૉર્ડને લક્ષ્મીબાઈની મદદ માગી. ઈશ્વરભક્તિમાં જીવન ગાળતી લક્ષ્મીબાઈ પાસે તો હથિયાર–લશ્કર કાંઈ હતાં નહિ; છતાં તેણે બન્યું એટલું કરીને પોતાનાં ૧૦૦ માણસો મોકલી એ અંગ્રેજ સ્ત્રી-બાળકોને રક્ષણ આપ્યું. પરંતુ ૮મી જૂને બંડખોરોનું મોટું ટોળું તેમને ઘેરી વળ્યું. અંતે નિઃશસ્ત્ર થઇ જવા દેવાની શરતે બહાર નીકળેલાં એ સૌને ઝાંસીની જેલના દારોગા બક્ષિશઅલીએ દગાથી કતલ કર્યાં.

ઝાંસીમાં આમ સરકારની સત્તાનો નાશ થયાના સમાચાર લક્ષ્મીબાઈએ સાગરના કમિશ્નરને પહોંચાડ્યા. તેણે બીજો કોઈ અંગ્રેજ અધિકારી મોકલવામાં હૅમિલ્ટન આવે ત્યાં સુધી ઝાંસીનો કારભાર લક્ષ્મીબાઇને સોંપ્યો. આ વેળા મહારાણીનું વય માત્ર ૨૩ જ વર્ષનું હતું, ઠેરઠેર અવ્યવસ્થા અને ત્રાસ વર્તી રહ્યાં હતાં અને પાસે કોઈ કુશળ સલાહકાર કે વીર યોદ્ધો ન હતો. છતાં ઘણી જ હિંમત ને કુશળતાથી લક્ષ્મીબાઇએ અજબ રીતે વ્યવસ્થા કરવા માંડી. લક્ષ્મીબાઇને અબળા સમજી આ તકનો લાભ લેવાના ઈરાદાથી સદાશિવરાવે ઝાંસીના મહારાજાનું પદ ધારણ કરી હલ્લો કર્યો. પણ લક્ષ્મીબાઇએ તરત જ એને હરાવ્યો. ત્યાં વળી ઓરછા સંસ્થાનનો દીવાન નથેખાં ૨૦,૦૦૦ના લશ્કર સાથે ઝાંસી પર ચડી આવ્યો. બ્રિટિશ સરકારે પોતાને ઝાંસીનો કારભાર સોંપ્યો હતો માટે તેનું વફાદારીથી રક્ષણ કરવાનો રાણીએ નિરધાર કર્યો, પોતાના નાનકડા લશ્કરને ઉત્તેજિત કર્યું અને પોતે પઠાણનો લડાયક વેશ ધારણ કરી મુખ્ય બુરજ ઉપર બ્રિટિશનો યુનિયન જૅક વાવટો રોપી લડાઈમાં હિંમતપૂર્વક ભાગ લીધો. પરિણામે નથેખાં હાર્યો અને જીવ લઇને નાઠો.

નથેખાંને હરાવી, લક્ષ્મીબાઇએ રાજ્યમાં પૂરતો બંદોબસ્ત કર્યો અને આ બાબતના સમાચાર હૅમિલ્ટન પર લખી મોકલ્યા. પણ નથેખાંએ રસ્તામાં એ ખરીતો લઈ જનારને મારી નંખાવ્યો. મહારાણીએ દસ મહિના સુધી ત્યાં અંગ્રેજોની વતી અમલ ચલાવ્યો. જે સમયે બીજે ઠેકાણે બળવાનો અગ્નિ સળગ્યો હતો તે વેળા લક્ષ્મી-

બાઇને પ્રતાપે ઝાંસી પર યુનિયન જૅક ફરકતો હતો. પણ અંગ્રેજ સરકારને આ હકીકતના ખરા સમાચાર પહોંચવા પામ્યા નહિ. ઉલટું બળવાખોરોએ ઝાંસીમાં કરેલી કતલમાં રાણીનો હાથ હતો એવી અફવાથી એમના કાન ભંભેરવામાં આવ્યા. આથી સર હ્યુ રોઝની સરદારી નીચે એક મોટું સૈન્ય ઝાંસી સર કરવા મોકલાયું. લક્ષ્મીબાઈ પાસે આ વખતે માત્ર ૧૧,૦૦૦નું લશ્કર હતું.

૧૮૫૮ના માર્ચની ૨૦મીની સવારે અંગ્રેજ સૈન્ય ઝાંસી આવી પહોંચ્યું. સર હ્યુ રોઝે લક્ષ્મીબાઇને કહેણ મોકલ્યું કે કિલ્લો ખાલી કરી સોંપી દો ને તમે નિઃશસ્ત્ર થઈ અમારી આગળ હાજર થાઓ. આવું અપમાન કરનારું કહેણ સાંભળી લક્ષ્મીબાઈનું સ્વાભિમાન ઘવાયું. પોતે મોકલેલા ખરીતાઓનો કોઇએ કશો ઉત્તર આપ્યો નહિ અને પોતે તેમનું રાજ્ય સંભાળી રાખી આટલી સેવા કરી તેનો બદલો આ અપમાન! લક્ષ્મીબાઈનું લોહી ઊકળી ઊઠ્યું, અને ઉત્તરમાં કહેવડાવી દીધું કે હું લડવા તૈયાર છું.

૩૧મી તારીખ સુધી ભયંકર યુદ્ધ ચાલ્યું. દુર્ભાગ્યે આવામાં જ ઝાંસીનો દારૂગોળો સળગી ઊઠ્યો. દારૂગોળો ખૂટી જતાં લક્ષ્મીબાઇએ એક પછી એક અલંકારો તોપોમાં ઠાંસીઠાંસીને છોડવા માંડ્યા! તાત્યા ટોપે ૨૦,૦૦૦નું સૈન્ય લઈ મદદે આવી લાગ્યો પણ હ્યુ રોઝની કુશળતાએ એને ફાવવા ન દીધો. એવામાં દુર્ભાગ્યે એક વિશ્વાસઘાતી ફૂટ્યો અને અંગ્રેજોએ ઝાંસીના કોટનો વેરછા દરવાજો તાબે કર્યો. લક્ષ્મીબાઈ હાથમાં નાગી તલવાર લઇ પોતાના ચુનંદા આરબોના લશ્કર સાથે તૂટી પડ્યાં. પણ છેવટે કિલ્લાનું કોઈ પણ રીતે રક્ષણ થઇ શકે એમ નથી એવી ખાતરી થવાથી, પોતે પુત્ર દામોદરરાવને પીઠ પર બાંધી, અંગ્રેજ લશ્કરને થાપ આપી, ઝાંસીને છેલ્લી સલામ કરી. અને આખરે ચોવીસ કલાકના અન્નપાણીના ઉપવાસ પછી ૧૦૨ માઈલ કાપી મધરાતે તે કાલ્પી પહોંચ્યાં.

અહીં ૧૮૫૭ના બળવાની એ ત્રણ વિખ્યાત વ્યક્તિઓ એકઠી થઈ: લક્ષ્મીબાઇ, તાત્યા ટોપે અને રાવસાહેબ પેશ્વા. આ ખબર હ્યુ રોઝને મળતાં તેણે કાલ્પી પર ચડાઈ કરી. લક્ષ્મીબાઇને સ્ત્રી જાણીને પેશ્વાએ લડાઇના વ્યૂહમાં તેમની કશી સલાહ ન લીધી. લક્ષ્મીબાઇએ તેમને સમજાવ્યા કે વિલક્ષણ બુદ્ધિ અને કાર્યપટુતાથી કામ લીધા વિના આ અંગ્રેજોને હરાવવા સહેલા નથી. પણ એમનું સાંભળે કોણ? અંગ્રેજોએ સજ્જડ હલ્લો કર્યો. લક્ષ્મીબાઇએ પોતાની નાનીશી ટુકડી લઇને અંગ્રેજો પર એવા તો જોરથી ધસારો કર્યો કે અંગ્રેજ સિપાઈઓના છક્કા છૂટી ગયા. પણ એટલામાં હ્યુ રોઝની પાંચળ પલટનો આવી લાગી અને રાવસાહેબ પેશ્વા મેદાન છોડી નાસવા માંડ્યા! આમ ૨૪મી મેએ કાલ્પી પણ અંગ્રેજોને હાથ પડ્યું.

કાલ્પીની હારથી તાત્યા ટોપે અને રાવસાહેબ નિરાશ થઇને બેઠા, પણ લક્ષ્મીબાઈએ માર્ગ બતાવ્યો કે 'અત્યારે અંગ્રેજોના કેળવાએલા સૈન્ય સામે આપણા શિખાઉ લશ્કરનું કાંઈ ચાલવાનું નથી. માટે આશ્રય સારુ કોઈપણ કિલ્લો હાથ કરવો જોઇએ. ઝાંસી અને કાલ્પીના કિલ્લા હવે પાછા મેળવી શકવાની આશા નથી, માત્ર એક રસ્તો છે. જયાજીરાવ સિંધિયા જો આપણને મળી જાય, અને ગ્વાલિયરનો કિલ્લો હાથ આવે તો જ આપણે ફાવીએ.' લક્ષ્મીબાઈની આ વિચક્ષણ સલાહથી સૌ ઉત્સાહમાં આવી ગયા.

આ વખતે પણ લક્ષ્મીબાઇને સેનાપતિ ન નીમતાં ખુદ રાવસાહેબ પેશ્વા પોતે સેનાપતિ બની ચાલ્યા! મદદ માગવા આવતા આ લશ્કરનો સિંધિયાએ ઊંધો જ અર્થ કર્યો, અને પોતાના લશ્કરને યુદ્ધ-આરંભનો હુકમ આપ્યો. સિંધિયાની ૧૨૦૦૦ વરાપી તોપો ફૂટી

એટલે રાવસાહેબને એમ થયું કે આ તો આદરસત્કારની તોપો ફૂટે છે! પણ જ્યારે એ વધુ પ્રમાણમાં ફૂટી ત્યારે ખાત્રી થઈ કે આ તો લડાઈની તોપો! બસ, થઈ રહ્યું. પેશ્વાના લશ્કરમાં ગભરાટ ફેલાયો. પરંતુ આ વખતે પણ પેશ્વાઈ લશ્કરમાં ગાબડાં પડતાં જોઇ લક્ષ્મીબાઈ પોતાના ૩૦૦ સવાર લઈ આગળ આવ્યાં, અને વજ્રની માફક સિંધિયા પર તૂટી પડ્યાં. કાળ સમી વીજળીની જીભો જેવી તેમની તલવારના સંહાર આગળ સિંધિયાના વીરો ગભરાઈ ગયા અને ખુદ જયાજીરાવ સિંધિયા જીવ લઇ આગ્રે નાસી ગયા.

આ વિજયના મદમાં મસ્ત બની રાવસાહેબ પેશ્વા અને તાત્યા ટોપે ખાણાંપીણાં અને નાચરંગમાં ગુલતાન બની ગયા! આ જોઇ લક્ષ્મીબાઈ ગુસ્સે થયાં ને તેમણે પેશ્વાને કહેવડાવ્યું કે આ વખત ભોગવિલાસનો નથી. પણ બેમાંથી એકેયે માન્યું નહિ. પેશ્વા બ્રાહ્મણોને દાનભોજન આપવામાં મશગુલ હતા અને તાત્યા ટોપે પણ વિજયના ગર્વમાં ભવિષ્યમાં હિંદનું રાજ્ય કેમ હાથ કરવું અને ચલાવવું તેનાં સ્વપ્નાં ઘડતો હતો!

જોતજોતામાં સર હ્યુ રોઝ ગ્વાલિયર પર ચડી આવ્યો. હવે પેશ્વા ગભરાઇ ગએલા સૈન્યને હિંમત આપવા નીકળ્યા. તાત્યા ટોપે પણ ઉતાવળે ઉતાવળે યુદ્ધનો બંદોબસ્ત કરી સલાહ લેવા લક્ષ્મીબાઈ પાસે આવ્યો. લક્ષ્મીબાઇએ કહ્યું, 'હવે જ્યારે અંગ્રેજો છાતી પર આવીને ઊભા રહ્યા ત્યારે જાગ્યા? જાઓ, હું મારાથી બને તેટલું કરવા તૈયાર છું.' તાત્યા ટોપેના પગમાં જોર આવ્યું.

જૂનની ૧૭મીએ બ્રિગેડીઅર સ્મિથે લડાઈ શરૂ કરી. મહારાણીએ તોપનો મારો શરૂ કરાવ્યો અને પોતે પોતાના તુર્ક અને મહરાણી સવારોને લઈ દુશ્મનો પર તૂટી પડ્યાં. તુમુલ યુદ્ધ મચ્યું. એવામાં સમાચાર આવ્યા કે પેશ્વા હારીને નાસી ગયા. આ ખબર સાંભળી લક્ષ્મીબાઈનું પાયદળ પણ નાસવા માંડ્યું. લક્ષ્મીબાઇને પડખે માત્ર ગણ્યાગાંઠ્યા સવારો રહ્યા. તેમને અંગ્રેજ સેના ચોમેરથી ઘેરી લઈ તેમના પર તૂટી પડી. ગોરાઓની સેંકડો બંદૂકો ચારે તરફથી ગોળીઓનો વરસાદ વરસાવતી ચોમેરથી ભીંસ લેતી આવતી હતી. આવા વિકટ વ્યૂહમાંથી રણકૌશલની મૂર્તિ લક્ષ્મીબાઇ પોતાની બે દાસીઓ, દત્તક પુત્ર અને એક સ્વામીભક્ત સરદારને લઇ સુરક્ષિત બહાર લાવી રસ્તે પડ્યાં. બ્રિગેડિયર સ્મિથે તેમની પાછળ અંગ્રેજ સવારો દોડાવ્યા. તેમણે ગોળીઓનો અંધાધુંધ મારો ચલાવ્યો. એક ગોળી મહારાણીની પીઠમાં વાગી. એટલામાં અંગ્રેજ સવારો ભેટંભેટ થઇ ગયા. ત્યાં જ યુદ્ધ મચ્યું. પોતાને ગોળી મારનારને પહેલે જ ઘાએ લક્ષ્મીબાઈએ પૂરો કર્યો. ત્યાં પાછળથી પોતાની દાસી મુંદ્રાની ચીસ સાંભળી. તરત જ લક્ષ્મીબાઇએ ઘોડો ફેરવી દાસીનો જાન લેનારને પણ ઠાર કર્યો, અને વળી પાછો પંથ કાપવા માંડ્યો. પણ દુર્ભાગ્યે રસ્તામાં એક નાળું આવ્યું. લક્ષ્મીબાઇનો ઘોડો ત્યાં અડી બેઠો. આ ઘોડો એમણે સિંધિયાના તબેલામાંથી લીધો હતો. એ ઘોડાએ આખરે દગો દીધો. અંગ્રેજ સવારો આવી પહોંચ્યા. એક જણે પાછળથી ઘા કર્યો. લક્ષ્મીબાઇના માથાનો જમણો ભાગ છિન્નભિન્ન થઈ ગયો અને આંખ બહાર નીકળી પડી! પણ છતાં, એમણે પડતાંપડતાં અવળે હાથે તલવારનો ઘા કરી પોતા પર ઘા કરનારને પૂરો કર્યો.

વિશ્વાસુ સરદાર રામચંદ્રરાવ ઘાયલ લક્ષ્મીબાઇને પાસેની ગંગાદાસ નામના એક બાવા સંન્યાસીની ઝૂંપડીમાં લઈ ગયો. રાણીને તરસ ખૂબ લાગી હતી. સંન્યાસીએ લક્ષ્મીબાઈના મુખમાં ગંગાજળ રેડ્યું; અને ભારતની સ્વતંત્રતા સમી એ દેવી, એ ૧૮૫૮ના જૂનની ૧૮મી તારીખે (સંવત ૧૯૧૪ના જેઠ સુદ ૭ને દિવસે) મૃત્યુ પામી.

Our Friends Abroad


[જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ]

આ પત્ર મેળવનાર: ગિરધારીલાલ ઑફ ૭૧૧/૩, સાકર બજાર, અમદાવાદ-૨

પ્રિય મિત્ર

બે માસ પહેલાં મને તમારો પત્ર મળેલો. હું ઘણો જ કામમાં હોવાથી વહેલો જવાબ ન આપી શક્યો તે માટે તમારી ક્ષમા માગું છું. મેં લશ્કરી નોકરી છોડી દીધી છે, અને ફરીથી વાગાનિન્જેનની ખેતીવાડી કૉલેજમાં અભ્યાસ કરવા ચાહું છું.

આં સાથે 'મુક્ત નેધરલૅન્ડ' નામના અમારા એક અઠવાડિકમાં આવેલું ચિત્ર (જુઓ નીચે) કાપી મોકલું છું. એનું ડચ મથાળું છે 'In Gandhi's Geest'–ગાંધીબોધને પગલે; અને નીચે શબ્દો



છે 'સબૂર!' 'મુક્ત નેધરલૅન્ડ' અમારાં શ્રેષ્ઠ સાપ્તાહિકોમાંનું એક છે ૧૯૪૦ના ઑગસ્ટમાં જર્મનોએ અમારા દેશનો કબજો લીધો ત્યારે તે સ્થપાએલું અને અમે ફરી મુક્ત થયા ત્યાં સુધી તે 'ભૂગર્ભ-પત્ર' તરીકે નીકળતું. તેનું વલણ સમાજવાદી છે, પણ 'ડચ મજૂર પક્ષ'થી તે સ્વતંત્ર છે.

૧૯૩૯માં જ્યારે યુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે અમે ભાગ્યે જ માનતા હતા કે ૧૯૧૪-૧૮ના ભીષણ જગતયુદ્ધ પછી માણસજાત ફરી નવું યુદ્ધ ખેડશે. પરંતુ આજે, જર્મની અને જાપાનની શરણાગતીનાં પાંચ જ વર્ષ પછી, ફરી લશ્કરો કૂચ કરવા માંડયાં છે ને બૉમ્બ ફેંકાવા લાગ્યા છે. જોકે કોરિયાનો ઝગડો ગયા મહાયુદ્ધની સરખામણીમાં અગત્યનો નથી; પણ ભવિષ્યમાં શાં પરિણામ આવશે તે કોઈ કહી શકે તેમ નથી.

સામ્યવાદ વિષેનો મારો અભિપ્રાય મેં તમને કહ્યો છે. એશિયામાં સામ્યવાદીઓને વિજય મેળવતા અટકાવવાના 'યુનો'ના ઠરાવને હું અનુમોદું છું; પણ બીજી બાજુ એશિયામાં અમેરિકન નીતિ નિષ્ફળ નીવડી છે એની આપણે ના નહિ પાડી શકીએ. દક્ષિણ કોરિયાની સડેલી અને પ્રત્યાઘાતી સરકાર સામાજિક ન્યાય ન સ્થાપી શકી, અને ફરી આપણે ઇતિહાસમાં જોઇએ છીએ કે જ્યાં બીજી પદ્ધતિઓ નિષ્ફળ જાય છે ત્યાં સામ્યવાદીઓ ફાવી જાય છે. એ જ રીતે હું માનું છું કે સામ્યવાદી ચીનને 'યૂનો'ની બહાર રાખવામાં ભૂલ થાય છે. ચ્યાંગ કાઇ શેકની સરકાર નાલાયક નીવડી. માઓ ત્સે તુંગની સરકારનો સ્વીકાર એ વાસ્તવિકતાનો સ્વીકાર છે. એથી બ્રિટનની નીતિ જોડે હું સંમત થાઉં છું અને બંને પક્ષ વચ્ચે સમાધાન કરાવવાના નેહરૂના પ્રયત્નની પ્રશંસા કરું છું. સામ્યવાદી ચીનને 'યૂનો'માં દાખલ કરાવવાનો દાવો ન્યાયયુક્ત છે. ચીન એશિયામાં મહા બલવાન સત્તા છે, ને એનો ઇન્કાર કરવો તે વાસ્તવિકતાને જોવાની ખામી છે.

હવેને વખતે હું તમને વધારે લાંબો પત્ર લખીશ. આવતી કાલે હું ફ્રાન્સ જાઉં છું અને ત્યાંથી ૨૦મી ઑગસ્ટે પાછો આવવા ચાહું છું; એટલે એ તારીખ પછી હું ફરી લખીશ એ વખતે હું, તમારા દેશની જ્ઞાતિવ્યવસ્થા વિષેના તમારા છેલ્લા પત્રમાંના રસમય વિષયનો જવાબ લખીશ

તો હું હવે ફ્રાન્સ જવા ઊપડું છું–આ રીતે. (જુઓ નીચેનું ડાબી બાજુનું ચિત્ર: ખભે થેલો ને હાથમાં છત્રી લઇને પરસેવો પાડતાં.) તમારા દેશમાં તો મુસાફરી કદાચ ઘણી સરળ હશે,–આ રીતે. (જુઓ જમણી તરફનું ચિત્ર: હાથી ઉપર સૂતાંસૂતાં.) પણ આ માણી અમે



તો અહીં માત્ર પ્રાણીસંગ્રહસ્થાનમાં જ જોવા પામીએ છીએ.

હૃદયથી તમારો લૂઇ (Louis)

બે ફરિયાદ-પત્રો અને બે રચનાત્મક સૂચનના

'કુમાર'નો વર્ષોથી ગ્રાહક છું. કદીક મારા શોખને મળતા આવતા નામવાળી વ્યક્તિઓને પત્રમિત્ર બનાવવાની ઈચ્છા રાખું છું. જૂન '૫૦ના અંકમાં એક સરનામું જોયું...અને પત્ર લખ્યો...અને પરિણામ આવ્યું ત્રણ જ દિવસમાં. પત્ર ફોડયા સિવાય જ refused થઇને પરત આવ્યો.

ત્યારે એટલો જ પ્રશ્ન થાય છે કે જો આવેલા પત્રો સામે નજર સરખી ય નાખવાની ભાવના જાગતી નથી, તો પત્રમિત્ર થવા નામ શું કામ આપતાં હશે? પોતાનું નામ 'જાહેરાત'માં મૂકવા માટે તો નહિ હોય? ...તે ગમે તે હો પણ આવાં નામ માસિકમાં છપાતાં અટકવાં જોઈએ જ. કારણ આ અને આવા બનાવો પત્રમિત્ર થવાની અને બનવાની ભાવનાનાં જડમૂળમાં જ ઘા કરનાર હોય છે. મારા કથનની સાબિતીમાં પરત આવેલો પત્ર–જેવો આવ્યો તેવો જ–આપને બીડું છું. આપને યોગ્ય લાગે તો પત્ર ખોલીને વાંચી શકો છો.

(ઇન્સ્ટીટયૂટ ઑવ ઍગ્રિકલ્ચર: આણંદ થઇને) —મધુ દેસાઈ

• • આ જ વ્યક્તિને લખેલા પત્રોનો ઉત્તર ન મળવા બાબત ભાઈ ધનવંત વાળાનો પણ ફરિયાદ-પત્ર અમને હમણાં જ મળ્યો છે. હવે એવી જ ફરિયાદ કરતો એક વધુ આકરો પત્ર વાંચો:

'મને લાગે છે કે આપણા યુવકો 'કુમાર'નું અપમાન કરી રહ્યા છે. મારો એક અમેરિકન મિત્ર જણાવે છે કે "આપે (મેં) મોકલેલાં ૪૦થી ૫૦ સરનામાંઓમાંથી મેં ઘણા જ પ્રમાણમાં મારા ૧૧ શાળામિત્રોને વહેંચ્યાં, પરંતુ તે સરનામાંમાંથી ફક્ત બે જ હિંદી ભાઇઓએ જવાબ આપ્યો: એક રાજકોટથી અને બીજો મુંબઇથી; ને તેમણે મને સવાલ કર્યો છે કે શું હિંદીઓ આવું જ કર્યા કરે છે? અગર જો તેઓ અમારી સાથે મૈત્રી બાંધવા નાખુશ હોય તો અમને પોતાની નાખુશીનો જવાબ તો જણાવે, જેથી અમે ફરી બીજા હિંદીઓ સાથે પત્રમિત્રતા કરતા રહી શકીએ. કારણકે અમને 'ના'નો જવાબ મળે તો 'હા'નો પણ કોઈ વખત જવાબ મળશે જ."

ઉપર જણાવેલાં સરનામાં તો મેં 'કુમાર'માંથી જ મેળવ્યાં હતાં. અને તે ઓરિજિનલ કાપલીઓ જ મેં ત્યાં મોકલી હતી. વધારામાં તેઓ જણાવતા હતા કે બધા પત્રો Air-Mailથી જ લખવામાં આવ્યા હતા. આપને જરૂર લાગશે કે આપણાં હિંદી ભાઈબહેનો આ ખરાબ કરી રહ્યાં છે. તેઓ ફક્ત 'કુમાર'નું નહિ, પરંતુ હિંદી પ્રજાનું પણ અપમાન કરી રહ્યાં છે.

મારે તેઓને જવાબમાં શું જણાવવું તે પણ મારી પાસે સવાલ ઊભો થયો છે. અને ૧૦ દિવસથી આવેલા પત્રનો આજ સુધી પણ હું જવાબ આપવાને શક્તિમાન બની શક્યો નથી. આવાં ભાઇ-બહેનો માટે આપે તાત્કાલિક ઉપાયો લેવા જોઈએ.

આપ એવો કોઈ ઉપાય શોધી નાખો અને પછી જ આપણાં હિંદી ભાઇ-બહેનોનાં સરનામાં આપના માસિકમાં છાપો.

(૨૫૫૭ દેવશાનો પાડો, અમદાવાદ) —કુમુદકાંત શાહ'

• • ઉપાય શો શોધીએ? હિંદી પત્રમિત્રોનાં નામ સદંતર ન છાપવા બાબતની અમારી જાહેરાત પછી તેમ નહિ કરવા સમજાવતા પણ અનેક પત્રો અમારા ઉપર આવ્યા કે એમ 'પાડાને વાંકે પખાલીને ડામ' દેવાથી તો બીજા પ્રામાણિક ને ખરા ઉત્સુક પત્રમિત્રોને અન્યાય થશે. જોકે સરનામાં છાપવાની માગણી કરતા પત્રોની અમારાથી બની શક્તી ચકાસણી કર્યા બાદ ચૂંટેલાં નામ જ અમે છાપીએ છીએ; છતાં આમ બને છે. વ્યવહાર-વિવેકની આ ખામી, આ દેશમાં સર્વત્ર વ્યાપી રહેલા નીતિશૈથિલ્યનું જ એક પાસું છે. આપણા પ્રજાકીય ચારિત્ર્યનો એ એક ડાઘ ગણાય, અને એથી આપણા દેશની આબરૂ આપણે ખરાબ કરી રહ્યા છીએ એટલું ભાન આણવાની વિનતિ કરીને ફરીથી સૌ પત્રમિત્રોને અમે અપીલ કરીએ છીએ કે પત્રવ્યવહાર કરવાની પોતાની અનિચ્છા હોય તો તેમ સ્પષ્ટ દર્શાવતો છેવટનો નિખાલસ પત્ર લખવાનો વિવેક તો સૌએ કરવો જ જોઇએ.

હવે બે રચનાત્મક સૂચન કરતા પત્રો વાંચો:

હિંદમાં વસતા પરદેશીઓની પત્રમિત્રતા વિષે

'હું ઘણાં વર્ષો થયાં 'કુમાર'નું વાચન કરું છું...પત્રમિત્ર વિભાગમાં હું ખાસ રસ લઉં છું. તેમાંથી એક વસ્તુ પ્રત્યે તમારા મારફત પત્રમિત્રોનું ધ્યાન ખેંચવા જેવું લાગે છે.

આજ સુધી પત્રમિત્ર વિભાગમાં કોઈ દિવસ પણ હિંદમાંના અંગ્રેજ, જર્મન, ફ્રેન્ચ, ચાઈનીઝ, બર્મીઝ, જાપાનીઝ, પોર્ટુગીઝ વગેરે પરદેશના યુવકોનાં સરનામાં જોવામાં આવેલ નથી. શું હિંદમાં તેઓનાં સરનામાં અપ્રાપ્ય છે? કે તે યુવકો હિંદી પત્રમિત્રો સાથે તેમના દેશમાં જ પત્રવ્યવહાર કરવા અનિચ્છા દર્શાવે છે?

પરદેશના યુવકો સાથે પત્રવ્યવહાર કરવાથી જાણવાયોગ્ય માહિતી મળી શકે છે એ સાચું, પણ મારા માનવા મુજબ જેઓ આપણા દેશમાં વસવાટ કરી રહેલા છે તેવા યુવકો સાથે ય જો પત્રવ્યવહાર અને વિચાર-વિનિમય કરવામાં આવે તો આપણે તેમના વિષે અને તેઓ આપણા વિષે વધારે જાણી શકે. અંગત પરિચયની તકની સંભવિતતા પણ રહે. આવો કોઇ પ્રયત્ન આજ સુધી આપણા તરફથી થયો હોય એવું મારા ધ્યાનમાં નથી. આવી જાતના પત્રમિત્રોનાં સરનામાં આપની પાસે કે કોઈ ભાઇઓ પાસે હોય તે મને મોકલવાની ગોઠવણ કરશો તો હું આભારી થઈશ.

(એ. જે. ચાંચાણી, પો. બોકારો, જિ. હજારીબાગ)—જિતેન્દ્ર છાયા'

ભાઈ ગિરધારીલાલ શ્રોફ પોતા ઉપર આવેલો આ નીચેનો પત્ર મોકલે છે:

કુમારમાં આવતો 'Our Friends Abroad' વિભાગ મને ઘણો જ ગમ્યો છે. અને એની મદદને લઇને જ મારે આજે લગભગ પંદરથી વીસ મિત્રો થયા છે.

આ વિભાગ માટે હું એક સૂચન કરવા માગું છું. 'કુમાર'ની જેમ બીજા દેશોમાં પણ માસિકો નીકળતાં હશે. 'કુમાર' તેવાં માસિકોનો સહકાર સાધે અને 'Our Friends Abroad'માં છપાતા હિંદીમિત્રોનાં નામોનું પાનું જુદાજુદા દેશોનાં સામયિકો તથા માસિકોમાં છપાવે તો હિન્દી પત્રમિત્રોને, હું માનું છું કે, ઘણો જ લાભ થશે; કારણકે 'કુમાર' ફક્ત ગુજરાતી વાંચનાર બંધુઓ જ ખરીદતા હોય છે. —મહેન્દ્રના જયહિન્દ'

• • આનો એક અફળ પ્રયત્ન અગાઉ અમે કરેલો; ફરી પણ કરીશું. દરમ્યાન જે પત્રમિત્રો પોતાના પરદેશનાં મિત્રો દ્વારા એવાં પરદેશનાં સામયિકોને અમારી ઈચ્છા પહોંચાડી અમને તેમના સંપર્કમાં મૂકી શકે તેમ હોય તેમને તેમ કરવાની અમારી વિનતિ છે.

હિંદી પત્રમિત્રો

(533) Rameshchandra Chunilal Parikh, Three Poles, Umreth (Kaira)—15, Stamps, Coins, Drawing and Painting, Games; (534) Ramnik B. Shah, Manek Bhuvan, Bunder Road, Kutch-Mandvi—20, Stamps; (535) Harilal Keshavlal Jadav, C/o Chawda & Co., Khodi Ambli, Ahmedabad—21, Literature, Philosophy; (536) Joshi Lakshmishanker Jayashanker, Soni Falia, Bhuj-Kutch—17, Politics, Science, Geometry, Birds, Astrology; (537) Rajani A. Sheth, C/o G. D. Sheth, Kansara Pole, Visnagar—16, Drawing, Music, Literaure; (538) Pravin R. Dalal, 1597 Ratan Khadaki, Dhanasuthar's Street, Ahmedabad—17, Stamp, Coins, Photography (539) Suresh C. Parikh. C/o G. D. Sheth, Kansara Pole, Visnagar—16, Music, Photography, Stamps; (540) Miss Krishna A. sheth, C/o G. D. Sheth, Kansara Pole, Visnagar—17, Photography, Music, Cinema; (541) Chinubhai A. Shah, 3503, Darwaja's Khancha, Shahpur, Ahmedabad—20, Stamps, Gandhism, Music, Philosophy; (542) Bhailal Khatri, C/o Ramjibhai Narsidas, Khatriwad, Amreli (Saurashtra)—17, Coins, Stamps, Cricket; (ચાલુ)

[**વિશ્વામિત્ર**—અનુસંધાન પૃ. ૨૬૯થી]

મેનકા : મને આપની પાસે રાખવાથી આપને કલંક નહિ લાગે. સમય આવશે ત્યારે મારો પરિચય મળી જશે. આપ મને 'કવિતા' કહીને સંબોધન કરશો.

વિશ્વામિત્ર : તું મૂર્છિત કેમ થઇ ગઈ હતી, કવિતે ?

મેનકા : ગુલાબના એક ફુલ સાથે રમી રહી હતી, ત્યાં મને એક ભયંકર સર્પ દેખાયો અને ચીસ પાડી ઊઠી પછી આંખ ખુલી ત્યારે...

વિશ્વામિત્ર : શરમાવા લાગી ?

મેનકા : આને શરમ કહે છે? મારી મેળે આપને ગળે પડી રહી છું.

વિશ્વામિત્ર : કેવી વાત કરે છે, કવિતે ! ભલે થવાનું હોય તે થાય.

દૃશ્ય પાંચમું

[વર્ણનકાર : મહર્ષિ વસિષ્ઠના શિષ્ય અને અયોધ્યાપતિ મહારાજા ત્રિશંકુને રાજસૂય યજ્ઞ કરવાની ઇચ્છા થવાથી, ને વશિષ્ઠ કુલ-ગુરુ હોવાથી, તેમને યજ્ઞમાં આચાર્યપદ સ્વીકારવાની વિનંતી કરવા તે મહર્ષિના આશ્રમમાં આવે છે.]

ત્રિશંકુ: ગુરુદેવ, રાજસૂય યજ્ઞ કરી શકું એવી મને આજ્ઞા આપો, એ માટે હું આપની પાસે આવ્યો હતો.

વસિષ્ઠ: કેમ? આ યજ્ઞ કરવાનું એકદમ કેમ સૂઝી આવ્યું?

ત્રિશંકુ: શુભ કાર્ય માટે જ્યારે ઈચ્છા થાય ત્યારે તે પૂર્ણ કરવામાં વિલંબ ન થવો જોઇએ, એ તો આપનું શિક્ષણ છે.

વસિષ્ઠ: આટલા દિવસમાં તમે બીજાં કયાં શુભ કાર્ય કર્યાં? ત્રિશંકુરાજ, તમે યજ્ઞ કરવાના અધિકારી નથી.

ત્રિશંકુ: શું હું સૂર્યવંશમાં ઉત્પન્ન નથી થયો? શું મારા બાહુઓમાં બળ નથી? અને શું આપ મારા ગુરુ નથી? બ્રહ્મર્ષિ વસિષ્ઠનો શિષ્ય જ યજ્ઞ કરવાનો અધિકારી નથી, તો બીજો કોણ છે?

વશિષ્ઠ: તમે ભૂલો છો, રાજન. માત્ર સૂર્યવંશી અને વસિષ્ઠના શિષ્ય બનવાથી કોઇ માણસ યજ્ઞ કરવા માટેનો અધિકારી નથી થઇ જતો. યજ્ઞકર્તામાં બીજા ગુણો પણ હોવા જોઇએ.

ત્રિશંકુ: એટલે ?

વસિષ્ઠ: જેની બુદ્ધિ પર લોભનો પડદો હશે તે ઉચિત શું ને અનુચિત શું એ કેમ સમજી શકશે ? બોલો, કેટલા યાચકોને તમારે ત્યાંથી ભિક્ષા મળે છે? તમારા કેટલા દુષ્ટ કર્મચારીઓને દંડ દીધો? તમે પ્રજાનાં કષ્ટોનો વિચાર કરવાની કેટલી વાર જરૂરત જોઇ છે? અયોધ્યાની સન્માનિત વ્યક્તિઓએ અનેકવાર મારી પાસે આવીને તમારી કર્તવ્યહીનતા ઉપર આંસુ પાડયાં છે.

ત્રિશંકુ: મને હતું કે યજ્ઞના સંકલ્પથી આપ પ્રસન્ન થશો.

વસિષ્ઠ: ખૂબ પવિત્ર છે ને તમારો સંકલ્પ! કયા કયા રાજાઓના કોપ પર તમારી શનિ-દૃષ્ટિ થઇ છે? અયોધ્યાનરેશ! રાજસૂય યજ્ઞ બીજાને લૂંટીને પોતાનું ઘર ભરવા માટે નથી થતો.

ત્રિશંકુ: શું મારા પૂર્વજોએ દિગ્વિજય નહોતો કર્યો?

વસિષ્ઠ: અવશ્ય કર્યો હતો. પરંતુ તે ઉદંડ રાજાઓના સ્વચ્છંદ રોકવા માટે, નિર્બળોની રક્ષા કરવા માટે; બીજાને લૂંટવા માટે નહિ. પરાજિત રાજાઓ પાસેથી તે નામનો કર લેતા હતા; અને તે પણ એટલા જ માટે કે પોતાની ઉપર પણ કોઈ છે એમ તેઓ ન ભૂલે.

ત્રિશંકુ: મારી પણ એવી જ ઈચ્છા છે, ગુરુદેવ! સીમા-પ્રદેશના કેટલાક રાજાઓ વિદ્રોહ કરી રહ્યા છે.

વસિષ્ઠ: પણ તે શા માટે તેની ખબર છે? તેઓ એટલા માટે જ વિદ્રોહ કરે છે કે તેમના ઉપર કોઈ આદર્શ રાજાનું શાસન નથી. ચક્રવર્તી અયોધ્યાનરેશને મનોરંજનમાંથી નવરાશ જ ન મળે ત્યારે તેના રાજ્યમાં ઉપદ્રવ ન થાય તે જ આશ્ચર્ય હોય. જાઓ ત્રિશંકુરાજ, પહેલાં તમારું આચરણ સુધારો; એ પછી યજ્ઞના વિચાર કરજો.

ત્રિશંકુ: ગુરુદેવ......

વસિષ્ઠ: બધું નિરર્થક છે રાજન્! હું કશું જ નહિ સાંભળું. એક વાત વધારે કહી દઉં કે તમે જો તમારા આચરણમાં શીઘ્રતાપૂર્વક પરિવર્તન નહિ કરો તો પ્રજા પોતાના માટે કોઇ અન્ય યોગ્ય રાજા શોધી લેશે; અને એવી દશામાં વસિષ્ઠ ન્યાયનો પક્ષ લેશે.

ત્રિશંકુ: આપ મારો ત્યાગ કરો છો?

વસિષ્ઠ: જ્યાં સુધી પરિવર્તનની આશા છે ત્યાં સુધી. દર્દની ચિકિત્સા અસંભવિત લાગે ત્યારે માંસ કાપી નાખવું જોઈએ. હવે હું વધારે નથી સહન કરી શકતો. શિષ્યના પાપનાં ફળ ગુરુએ પણ ભોગવવાં પડે છે. જાઓ, મારી દૃષ્ટિમાં તમે જ્યારે યજ્ઞના અધિકારી જણાશો ત્યારે હું મારી મેળે આવીને કહીશ.

ત્રિશંકુ: જેવી આજ્ઞા. (જવાનો પદધ્વનિ)

વસિષ્ઠ: સારંગદેવ! સારંગદેવ!! (દોડવાનો ધ્વનિ આવે છે.)

સારંગદેવ: આજ્ઞા, ગુરુદેવ!

વસિષ્ઠ: વિદર્ભના રાજકુમાર વિદ્યાધ્યયન માટે આજે ગુરુકુલમાં આવનાર છે. તમે વેદ-વિભાગના આચાર્ય સુમેરુતુંગને કહો કે સંસ્કાર સમયે વેદપાઠીઓને ઉપસ્થિત રહેવા કહે.

સારંગદેવ: જેવી આજ્ઞા. (જવાનો પદધ્વનિ)

વિશાલાક્ષ: (દૂરથી અવાજ) ગુરુના વચન ઉપર અવિશ્વાસ કરે છે, નીચ! આવા પાપી માટે ક્ષમા ન હોય. મારા શાપથી ચાંડાલ થઈ જા. તને કોઈ પણ ધર્મકાર્ય કરવાનો અધિકાર નથી.

વસિષ્ઠ: (સ્વગત) અરે, આ તો વિશાલાક્ષનો અવાજ છે! એણે કોના ઉપર ક્રોધ કર્યો? ઈશ્વર કલ્યાણ કરો. (વિશાલાક્ષ આવે છે.)

વિશાલાક્ષ: આની નીચતા જોઇ, પિતાજી?

વસિષ્ઠ: કોની, વિશાલાક્ષ?

વિશાલાક્ષ: પેલો ત્રિશંકુ!

વસિષ્ઠ: પુત્ર! શાંતિ! શું થયું?

વિશાલાક્ષ: આપની પાસેથી કોરો જવાબ મળ્યો, એટલે મને યજ્ઞ કરાવવા માટે કહેવા લાગ્યો.

વસિષ્ઠ: પણ એમાં તેં ક્રોધ કેમ કર્યો? શાપ દેવાની શી આવશ્યક્તા હતી? શિવ! શિવ!!

વિશાલાક્ષ: પોતાના ગુરુ અને મારા પિતાનું અપમાન કરનાર શું વરદાન મેળવે?

વસિષ્ઠ: તું એને વરદાન નહિ, પણ ક્ષમા આપી શકતો હતો.

વિશાલાક્ષ: પાપીને? અને તે ય ક્ષમા?!

વસિષ્ઠ: (હસીને) ધન્ય છે તારી બુદ્ધિને! વત્સ, ક્ષમા પાપી માટે ન હોય તો શું પુણ્યાત્મા માટે હોય? ક્ષમા બ્રાહ્મણને ભૂષણ છે અને ક્રોધ શત્રુ. ત્રિશંકુ તો ચાંડાલ થઇ ગયો, પરંતુ તારા ઉપર પણ ક્રોધ રૂપી ચાંડાલ છે જ. બોલ, અહીં આવ્યા પછી મને પ્રણામ કરવાનું તારું કર્તવ્ય ન હતું?

વિશાલાક્ષ: (ચૂપ રહે છે.)

વસિષ્ઠ: બોલતો કેમ નથી? જોયું? ક્રોધે તારી બુદ્ધિને પણ ભ્રષ્ટ કરી નાખી ને? ત્રિશંકુએ તો માત્ર પોતાના ગુરુનું અપમાન કર્યું હતું, પરંતુ તેં એની અવજ્ઞા કરી કે જે તારા પિતા અને ગુરુ બન્ને છે.

વિશાલાક્ષ: ક્ષમા માગું છું, ભગવન્!

વસિષ્ઠ: મારા તરફથી તો પ્રત્યેકને માટે ક્ષમા છે જ. પરંતુ

તારે તારી ભૂલને માટે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. પ્રાયશ્ચિત્તથી હૃદય શુદ્ધ થાય છે. હું સંધ્યોપાસના કરવા જાઉં છું. તું એકાંતમાં તારા કર્તવ્યનો નિર્ણય કરી લે.

વિશાલાક્ષ: જેવી આજ્ઞા. (બન્ને જાય છે.)

દૃશ્ય છઠ્ઠું

[વર્ણનકાર: ત્રિશંકુને બ્રહ્મર્ષિ વસિષ્ઠે યજ્ઞ કરવા ના કહી એટલે તે, પોતાની ઈચ્છાને કોઈ પણ પ્રકારે તૃપ્ત કરવાની ઈચ્છાથી, શોધ કરીને વિશ્વામિત્રના આશ્રમમાં આવે છે. પણ આશ્રમમાં તો......]

વિશ્વામિત્ર: (સ્વગત) સુંદરી કવિતાએ મારા સૂતેલા યૌવનને જગાડી દીધું! કોયલનું કૂજન વિશ્વામિત્રને હવે સંગીતમય લાગે છે. ભ્રમર અને કલિકાનું મિલન મારા માટે જોવાની વસ્તુ બની ગઈ છે. વૃક્ષોને વળગેલી લતા જોઈને હું ભુલાવામાં પડી જાઉં છું. શરીરના રોમે રોમમાં મોહની કવિતા વ્યાપ્ત છે,–હૃદય પર તેનું સામ્રાજ્ય છે. એ મીઠું સ્મિત! ઓહ!! કેટલો જાદુ છે એમાં!!! એમ લાગે છે કે કવિતા મારી સમક્ષ પ્રત્યક્ષ રૂપમાં આવી છે. કેટલો ઉત્સાહ! આ દિવસોમાં મારા જીવનમાં કેટલો મદ છે! એક વર્ષથી આ મોહિનીનો હું અનુચર છું. (મોટા અવાજે) કવિતા....કવિતા......!! ક્યાં છો? હજી ન આવી? રીસાએલાંને મનાવવામાં પણ આનંદ છે. (ચાલતાં, ચાલતાં) કવિતા......! અહીં કુટિમાં પણ નથી. ઠીક, સામે કુંજમાં જોઉં (થોભીને) હેં ..? કુંજમાં પણ નહિ?! હવે ક્યાં જોઉં? ક્યાંય પણ દેખાતી નથી. દૂર સુધી બધું શૂન્ય છે. ફરી કુટિમાં જોઉં. હેં! આ ભોજપત્ર ક્યાંથી? આના ઉપર તો કશુંક લખ્યું છે. (વાંચે છે:)

'ભગવન્! પ્રણામ. હું જાઉં છું. આશા છે કે આપ મને ક્ષમા આપશો. તુરતમાં જ આપનું એક સંતાન મારી ગોદમાં હશે. તેના લાલનપાલનનો પ્રબંધ હું કરી લઈશ. હવે આપ મારો પરિચય જાણી શકશો.—મેનકા.'

(વાંચી રહીને) અરે! આ મેનકા હતી?! સ્વર્ગની અપ્સરા?!! દગો, છળ, માયા! નારીના પ્રેમમાં કેટલો જાદુ છે!! વિશ્વામિત્ર, હવે તું યોગભ્રષ્ટ તપસ્વી છે. પાપમાં આકર્ષણ ન હોય તો પછી કોઈ પાપ કરે જ શું કામ? મારા જીવનની આ બીજી હાર છે. મેનકાના રૂપે મારી બુદ્ધિ ઉપર પડદો નાખી દીધો હતો. મેનકા! હું તને ધિક્કારું છું. તારા ઉપર જ નહિ પણ તારા ધ્યાન ઉપર પણ થૂંકું છું. પાપિનિ, હું મારા લક્ષ્ય તરફ જતો હતો અને તું મારા માર્ગમાં અડચણ બનીને આવી. મારી તપસ્યા ધૂળમાં મળી ગઈ... (ત્રિશંકુ આવે છે.)

ત્રિશંકુ: મહર્ષિ વિશ્વામિત્રનું તપોવન આ જ?

વિશ્વામિત્ર: મને જ વિશ્વામિત્ર કહે છે, પથિક! પરંતુ હવે મને મહર્ષિ ન કહીશ. ક્યારેક હું તપસ્વી હતો, પરંતુ હવે મારી તપસ્યાને મેં પાણીમાં નાખી દીધી છે.

ત્રિશંકુ: અત્યારે આપ ખિન્ન થયા લાગો છો, ભગવન્!

વિશ્વામિત્ર: ફરી વખત પાછું પવિત્ર સંબોધન? મેં કહ્યું ને, કે હું વિશ્વામિત્ર સિવાય કશું જ નથી?

ત્રિશંકુ: આપ આ શું કહો છો? હું મોટી આશાથી આપની પાસે આવ્યો છું.

વિશ્વામિત્ર: તું છે કોણ?

ત્રિશંકુ: મારું નામ ત્રિશંકુ છે.

વિશ્વામિત્ર: કોણ, ત્રિશંકુ? અયોધ્યાનો રાજા? વસિષ્ઠનો શિષ્ય?

ત્રિશંકુ: જી; અયોધ્યાનો રાજા, પણ વસિષ્ઠનો શિષ્ય નહિ.

વિશ્વામિત્ર: એમ કેમ?

ત્રિશંકુ: વસિષ્ઠ મારો યજ્ઞ કરાવવા તૈયાર નથી; અને તેના પુત્ર વિશાલાક્ષે મને ચાંડાલ થવાનો શાપ આપ્યો છે.

વિશ્વામિત્ર: તો તું મારી પાસેથી શું ઈચ્છે છે?

ત્રિશંકુ: હું આપની સહાયતા માગું છું?

વિશ્વામિત્ર: કઈ રીતે?

ત્રિશંકુ: વસિષ્ઠનો બદલો લેવાનો ઉપાય બતાવો.

વિશ્વામિત્ર: સમજ્યો. (વિચારીને) રાજન્ તમે યજ્ઞ કરો.

ત્રિશંકુ: પરંતુ બ્રાહ્મણો મારા યજ્ઞમાં આવવાની ના કહે છે.

વિશ્વામિત્ર: કેમ?

ત્રિશંકુ: કહે છે કે ચાંડાલને કોઇ ધર્મકૃત્ય કરવાનો અધિકાર નથી.

વિશ્વામિત્ર: કશી ચિંતા નહિ; તમારા યજ્ઞમાં આચાર્ય હું થઇશ.

ત્રિશંકુ: પરંતુ વસિષ્ઠના પુત્રનો શાપ...

વિશ્વામિત્ર: એની ચિંતા ન કરો. જાઓ, ઇશ્વર તમારું કલ્યાણ કરે. (ત્રિશંકુ જાય છે.)

વિશ્વામિત્ર: (સ્વગત) હવે જોઈએ વસિષ્ઠ, કે કોની જીત થાય છે. તારો જ શિષ્ય મારી પાસે સહાય માટે આવ્યો છે, ત્યારે તો ઠીક મઝા પડશે. તેં તારા પગમાં જ કુહાડી મારી છે. જગત જોશે કે ત્રિશંકુનો યજ્ઞ કેવો થાય છે. વિશ્વામિત્રની તપસ્યા ભલે પૂરી ન થઇ હો, પણ તેનું તેજ નષ્ટ નથી થયું.

દૃશ્ય સાતમું

[વર્ણનકાર: આમ વિચારીને વિશ્વામિત્ર થોડાક દિવસ પછી અયોધ્યા તરફ પ્રયાણ કરે છે. માર્ગમાં વસિષ્ઠના આશ્રમ પાસેથી પસાર થતાં ત્યાં જાય છે. વિશાલાક્ષ વિદ્યાર્થીઓને શીખવતા હોય છે.]

વિશાલાક્ષ: આ કોણ આવે છે? કોઈ તપસ્વી લાગે છે. (વિશ્વામિત્રને) પધારો, ભગવન્! (વિદ્યાર્થીઓને) અતિથિ-પૂજનની સામગ્રી લાવો તો.

વિદ્યાર્થીઓ: જેવી આજ્ઞા. (જાય છે.)

વિશ્વામિત્ર: માત્ર થોડુંક પાણી પીવું છે.

વિશાલાક્ષ: આ આવે પાણી. (સામગ્રી લઇને આવે છે.) પધારો ભગવન્! આપનાં ચરણ પ્રક્ષાલું. (પગ ધોવાનો અવાજ) આપના ચરણની ધૂળથી આ સ્થાન પવિત્ર થયું. ખૂબ દૂરથી આવતા લાગો છો.

વિશ્વામિત્ર: આપનું અનુમાન સાચું છે.

વિશા૦: આજે આપ અમારા અતિથિ છો; અહીં જ વિશ્રામ કરો.

વિશ્વામિત્ર: નહિ; મારે જરૂરનું કામ છે. અયોધ્યાના રાજા ત્રિશંકુને ત્યાં જવું છે.

વિશાલાક્ષ: ત્રિશંકુને ત્યાં યજ્ઞ છે?

વિશ્વામિત્ર: એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે?

વિશાલાક્ષ: ત્રિશંકુ તો ચાંડાલ છે. ઠીક; યજ્ઞમાં આચાર્ય કોણ છે?

વિશ્વામિત્ર: વિશ્વામિત્ર.

વિશાલાક્ષ: (હસીને) યજમાન ચાંડાલ અને આચાર્ય ક્ષત્રિય! પિતાજીના બન્ને શત્રુ એક જ સ્થાન ઉપર એકત્ર થયા છે.

વિશ્વામિત્ર: શું તું જ વસિષ્ઠનો પુત્ર વિશાલાક્ષ છો?

વિશાલાક્ષ: આપનું અનુમાન સત્ય છે.

વિશ્વામિત્ર: હું પાણી નહિ લઉં.

વિશાલાક્ષ: આપ અપ્રસન્ન કેમ થયા? કારણ?

વિશ્વામિત્ર: ખૂબ ભોળો! કારણ ન સમજ્યો? જે વિશ્વામિત્રે પોતાની તપસ્યાથી દેવતાઓને પણ ચકિત કર્યા તે બ્રહ્મર્ષિ નથી; અને તું માત્ર બ્રાહ્મણનો પુત્ર હોવાથી બ્રાહ્મણ છો!

વિશાલાક્ષ: (હસીને) ઠીક ત્યારે, તું જ વિશ્વામિત્ર છો! તારું નામ બરાબર જ છે; તું ખરેખર વિશ્વનો શત્રુ છે. અમને નીચા જોવાની ઈચ્છા કરનાર ક્ષત્રિય, તું અતિથિ છો, નહિતો.....

વિશ્વામિત્ર: નહિતો શું કરત? અભિમાની બ્રાહ્મણકુમાર. ત્રિશંકુના યજ્ઞની પૂર્તિ જોવા તું જગતમાં નહિ રહે. આજ પૃથ્વી ધ્રુજે, (સ્વર ઊંચો જાય છે) હિમાલય ચળે, સમુદ્રોમાં તુફાન થાય, દિક્પાલ ડોલે, દેવગણ આકાશમાંથી જુએ કે વિશ્વામિત્રની તપસ્યામાં કેટલું બળ છે! વિશાલાક્ષ, મારા હાથમાં તારું જ આપેલું પાણી છે. મારા શાપથી તું જ નહિ પણ વસિષ્ઠના સઘળા પુત્ર ભસ્મ બની જાઓ.

(વીજળીનો કડાકો કરતો અવાજ)

વિશાલાક્ષ: ૐ શાન્તિ : શાન્તિ:... (મરી જાય છે.)

દૃશ્ય આઠમું

[વર્ણનકાર: મેનકા પોતાનું કામ આટોપીને સ્વર્ગમાં પહોંચી જાય છે. ઇન્દ્ર ને ચિત્રસેન તેની જ વાતો કરતા બેઠા હોય છે.]

ઈન્દ્ર: અરે હાં ચિત્રસેન, મેનકા ક્યાં છે?

ચિત્રસેન: આવી ગઇ છે દેવરાજ!

ઈન્દ્ર: અને તેની પુત્રી?

ચિત્રસેન: તે એને નદીને કિનારે મૂકતી આવી હતી.

ઈન્દ્ર: એની રક્ષા માટે શો પ્રબંધ કર્યો છે?

ચિત્રસેન: એ માટે નિશ્ચિંત રહો. મહર્ષિ કણ્વ નદીએ સ્નાન કરવા ગયા હતા, તે એ કન્યાને ઉઠાવીને લઈ ગયા છે. ત્યાં એનું પાલન-પોષણ સારી રીતે થશે.

ઈન્દ્ર: હવે વિશ્વામિત્ર ક્યાં છે?

ચિત્રસેન: ફરી તપસ્યા કરે છે.

ઇન્દ્ર: (હસે છે.)

ચિત્રસેન: વિશાલાક્ષે ક્ષત્રિય કહીને તેનો ઉપહાસ કર્યો છે, એટલે તે ઈચ્છે છે કે દુનિયા તેને બ્રાહ્મણ કહે. હવે તે ભગવાન બ્રહ્માને પ્રસન્ન કરવા માગે છે.

ઇન્દ્ર: ભગવાન વસિષ્ઠના શા સમાચાર છે?

ચિત્રસેન: કંઈ વિશેષ નહિ. તે સમુદ્રની જેમ ગંભીર છે: નહિ હર્ષ, નહિ શોક.

ઈન્દ્ર: વિશ્વામિત્રે તેના પુત્રોને ભસ્મ કરી નાખ્યા હતા ને?

ચિત્રસેન: તેમને જ્યારે એ સમાચાર મળ્યા ત્યારે માત્ર હસ્યા હતા; અને એમ કહ્યું કે ઈશ્વર વિશ્વામિત્રને બુદ્ધિ આપે. વિશ્વામિત્રે તો વસિષ્ઠની હત્યા કરવાનો પ્રયત્ન કર્યો હતો.

ઈન્દ્ર: કેમ?

ચિત્રસેન: વિશ્વામિત્ર ત્રિશંકુના યજ્ઞમાં આચાર્ય હતા ને?

ઈન્દ્ર: એ તો તેં કહ્યું હતું.

ચિત્રસેન: પછી, ત્રિશંકુના યજ્ઞમાં દેવતાઓ નહિ ગએલા.

ઈન્દ્ર: સારું કર્યું.

ચિત્રસેન: ત્યારે વિશ્વામિત્રે પોતાની તપસ્યાના પ્રભાવથી ત્રિશંકુને જીવિત અવસ્થામાં જ સ્વર્ગે મોકલવાની ઇચ્છા કરી.

ઇન્દ્ર: પછી?

ચિત્રસેન: જ્યારે તે એમાં સફળ ન થયા ત્યારે તેમણે પોતાની તપસ્યાથી એક નવું સ્વર્ગ નિર્માણ કર્યું ને ત્રિશંકુને ત્યાંનો રાજા બનાવ્યો.

ઈન્દ્ર: (હસીને) ત્યારે ત્રિશંકુ હવે એક સ્વર્ગનો રાજા છે?!

ચિત્રસેન: વિશ્વામિત્રે કહ્યું'તું જ, કે દેવરાજ મારી તપસ્યાનો [illegible] જુઓ. સ્વર્ગના રાજ્યને હું તુચ્છ ગણું છું.

ઇન્દ્ર: પરંતુ તેમણે વસિષ્ઠની હત્યા....

ચિત્રસેન: એ જ કહું છું. ત્રિશંકુનો યજ્ઞ પૂર્ણ ન થયો, એટલે વિશ્વામિત્રને ફરી વાર વસિષ્ઠ ઉપર ક્રોધ ચડ્યો.

ઈન્દ્ર: કેમ?

ચિત્રસેન: એમને એમ લાગે છે કે, પોતે આહ્વાન કરવા છતાં દેવતાઓએ વસિષ્ઠનો પક્ષપાત કર્યો અને ત્રિશંકુના યજ્ઞમાં ન આવ્યા. એટલે રાત્રિના સમયે શસ્ત્ર લઇને વસિષ્ઠના આશ્રમ તરફ ગયા.

ઇન્દ્ર: પછી?

ચિત્રસેન: અર્ધરાત્રી હતી. ચોપાસ સૂમસામ હતું. વિશ્વામિત્ર ધીમા પગે વસિષ્ઠની કુટિમાં પહોંચ્યા. ભગવાન વસિષ્ઠ એ સમયે ધ્યાનમગ્ન હતા. તેમણે ખડ્ગનો પ્રહાર કર્યો. પરંતુ ખડ્ગ હાથમાંથી છૂટી ગયું. ભગવાન વસિષ્ઠની આંખો ખુલી ગઈ. તે માત્ર હસ્યા.

ઇન્દ્ર: ધન્ય! પછી શું થયું?

ચિત્રસેન: વિશ્વામિત્રે શિર ઝુકાવેલું હતું. વશિષ્ઠે તેમને પ્રેમથી બેસાડ્યા અને સમાચાર પૂછ્યા. વિશ્વામિત્રે તો શરમના માર્યા નીચે જ જોઈ રાખ્યું.

ઇન્દ્ર: ભગવાન વસિષ્ઠના ઉપદેશનો કંઈ પ્રભાવ પડ્યો?

ચિત્રસેન: નહિ. વિશ્વામિત્રનું ચિત્ત ચંચળ છે. નદીના તરંગો ઉપર કશું લખી શકાય? વિશ્વામિત્રે પોતાનું ખડ્ગ લીધું અને ચાલવા લાગ્યા. સરયૂ નદી પાસે પહોંચીને શસ્ત્ર ફેંકી દીધું અને બોલ્યા કે શસ્ત્રબળ અને તપોબળ બંને નિરર્થક છે. હવે બ્રહ્મબળ મેળવવા માટે બ્રાહ્મણ બનીશ. સરયૂનું પાણી લઇને તેમણે બ્રાહ્મણ બનવાની ભીષ્મ-પ્રતિજ્ઞા કરી છે. આ વખતે તેમની તપસ્યા ઘણી ઉગ્ર છે.

ઈન્દ્ર: ક્ષત્રિયનો ક્રોધ અને તપસ્યાનું તેજ બંને એક જ સ્થળે ભેગાં થયાં છે. આ વિશ્વામિત્ર પણ અજબ વ્યક્તિ છે જોઇએ કે આ તપનું શું પરિણામ આવે છે.

ચિત્રસેન: આવા દૃઢ સંકલ્પવાળા પુરુષો દુનિયાના કલ્યાણમાં લાગી જાય તો કેટલું ભલું થાય!

ઈન્દ્ર: મને લાગે છે કે એમ જ થશે. તમે હવે જાઓ, અને કોઈ નાટકનું આયોજન કરો. હું ભગવાન બ્રહ્માનાં દર્શન કરીને અભિનય જોવા આવું છું.

ચિત્રસેન: જેવી આજ્ઞા. (જાય છે.)

દૃશ્ય નવમું

[વર્ણનકાર: વિશ્વામિત્ર તપસ્યા કરતા હોય છે ત્યારે બ્રહ્મા પ્રકટ થાય છે.]

બ્રહ્મા: આંખ ખોલો, વિશ્વામિત્ર. તમારી તપસ્યા પૂર્ણ થઈ છે.

વિશ્વામિત્ર: હેં! બ્રહ્મદેવ? ભગવન્, પ્રણામ કરું છું.

બ્રહ્મા: હા વિશ્વામિત્ર, હું બ્રહ્મા છું તમારી તપસ્યાએ મને અહીં આવવા માટે વિવશ કર્યો છે. શું ઈચ્છો છો?

વિશ્વામિત્ર: ભગવન્! મને બ્રાહ્મણ થવાનું વરદાન આપો.

બ્રહ્મા: એ મારી શક્તિ બહારની વસ્તુ છે; બીજું કશુંક માગો.

વિશ્વામિત્ર: મારે બીજું કંઇ નથી જોઈતું. મારે બ્રાહ્મણ બનવું છે. જો આપ વરદાન ન આપી શકો તો મારા પ્રશ્નોના ઉત્તર આપો.

બ્રહ્મા: પૂછો.

વિશ્વામિત્ર: માનો કે હું ક્ષત્રિયનો પુત્ર છું. પરંતુ શું હું બ્રાહ્મણ ન બની શકું? આટલી તપસ્યાથી પણ હું બ્રાહ્મણ ન બની શકુ?

બ્રહ્મા: ભૂલો છો વિશ્વામિત્ર, તપસ્યા કોઇને બ્રાહ્મણ નથી બનાવતી.

વિશ્વામિત્ર: તો આપનું તાત્પર્ય છે કે બ્રાહ્મણનો પુત્ર જ બ્રાહ્મણ હોઈ શકે?

બ્રહ્મા : દુનિયા બ્રાહ્મણના પુત્ર પાસેથી એ આશા રાખે છે કે તેનામાં બ્રાહ્મણ જેવા ગુણ હોય; કેમકે મનુષ્યના લોહીમાં તેના વંશની કંઈક વિશેષતા ગળે જ છે. છતાં યે કોઇ બ્રાહ્મણપુત્ર હોવા છતાંય પોતાના કર્તવ્યનું પાલન ન કરતો હોય, તો તે બ્રાહ્મણપુત્ર ભલે કહેવાય પણ બ્રાહ્મણ તો ન જ કહેવાય. દેવતા ને રાક્ષસ બંને મહર્ષિ કશ્યપનાં સંતાન છે. પરંતુ દેવતા એ દેવતા જ ને રાક્ષસ એ રાક્ષસ જ.

વિશ્વામિત્ર : ત્યારે તો મનુષ્યની જાતિ નક્કી કરવા માટે તો તેનાં કર્મ કેવાં છે તે જ જોવાં ને?

બ્રહ્મા : ગુણ અને કર્મ બંને.

વિશ્વામિત્ર : એમ કેમ?

બ્રહ્મા : એ માટે તમારું જ દૃષ્ટાંત લઈએ. તમે માત્ર તપસ્યાને એટલે કેવળ બહારના કર્મને જ બ્રાહ્મણ બનવાનું લક્ષણ માન્યું. એ એક ભૂલ છે. તપસ્યા તો અનેક રાક્ષસોએ પણ કરી છે. પરંતુ એ દ્વારા તેમની ઈચ્છા દેવતાનું વેર લેવાની અને સાંસારિક કામનાઓની પૂર્તિ રહેતી આ જ તમારી દશા છે.

વિશ્વામિત્ર : કઈ રીતે?

બ્રહ્મા : સ્પષ્ટ જ છે. વસિષ્ઠને નીચે પાડવાની ઇચ્છા તમને નચાવી રહી છે, અને એટલા જ માટે તમે વારંવાર તપસ્યા કરો છો. બ્રાહ્મણ બનવાનું તો દૂર રહ્યું, પરંતુ તમે ક્ષત્રિય પણ ન રહ્યા.

વિશ્વામિત્ર : તો હું અત્યારે કેવો છું?

બ્રહ્મા : એક ભટકતી વ્યક્તિ, કે જેને પોતાના કર્તવ્યનું જ્ઞાન નથી. આજ પણ તમે ઘૃણા, ક્રોધ અને દ્વેષના દાસ છો છતાં યે બ્રાહ્મણ કહેવડાવવાની કામના રાખો છો. માત્ર જટા વધારીને તથા વનમાં રહીને બ્રાહ્મણ નથી બનાતું. બ્રાહ્મણમાં તપની સાથે ક્ષમા અને દયા પણ હોવાં જોઇએ. બ્રાહ્મણ કોઈ ઉપર દ્વેષ નથી કરતો તેનું તપોબળ દુનિયાના કલ્યાણ માટે હોય છે.

વિશ્વામિત્ર : શું મેં ત્રિશંકુના કલ્યાણ માટે પ્રયત્ન નથી કર્યો?

બ્રહ્મા : તમને શરમ થવી જોઇએ, વિશ્વામિત્ર. એમાં પણ તમારી ભાવના વસિષ્ઠનું અપમાન કરવાની હતી. એક નવું સ્વર્ગ રચીને તમે એક સારા શિલ્પકાર કહેવડાવી શકશો, પણ બ્રહ્મા નહિ કહેવડાવી શકો. લોકોપકાર તો તમે રાજા હતા ત્યારે પણ ન કર્યો. બોલો, વસિષ્ઠના પુત્રોને શાપ આપવાની શી જરૂર હતી? તમારી ઇચ્છા વસિષ્ઠને દુઃખ દેવાની હતી પરંતુ, તેના મુખ ઉપર મેલ પણ નથી. તે આજ પણ તમારા માટે કલ્યાણ કામના રાખે છે.

વિશ્વામિત્ર : તે મારું કલ્યાણ ઈચ્છે છે?

બ્રહ્મા : આજે જ નહિ—સદાથી. એ જ બતાવોને, કે આજ સુધી એમણે તમારો કંઈ અપકાર કર્યો? એ સમય યાદ છે ને કે જ્યારે તમે શસ્ત્ર લઇને તેમને મારવા ગયા હતા? એનો તેમણે બદલો લીધો?

વિશ્વામિત્ર : હું શું કરું? બ્રાહ્મણ કહેવડાવવાની ઈચ્છા...

બ્રહ્મા : બ્રાહ્મણ કહેવડાવવું તે કંઇ સન્માનની વાત નથી બ્રાહ્મણ તો માન અને અપમાનથી દૂર રહે છે. તે બીજાનો સેવક છે, સ્વામી નહિ. તમે બીજાનું સન્માન કરતાં શીખો. બ્રાહ્મણ બનવું ને તમારા હાથમાં છે. હૃદય શુદ્ધ કરો, વેરને ભૂલી જાઓ અને વસિષ્ઠ પાસે તમારા અપરાધની ક્ષમા માંગો. એમાં નાક નીચું નહિ થાય. વિનય તો મનુષ્યને ઊંચે લઈ જાય છે. જે દિવસે વસિષ્ઠ પોતે પોતાના મુખથી તમને 'બ્રાહ્મણ' કહેશે ત્યારે તમેં બ્રાહ્મણ બનશો. જાઓ, મારો આશીર્વાદ તમારી સાથે છે. તમારું કલ્યાણ થાય.

વિશ્વામિત્ર : (સ્વગત) ભગવાન ગયા અને મારી આંખ ખોલતા ગયા. મેં વસિષ્ઠના અપરાધ કર્યો છે. આ પાપનું પ્રાયશ્ચિત શું હશે? ખૂબ અશાંતિ થાય છે! જીવન વ્યર્થ લાગે છે! મૃત્યુ સિવાય શાંતિ માટે બીજો કશો ઉપાય નથી. આજે આ ભગવા મારા માટે ફાંસીનો ગાળો બનશે. આ વૃક્ષ ઠીક છે. ઉપર ચડી જાઉં. આ ફાંસો બની ગયો. થોડી વાર પછી વિશ્વામિત્ર નામ જ બાકી રહેશે (ફાંસો ગળામાં નાખે છે) હરિઃ ૐ વિશ્વાનિ દેવ સવિતુર્દુરિતાનિ પરાસુવ, દેવ ભદ્રં તન્ન આસુવ ॥

વસિષ્ઠ : (પ્રવેશ કરે છે) થોભો વિશ્વામિત્ર!

વિશ્વામિત્ર : કોણ, વસિષ્ઠ?

વસિષ્ઠ : હા વિશ્વામિત્ર. આ શું? આત્મહત્યા મહાપાપ છે.

વિશ્વામિત્ર : ક્ષમા આપો, ભગવન્! અપરાધી વિશ્વામિત્ર હવે કોઇને મુખ બતાવવા લાયક નથી રહ્યો

વસિષ્ઠ : પશ્ચાત્તાપના અગ્નિએ તમને આટલી વારમાં જ તપાવીને કુંદન બનાવી દીધા છે.

વિશ્વામિત્ર : હું એક નીચ મનુષ્ય છું.

વસિષ્ઠ : તમારું હૃદય હવે સ્વચ્છ છે. તમે હવે બ્રાહ્મણ છો. વસિષ્ઠ બ્રાહ્મણનું સન્માન કરવાનું શીખ્યો છે. બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર! આવો, તમને હૃદય સાથે ચાંપું. [સંપૂર્ણ]

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ


પહેલું ઈનામ: ગોફ્ફ; બીજું ઈનામ: 'એકાન્ત અધ્યયન'-ભાઈ જગજીવન ર. માવડીઆ (પોરબંદર); ત્રીજું ઇનામ: 'સંસ્કૃતિનાં સોપાન' -ભાઇ બાલચન્દ્ર દવે (ધ્રાંગધ્રા); નોંધપાત્ર: (૧) 'વિખરાતાં વાદળ' ભાઇ બાલચન્દ્ર દવે, ધ્રાંગધ્રા; (૨) 'ગિરિ તળેટી ને કુંડ દામોદર': વિનયકાન્ત મ. મહેતા (સાવરકુંડલા). ચિત્રો અન્યત્ર જુઓ.

આ વખતે બીજું ઈનામ જીતનાર ભાઇ જગજીવન માવડીઆનું 'એકાન્ત અધ્યયન' ચિત્રમય ફોટોગ્રાફીનો પ્રશંસનીય નમૂનો છે. ગિરનારની ગોદમાં આવેલાં આ જૈન દેરાસરોનાં અનેક દૃશ્યચિત્રો આ જ સ્થળેથી લેવાયાં છે; પણ વાતાવરણને બંધબેસતા માનવપાત્રથી એ સ્થળને જીવંત ને કાવ્યમય બનાવતો આ પ્રયાસ ફોટોકલાકારની રસવૃત્તિનો ખ્યાલ આપે છે. સુરુચિકર વર્ણભેદ, મસ્તાની હવામાન અને મૃદુ સૂર્યપ્રકાશથી વાતાવરણ શાંત પ્રસન્ન છે. મથાળે ઝૂકેલી ઝાડની ડાળી દૂર ખેંચાઇ જતી દૃષ્ટિને ચિત્રપટ પર કેંદ્રિત કરે છે. માનવપાત્ર ફોકસ બહાર ન હોત તો ચિત્ર પહેલા ઈનામને પાત્ર બનત.

નોંધપાત્ર ઠરતા ભાઇ વિનયકાન્ત મહેતાના 'ગિરિ તળેટી ને કુંડ દામોદર'નું ચિત્ર એ સ્થળનો ખ્યાલ આપતો માત્ર સ્નૅપશૉટ છે. નથી તેમાં દૃષ્ટિની નવીનતા કે કૅમેરાના કોણની ખૂબી. ઓવર એક્સ્પોઝરને કારણે પ્રકાશની ખૂબી પણ પ્રિન્ટમાં આવી શકી નથી.

ભાઇ બાલચન્દ્રના ચિત્ર 'વિખરાતાં વાદળ'માં રંગબેરંગી વાદળ આકર્ષણથી કૅમેરાની ચાંપ દબાઈ છે. પણ ચિત્રમાં કોઇક વસ્તુ કેન્દ્ર બનવી જોઇએ. સ્થળને અનુકૂળ ઝાડ કે કોઈ પાત્રાયોજનથી વાતાવરણ ઊભું કરવું જોઇએ. અહીં આકાશ, ઝાડ ને ઝૂંપડી, સૌ પ્રતિસ્પર્ધી જેવાં છે અને દૃષ્ટિને અસ્થિર બનાવે છે.

એ જ ભાઇનું ત્રીજું ઈનામ જીતનારું ચિત્ર 'સંસ્કૃતિનાં સોપાન' સુંદર છે. વળાંક લેતાં પગથિયાં અને બંને બાજુની પાળો, જોડે કોઠો. પડખેનું મકાન, સર્વે એક મધુર સંયોજન રચી રહ્યું છે. સૌ પગથિયાં પરની નીચેની કાળી છાયા યોગ્ય પ્રમાણભાર સાચવવા જાણે ત્યાં આવી રહી છે. આ જ ચિત્રનો વચલો માત્ર કાળાં પગથિયાંનો ભાગ યોગ્ય પ્રમાણ રાખી ટ્રિમ કરી લેવાથી એક બીજું સારું ચિત્ર તેમાંથી નીપજે તેમ છે.




માસ ઑગસ્ટ હે !
લોહીભીનો છતાં તું શુકનવંત છે, મુક્તિની ચોપગ્રાનો ગહાછંદ છે;
લોકસંગ્રામનું તું મહાકાવ્ય છે, લોકશાસનતણું સપરમું ગીત છે.
પર્વ છે તું અમારું અનોખું અને, ગર્વ છે તું શહીદોની તાકાતનો;
તેં જ ખંડન કર્યું; તેં જ મંડન કર્યું, તું જ લાવા અને લાવણ્ય છે.
વિનાશકહતોતુંવિધાયકબન્યો,તુંજતખ્તોહતોતખ્તપાગુતુંબન્યો;
એટલે તો તને આજ ગાયો.
(જન્મભૂમિ) —વેણીભાઇ પુરોહિત

જ્યૉર્જ ગ્રીઅર્સન

આપણી રાષ્ટ્રભાષા અને આપણી પ્રાંતીય ભાષાઓ વિષેની અસ્મિતા અને ગૌરવ આપણને તો હજી હમણાં થોડાં વરસોથી જ જાગ્યાં. પણ ભારત જેવા મહાન દેશની સેંકડો ભાષાઓ અને બોલીઓનો અભ્યાસ કરવાની ઉત્કટ પિપાસા અને પરિશ્રમ જે એક પરદેશીમાં પહેલવહેલાં જાગ્યાં, તેણે આ પારકા પરદેશની ભાષાઓ માટે પણ જે ઉદ્યમ અને અભ્યાસ કર્યા છે તે અહોભાવ જગાડે એવાં છે. એણે જ આપણા પ્રાંતેપ્રાંતની લખાતી ભાષાઓ અને બોલાતી બોલીઓનો વ્યાકરણશુદ્ધ ઝીણવટભર્યો અભ્યાસ કર્યો, તેની નોંધો કરી, પરસ્પરની સરખામણી કરી તેમના સંબંધોનું સંશોધન કર્યું, અને નિર્ણયાત્મક અભિપ્રાયો બાંધીને પહેલી જ વાર દાયમો માટે ગ્રંથસ્થ કર્યું. ઈ. ૧૯૪૧માં (૭મી માર્ચે) એ અવસાન પામ્યા ત્યાં સુધીમાં, એ વખતના અવિભાજિત ભારતમાં, કુલ ૧૭૯ ભાષાઓ અને ૫૪૪ બોલીઓ પ્રચલિત હોવાનું એમણે નિશ્ચિત કર્યું હતું અને એ બધાં પાછળ ત્રીસ વરસની અખંડ જહેમત ખેડીને તૈયાર કરેલા, એમના કાર્યના મૂર્તિમંત સ્મારક રૂપ, 'લિંગ્વિસ્ટિક સર્વે ઑાવ ઇન્ડિયા' નામની ગ્રંથમાળાના ૧૮ ગ્રંથો એમણે તૈયાર કર્યા હતા. એ દરેક ગ્રંથ લગભગ ૪૦૦ પાનાંનો છે. ભાષાશાસ્ત્રના એ એવા પ્રમાણભૂત નિષ્ણાત હતા કે કોઈ પણ દેશમાં એવો ભાષાશાસ્ત્રી નથી થયો કે જેણે એમનો અભિપ્રાય કોઈને કોઈ રીતે ટાંક્યો ન હોય. આપણી ભાષાઓની સર્વ બાબતમાં તો આપણે એમના જ ઋણી છીએ.

તેમનો જન્મ ઇ.૧૮૫૧માં આયર્લાંડમાં થયો હતો. સને ૧૮૬૯માં તે પટણાના ઍડિશનલ કમિશ્નર તરીકે હિંદમાં આવ્યા, ત્યારથી જ તેમને હિંદના ભાષાવિષયક સંશોધનની ધૂન લાગી. એટલે સૌથી પહેલાં તેમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો. પછી તેમણે લોકભાષાઓ તરફ પોતાનો રુચિ વાળી, જે પચાસ વર્ષ સુધી એક સરખી રીતે ચાલુ રહી. ૧૮૯૮માં હિંદની સરકારે તેમને હિંદની ભાષાઓ અને બોલીઓની સૂચિ તૈયાર કરવાનું કામ સોંપ્યું અને ૨૦ કારકુનોને સાથે રાખી તેમણે સીમલામાં એ કામ શરૂ કર્યું. પણ સરકારી વાતાવરણથી તે કંટાળી ગયા એટલે અંતે પેન્શન લઇને ઇંગ્લંડ ચાલ્યા ગયા. ત્યાં તેમણે લંડનથી ૩૦ માઈલ દૂર કિમ્બરલીમાં પોતાના નાના મકાનમાં રહીને એ કાર્ય જીવનના અંત સુધી ચાલુ રાખ્યું.


સ્વ. જ્યૉર્જ ગ્રીઅર્સન (પ્રજાબંધુ)

અનેક યુનિવર્સિટીઓએ ગ્રીઅર્સનને ડૉક્ટરેટ આપીને સંમાનિત કર્યા હતા. અનેક વર્ષો સુધી તે રૉયલ એશિયાટિક સોસાયટીના મંત્રી હતા.

માસમાસનાં પંખી
૫૫
બુલાલચશ્મ



જાસુદની ભભકાભર્યાં ચળકતા લાલ રંગનાં જ પંખી તો આપણે ત્યાં કદાચ બે જ ગણાવી શકાય: સુરખ ને બુલાલચશ્મ. એમાંયે જેની લાલી કાયમ એવી ને એવી જ ઉજ્જ્વલ રહેતી હોય એવું તો બુલાલચશ્મ જ. લટોરાને મળતા આ છ આંગળના પંખીનાં પેટ, છાતી, પડખાં ને કેડ અત્યંત ચકચકિત લોહિતવર્ણા, પાંખોમાંનો ઊભો પટ્ટો અને પૂછડીનાં બહારનાં પીછાંના છેડા નારંગી; પેડુ તથા પૂછડી હેઠળનો ભાગ પીળાશ પડતા; ને માથું ગરદન તથા બરડો રાખોડી દાઢી, ગળું, કાન મેલાં કાળાં; પાંખો ને પૂછડી ધૂમાડિયા તેલિયા કાળાં.

આ સુહાગી પખીની બીજી પણ બે જાતો આપણે ત્યાં થાય છે. એક સાતેક આંગળના કદની, નાની ચાંચની અને અત્યંત સુકોમળ કંઠવાળી; તથા બીજી અરધા ફૂટની કેવળ રાખોડી રંગની કાયાવાળી. ત્રણે જાત ઘટાદાર ઝાડીમાં સ્થાયી વસનારી ને પ્રજનનકાળ સિવાય પાંચ-દસનાં ટોળાંમાં રહી પાંદડાંને ઓથે જ જીવાત, એનાં ઈંડાં અને ઇયળો વગેરેથી જ ચલાવી લેનારી હોવાથી જનસમૂહની નજરે ભાગ્યે જ ચડે છે. માળો પણ એ એકાદ આડી ડાળને આધારે સુકોમળ ઘાસ, પાન-પીંછાં ને શેવાળ વગેરેથી ગૂંથી બે આંગળ પહોળી ને એકાદ આંગળ ઊંડી વાટકી જેવો સુંદર બાંધે છે; પણ તે યે ઊંચા ઘટાદાર ઝાડની ટોચે, અને છેક ઝાડ ઉપર ચડીને ખાસ શોધીએ તો જ નજરે ચડે તેમ. તેમાં તેના પ્રજનનકાળે (વસંત, ગ્રીષ્મ ને વર્ષામાં) લાલ છુંદણાં અને આછી લીલી ઝાંયવાળાં ત્રણ સફેદ ઈંડાં મૂકે છે.

('વનેચર'ના લેખ ઉપરથી સંકલિત)

સને ૧૯૩૯માં એમની ૭૫મી વર્ષગાંઠ ઊજવાઈ હતી ત્યારે તેમને એક અભિનંદનગ્રંથ ભેટ આપવામાં આવ્યો હતો. લંડન સ્કૂલ ઑવ ઑરિએન્ટલ સ્ટડીઝના ડાયરેક્ટર પ્રોફેસર ટર્નર પોતે એ ગ્રંથ લઈને ગ્રીઅર્સન-ના નિવાસસ્થાન પર ગયા. એક સ્થળે પ્રો. ટર્નરે લખ્યું છે: 'એ ભેટ લઈને હું તેમને ઘેર ગયો, કે જેથી તેમને તેમની વર્ષગાંઠ પ્રસંગે હું અભિનંદન આપી શકું. રાતને સમયે મેં પહોંચીને મારા નામની ચિઠ્ઠી મોકલી. સેવિકાએ અંદર જઈને તેમને મારા આગમનની સૂચના આપી. તેમણે મને પોતાના અભ્યાસખંડમાં બોલાવ્યો. તે એક મેજ-ની સામે માથું ઝુકાવીને કામમાં મશગુલ બેઠા હતા. ચારે બાજુએ પુસ્તકોના ઢગલા હતા. મેજ પર અનેક લિપિઓના આલેખો પડ્યા હતા. મેં એમને વર્ષગાંઠ પ્રસંગે અભિનંદન આપ્યાં, પણ તેમને તો સાંભરતુંય નહોતું કે આજે પોતાની વર્ષગાંઠ છે! અભિનંદનગ્રંથ જોઈને તે પ્રસન્ન થયા ને બોલ્યા: 'માફ કરજો, આ કાર્યમાં એવી ફુરસદ મળતી નથી કે જેથી વર્ષગાંઠની ઊજવણી કરી શકું!' શી કાર્યનિષ્ઠા!

ચોમાસામાં આરોગ્ય

ચોમાસામાં વરસાદને લીધે હવા ભેજવાળી રહે છે. સૂર્યનાં કિરણો પૃથ્વી ઉપર પૂરાં પડતાં ન હોવાથી અનેક પ્રકારની જીવાત વધે છે. માખીઓ, કીડી, મંકોડા, કુદાં, પતંગિયાં ને વાંદાનું લશ્કર વધે છે. તળાવ, નદી-નાળાં, ખાડા-ખાબોચિયાં અને નીચાણવાળી જગ્યાએ ભરાતા પાણીમાંથી મચ્છર મોટા પ્રમાણમાં થાય છે. આમ બીજી ઋતુને મુકાબલે ચોમાસું રોગ ફેલાવનારી ઋતુ છે. એ વખતે માણસે શરીરની તંદુરસ્તી સાચવવા સાવધાન બનવું જોઈએ. ઋતુઓના ફેરફારમાં તે તરફ લક્ષ ન રાખીએ તો રોગનો ભોગ બની જવાય છે. એને દૂર કરવાનો સાચો ઈલાજ દવા નથી; પણ કુદરતને સમજીને જીવન જીવવાની કળા શીખી લેવી જોઈએ.

વરસાદને રોગ ઉત્પન્ન કરનાર માનવા કરતાં આપણી બેદરકારી, અજ્ઞાન, ગંદકી કરવાની ટેવ અને તંદુરસ્તીની ચાહનાનો અભાવ એ જ રોગ લાવે છે. સૂર્ય, એની ગરમી, પવન, હવા, વરસાદ અને હવામાં રહેલાં તત્ત્વો એ સઘળાં કુદરતીરીતે માનવીને જીવંત રાખવા માટે સતત કાર્ય બજાવી રહ્યાં છે. તેને જો માનવી સમજી વિચારી મદદ કરે અને સાવધાન રહે તો દરેક ઋતુ કલ્યાણકારી જ છે.

એમ તો આપણે ઉનાળાના તાપથી એટલા તપી ગયા હોઈએ છીએ કે ઠંડક થાય તો સારું એમ મન અને તન ચાહે છે. પરંતુ જ્યારે ઘનઘોર ઘટા છાઈને અમૃતવર્ષા શરૂ થાય છે ત્યારે આપણે એ વર્ષા-ની ધારાઓ શરીર ઉપર ઝીલી શકીએ એવી આપણી શરીરસંપત્તિ ક્યાં છે? શરૂઆતના બેત્રણ વરસાદ શરીર ઉપર ઝીલીને શરીર ઉપર નીકળેલી અળાઈઓ અને પસીના તથા મેલના થરને વરસાદ-થી દૂર કરશો તો એટલો આનંદ પ્રાપ્ત થશે કે જે અનુભવથી જણાશે. અને વરસાદ આવીને બંધ થયા પછી તમે બહાર નીકળી પડો,—વસ્તીથી બહાર. એ વખતે હવામાં ઓઝોન મોટા પ્રમાણમાં હશે. એનાથી દિલ બહેલી ઊઠશે. વગડાઉ રસ્તે વરસાદનું પાણી વહી ગયા પછી, ચોકખી રેતી પ્રવાહથી બીછાઈ હોય એવે નદીકિનારે, કે દરિયાકિનારે ઉઘાડા પગે એકાદ માઈલ ચાલશો તો આનંદ આવશે. તંદુરસ્ત માણસને વરસાદમાં ભીંજાવાથી શરદી ના થવી જોઈએ; અને શરદી થાય તો એટલો તમારા શરીરમાં પ્રકૃતિગત દોષ છે તેને સમજી વિચારી કાઢતા રહો. શરીર એવું બનાવવું રહ્યું કે ગરમી અને ઠંડી વરસાદ અને તેની ધારાઓ તમે આનંદથી ઝીલી શકો અને સહનશીલતા તમારામાં હોય. સુંવાળાપણું અને અતિ નાજુકતા એ માનવીનાં મિત્ર નહિ પણ શત્રુ છે.

ચોમાસામાં પાચનશક્તિ મંદ પડે છે. ખોરાકનો વિપાક ખાટો થવાથી જઠર બરાબર કામ કરી શકતું નથી અને વાયુપ્રકોપ થાય છે. એથી આહાર સંબંધમાં કાળજી નહિ રાખનારને આ ઋતુમાં ઝાડા, મરડા અને અતિસાર થાય છે. કબજિયાતવાળાને વાયુનો પ્રકોપ થાય છે અને ભૂખ મરી જાય છે. તેમણે લગભગ પાંચ બાર દિવસ લેવું, એકાદ નકોરડો ઉપવાસ કરવો ને ત્યાર પછી સવારમાં પીપળીમૂળના ગંઠોડા તોલો ૦। અને મીઠું એક આનીભાર મેળવી ચાલુ ફાકવાનું રાખવું. ચલાવી શકાય તેમણે વરસાદની ઋતુમાં એક વખત ભોજન લેવું ને સાંજના ભોજનનો ત્યાગ કરવો. ધાર્મિક ચાતુર્માસનાં એકટાણાં અથવા એકાસણાં ઘણાં સ્વાસ્થ્યપ્રદ છે. એક વખત ભોજનથી સાંજે ભૂખ લાગે તો દૂધ અથવા ફળ સાંજે લેવાં. ફળમાં કેળાં ઠીક. આઠ દિવસે અથવા પંદર દિવસે એક ઉપવાસ કરવો ચોમાસામાં જરૂરી છે. ઉપવાસ કરીને કોઈ પણ પ્રકારનો ફલાહાર ન લેવો. માત્ર ઉકાળી ઠારેલું પાણી જરૂરિયાત પ્રમાણે લેવું. આ રીતે પંદર દિવસે એક ઉપવાસ કરનારનાં શરીર નીરોગી બને છે. વધુ-પડતો થએલો કચરો સાફ થાય છે અને સ્વાસ્થ્યરક્ષા ઉત્તમ પ્રકારે થાય છે. ચોમાસામાં આદુ લીંબુનું સેવન કરવું. સવારમાં ૧ ગ્લાસ પાણીમાં એક લીંબુ નિચોવીને રોજ લ્યો. એથી આંતરડાં ને પાચન-શક્તિને સારી મદદ થશે. આદુ ૨। તોલા ભોજન સાથે લેવાથી પાચનક્રિયા સારીરીતે થશે ને વાયુનું શમન થશે. લીંબુના પાણીમાં ચોકખું મધ ને આદુનો રસ નાખશો તો વધુ ગુણકારી બનશે.

ચોમાસામાં લીંબુ, દાડમ, લીલી દ્રાક્ષ, કાકડી, કેળાં, કાકમારી સક્કરજન, જાંબુ વગેરે છૂટથી મળે છે, ને જેમને સગવડ હોય તેમણે ખાવાં જોઈએ. ચોમાસામાં બજારુ મિઠાઈ ને ચવાણાથી તો દૂર જ રહેજો. ઘરમાં પણ વાસી અન્નનો ત્યાગ કરવો. ખાવાપીવાના પદાર્થો ઉઘાડા ન રહે એ ઘણું જરૂરનું છે. ચોમાસામાં જીવાત એટલી બધી હોય છે કે જણાય નહિ એવી રીતે ખાવાપીવાના પદાર્થમાં પડે છે. દૂધ ગરમ કર્યા વગર ન વાપરશો; પાણી ગાળ્યા વગર ન વાપરશો. નદી કે તળાવનાં પાણી નછૂટકે વાપરવાનાં હોય તો ઉકાળીને વાપરજો. તાજા વરસાદનાં પાણી અતિ ભારે છે અને પાચનક્રિયાને બગાડે છે. બને તો કૂવાનાં પાણી વાપરવાં. ભોંયતળિયા કરતાં ઉપલે માળ સૂવાનું રાખવું. વરસતા વરસાદનો સીધો પવન ન ખાવો. રાત્રે જમવું હોય તો મે દિવસ છતાં જમી લેવું. દીવાબત્તી પછી રાત્રે જમવું ભયપ્રદ છે. પ્રકાશમાં અનેક જંતુ ઊડતા હોય છે અને ભોજન-માં આવી પડે છે. ચોમાસામાં દિવસની નિદ્રા નુકસાન કરે છે.

જ્યાં કાદવ, કીચડ અને દુર્ગંધ મારતી હોય એવાં ભરાએલાં પાણીમાં ઉઘાડા પગે ચાલવું અહિતકર છે. ફિનાઈલનો મોરી અને જાજરૂમાં છૂટથી ઉપયોગ કરજો. વધેલું ઢાંકવાનાં પાંજરાં અને તેલ, ઘી, દૂધ રાખવાનાં હાંડિયાં યા કબાટમાં દર ચોથે દિવસે ડી. ડી. ટી. છાંટજો. સાવચેતીના આ ઈલાજો અમલમાં મૂકશો તો આગળ આવતી શરદઋતુ વગર વ્યાધિએ પાર કરી શકાશે.

(ગુજરાત સમાચારમાંથી ટૂંકાવીને) —વૈદ્ય જાદવજી નરભેરામ

ટરબિડિમિટર

અમેરિકામાં જનરલ ઇલેક્ટ્રિક કંપનીએ 'ટર્બિડિમીટર' નામનું એક યંત્ર બનાવ્યું છે જે પીવાના પાણીથી માંડી ગટરો અને ડહોળી નદીઓનાં પાણીમાંનાં ડહોળનું પ્રમાણ આપમેળે નોંધી આપે છે. એમાંથી પાણીમાં પ્રકાશનાં જે કિરણ ફેંકાય છે તેનો અવરોધ તેમાંનો કચરો કરે છે. તે અવરોધના પ્રમાણની એક નોંધ 'વીજળિક આંખ' કરી લઈ ડહોળનું પ્રમાણ નક્કી કરી આપે છે.

રાષ્ટ્રગીતની સ્વરલિપિ

આપણા રાષ્ટ્રગીત તરીકે કવિવર રવીન્દ્રનાથનું 'જનગણમન-અધિનાયક' અને બંકિમ બાબુનું 'વંદેમાતરમ્' બંને મંજૂર રખાયાં છે; પરંતુ રાષ્ટ્રગીતને માટે જે ભાવની ઉત્કટતા સાથે સંઘગાન તથા કૂચગીતને અનુરૂપ રોમાંચક ને પ્રોત્સાહક ગાનલય જોઈએ તે 'જનગણમન'માં વિશેષ છે. એ ગીત સાચા રાગમાં ગવાય તેમ શીખી લેવાની એકેએક દેશવાસીની ફરજ જ નહિ, પણ ઉમળકો હોવો જોઈએ. તે માટે મૂળ સ્વરલિપિ શાંતિનિકેતનના સંગીતકારોએ ગાંધીજીની માગણી ઉપરથી તૈયાર કરી આપી હતી, તે ૨૯૩મા અંકમાં આપી હતી. ત્યાર બાદ લંડનની રાષ્ટ્રીય રેડિયોસંસ્થા બી. બી.સી.ના સંગીત વિભાગના અધ્યક્ષ શ્રી હર્બર્ટ મુરિલે તેને પશ્ચિમી પદ્ધતિની સ્વરલિપિમાં યોજી આપી હતી તેના નોટેશનનો આલેખ આ નીચે આપીએ છીએ. મૂળ ગીતની પહેલી કડીમાંનાં પ્રાંતનામોમાં



'સિંધ'નો સમાવેશ થતો હતો, પરંતુ ભાગલાને પરિણામે સિંધ પાકિસ્તાનમાં ગયું હોઈ તે કમી કરીને 'કામરૂપ' ઉમેરવામાં આવ્યો છે. એ સુધારેલી કડી પણ ફરીથી આ નીચે આપીએ છીએ

જનગણમન-અધિનાયક જય હે ભારતભાગ્યવિધાતા.
કામરૂપ પંજાબ મરાઠા ગુર્જર દ્રવિડ બંગ.
ઉત્કલ વિંધ્ય હિમાચલ યમુના ગંગા જલધિતરંગ;
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે;
ગાયે તવ જય ગાથા.
જનગણ મંગલદાયક જય હે ભારતભાગ્યવિધાતા
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે.

આખું ગીત હિન્દી સ્વરલિપિ સાથે ૨૯૩મા અંકમાં આવી ગયું છે.

વૃક્ષારોપણ વિષે વધુ

ગયા અંકમાં વાંસદા નર્સરીની પત્રિકા (જે મેં જ લખેલી) માંથી કરેલો ઉતારો વાંચ્યો. એમાં એક મહત્ત્વનો ઉમેરો કરવો જોઈએ.

લાકડાં, કોલસા, ખાણના કોલસા, પેટ્રોલ, કેરોસીન, ક્રૂડ ઑઈલ વગેરે પદાર્થોમાંથી મળતી બધી ગરમી (અગર શક્તિ) વૃક્ષોએ જ પોતાનાં પાન પર પડતા સૂર્ય-તાપમાંથી ભેગી કરીને સાચવેલી મોંઘામૂલી ભેટ છે. સૂર્યની ગરમીનું રાસાયનિક રૂપાંતર કરીને આટલા મોટા જથ્થામાં સાચવવાનો, ઝાડનાં પાન વગર આજે તો આપણી પાસે બીજો કશો વ્યવહારુ ઉપાય નથી. રસોડામાં રાંધવા, શિયાળામાં તાપવા, મોટર કે ટ્રેનો દોડાવવા, મિલોનાં ને બીજાં યંત્રો ચલાવવા, આપણે ઝાડની આ અત્યંત ઉપકારક સમૃદ્ધિનો જ ઉપયોગ કરીએ છીએ. જેટલા પ્રમાણમાં આપણે નવાં ઝાડ ઉછેરીએ છીએ, તેના કરતાં તો કેટલાયે ગણા વધારે પ્રમાણમાં આપણે આ વૃક્ષોએ ઉત્પન્ન કરેલી શક્તિના સંચયનો ઉપયોગ કરી નાખીએ છીએ. આ પરિસ્થિતિ લાંબો વખત નિભાવી શકાય તેમ નથી. માટે ખેતી અગર બીજાં કામમાં ન વપરાતી હોય તેવી બધી જમીન વૃક્ષોથી છાઈ દેવી જોઈએ.

—જશભાઈ જ. પટેલ

એક મોટું યજ્ઞકાર્ય

અમેરિકાના એક હવાખાવાના સ્થળના હૉટેલવાળાએ એક નવી યુક્તિ રચી છે. ત્યાં અનેક જોડાં લગ્ન કર્યા બાદ પહેલી સહેલગાહ માટે જતાં હોય છે. તે દરેક જોડાને હાથે તે એક વૃક્ષ રોપાવે છે અને તેના પર તેનાં નામઠામનું પાટિયું જડાવે છે. આથી એ વૃક્ષ સાથે તેમને મમત્વ બંધાય છે. હૉટેલવાળાને એક પંથ બે કાજ થાય છે.

જો આપણા લગ્નવિધિમાં એવું દાખલ કરી શકાય તો કેવું સારું, કે વિધિના એક ભાગ તરીકે વરવધુએ એક વૃક્ષ રોપવું, ને પોતાના પહેલા બાળક તરીકે ઉછેરવું. શહેરમાં કેટલાકને તેવી શક્યતા ન હોય તે માટે નગરપાલકોએ તે વિષે વિચાર કરવો. પણ તેવા અપવાદો છોડી દઈએ તો બીજે ઠેકાણે આ જમાનાનું આ એક મોટું યજ્ઞકાર્ય થાય.

(હરિજનબંધુ) —કિશોરલાલ મશરૂવાલા

શોધસફરી વિદ્યાર્થીઓ

બ્રિટિશ શાળાઓની શોધસફર સંસ્થા(બ્રિટિશ સ્કૂલ્સ એક્સ્પ્લોરિંગ સોસાયટી) તરફથી ઉત્તર નૉર્વેના પ્રદેશના માપણી તથા તેના અભ્યાસાર્થે સાઠ વિદ્યાર્થીઓનું એક દળ નિષ્ણાતોની નિગેહબાની નીચે જવાનું છે, જે એ પ્રદેશનાં પશુપંખી તથા ત્યાંની વનસ્પતિ અને ભૌતિક રચનાનો અભ્યાસ કરશે અને ઉપરાંત બ્રિટિશ મ્યૂઝિયમ માટે વિરલ વનસ્પતિઓ તથા જંતુઓના નમૂનાઓ પણ એકઠા કરી લાવશે. સોસાયટી સ્થપાઈ ત્યારથી આજ સુધીમાં તેના તરફથી આવી આ બારમી સફર યોજાઈ છે. અભ્યાસ ને જ્ઞાન માત્ર સાહિત્ય-કવિતા, ઇતિહાસભૂગોળ ને ગણિતભૂમિતિમાં જ પુરાઈ રહેલાં નથી. એનું ક્ષેત્ર તો અતિ વિશાળ છે અને આપણે ત્યાં તો તદ્દન અણખેડાએલું છે, એ આપણા કેળવણીના સૂત્રધારોને કોણ સમજાવે ?

માહિતી મેળવવાની એક નવી રીત

વાતાવરણમાંના હવાના વમળોના અભ્યાસ માટે બ્રિટિશ વિમાની દળે હાલમાં એક નવી રીત અજમાવી છે. જુદી જુદી ઊંચાઈએથી વિમાન દ્વારા હવામાં પોસ્ટકાર્ડો ઉડાડવામાં આવે છે. તે જેને હાથ આવે તેણે તેમાં, તે કયે સ્થળેથી મળ્યું તેની ચોક્કસ માહિતી લખી વાયુશાસ્ત્રની ઑફિસે મોકલી આપવાનું હોય છે. હવામાના વમળોનો આમ અભ્યાસ કરી નવી રચનાવાળાં વિમાનો બનાવવામાં સરળતા પડે તે માટે આ રીત અખત્યાર કરવામાં આવી છે. પ્રજાના સહકારથી આમ કેટલાયે પ્રશ્નો સરળતાથી ઉકલી શકે તેનો આ સચોટ દાખલો છે.

ટિકિટસંગ્રહ આજનો સંસારવ્યાપી શોખ

એ કેમ કેળવવો તેની તથા બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ



ચાર દેશનાયકોની છબિઓવાળો પોલાંડે કાઢેલો સ્મારક-ટિકિટોનો 'બ્લૉક.' આવા બ્લૉકમાંની ટિકિટો સંગ્રહયોગ્ય ગણાતી ન હોઇ કેટલાંક કૅટલૉગો તો તેનો નિર્દેશ પણ નથી કરતા.

સંગ્રહ માટે યોગ્ય ટિકિટ કોને ગણવી અને કોને નહિ, તેના કેટલાક દાખલાઓનો વિચાર ગયે વખતે કર્યો હતો. એમાં એક નવો અજબ ફણગો એ છે કે જે ખરેખર 'ટિકિટો' હોવા છતાં કેટલાક ચુસ્ત સંગ્રાહકો સંગ્રહ યોગ્ય નથી ગણતા! કેટલીક વાર, અમુક પ્રસંગ કે જયંતીના સ્મરણમાં 'બ્લૉક' 'શીટ' રૂપે ટિકિટોના સમૂહ બહાર પાડવામાં આવે છે. 'બ્લૉક' એટલે ચાર કે વધારે સંયુક્ત ટિકિટોનો સમૂહ, જે છુટ્ટી પાડેલી નથી હોતી. સામાન્યરીતે તો 'બ્લૉક' એટલે 'ચારનો સમૂહ' એવો જ અર્થ ગનાય છે, સિવાય કે 'છનો બ્લૉક' યા 'નવનો બ્લૉક' એવો ખાસ નિર્દેશ કર્યો હોય. આવી ટિકિટો, સંગ્રાહકોના ફાયદા માટે,—અને ખાસ તો જે દેશ તે કાઢે તેમની આવકના લાભ માટે—કાઢવામાં આવે છે. એમાં નવીનતા અને પ્રાસંગિક મહત્ત્વ તથા વૈવિધ્ય હોવાથી સંગ્રાહકો કુતૂહલપૂર્વક તે ખરીદે છે, અને કેટલીક વાર પ્રસંગ વીત્યે તે વિરલ થઈ જશે એ અપેક્ષાથી તેને અગત્યની પણ ગણે છે. પણ ચુસ્ત, પીઢ અને નિષ્ણાત સંગ્રાહકો આ વસ્તુને પણ સટોડિયાવૃત્તિવાળી ગણતા હોવાથી એ 'બ્લૉક' કે 'શીટ' ટિકિટોને સંગ્રહ યોગ્ય નથી લેખતા. અલબત્ત, અંતે એ ટિકિટો તો છે જ,—કેવળ નિરર્થક લેબલ તો નથી જ, એટલે શિખાઉ સંગ્રાહકો તે એકઠી કરે એમાં કશો વાંધો નથી; પણ તેનો સંગ્રહ અલગ રાખવો, ને 'ચુસ્ત' સંગ્રહમાં તો ચાલુ ટિકિટો જ રાખવી.

એ 'બ્લૉક' જેવો જ એક બીજો શબ્દ યાદ રાખી લેવો. એને 'એન્ટાયર' કહે છે. એન્ટાયર એટલે સમગ્ર. આપણાં ચાલુ પોસ્ટકાર્ડ, કવરો, ઍર લેટર, ફોલ્ડિંગ લેટર કાર્ડ વગેરે ઉપર પોસ્ટ ઑફિસ તરફથી ટિકિટની આકૃતિ છાપેલી કે ઉપસાવેલી તૈયાર આવે છે. તેમાં ટિકિટ અલગ 'ચોડેલી' નથી હોતી, પણ એ વસ્તુનું જ અંગ હોય છે. આવી વસ્તુઓમાંથી ટિકિટનો ભાગ કાપીને સંઘરવા યોગ્ય નથી ગણાતો, પણ એ આખી યે વસ્તુને સમગ્રતયા સંઘરી રાખવાની હોય છે. એટલે આવી વસ્તુઓને 'એન્ટાયર' કહે છે. આવાં 'એન્ટાયર'નો સંગ્રહ પણ અલગ રાખવો, મુખ્ય આલ્બમ જોડે ભેળવવો નહિ.

સાથેસાથે એક બીજી વાત. છાપેલી કે ઉપસાવેલી ટિકિટ-છાપવાળાં



ઇંગ્લંડે દુનિયાની પહેલવહેલી ટિકિટની સાથે કાઢેલું દુનિયાનું પહેલવહેલું કવર: 'મલરેડી' કવર. કવરો સામાન્યરીતે સંગ્રહયોગ્ય નથી ગણાતાં; પણ આ કવર મેળવવું આજે વિરલ હોઈ તે એક અપવાદ તરીકે સંગ્રહયોગ્ય ગણાય છે.

આવાં 'એન્ટાયરો' ઉપરાંત ઘણા લોકો ચાલુ ગુંદરવાળી ટિકિટો 'ચોડેલાં' આખેઆખાં કાર્ડ-કવરનો પણ સંગ્રહ કરે છે. આવી રીતે કાર્ડ-કવર પર ચોડેલા રૂપમાં ટિકિટો હોય તે, એ જ જાતની ચાલુ ટિકિટ કરતાં વધુ કિંમતી અને અગત્યની ગણાય છે, કેમકે તે ચોડાએલી સ્થિતિમાં હોવાથી ટપાલના ઉપયોગ માટે ખરેખાત વપરાઇ હોવાનો પુરાવો છે. અને એ ખાસ ધ્યાન રાખવું કે ટિકિટનું ખરું મહત્ત્વ, તે કોરી હોય તેના કરતાં ખરેખાત વપરાઇ હોય એમાં ખાસ રહેલું હોય છે. ટિકિટ પરનું ચિત્ર જોવા-સમજવાના હેતુથી તેમજ, સ્વચ્છતા સ્પષ્ટતા વગેરે અનેક દૃષ્ટિએ 'કોરી' (તેને માટે અંગ્રેજી શબ્દ 'મિન્ટ' છે)—મિન્ટ ટિકિટો ઉપયોગી ગણાય છે ખરી; પણ અંતે તો, ટિકિટ એ 'વાપરવા માટે' કાઢેલી વસ્તુ છે, અને તે ખરેખર 'વપરાઇ' હોય તેમાં જ એનું વિશેષ મૂલ્ય ગણાય છે.

અલગ સંગ્રહ માટેનો એવો ત્રીજો મુદ્દો તે 'એર મેઇલ' કવરોનો. તેના ઉપરની અભિનવ આકૃતિઓવાળી, ખાસ તૈયાર કરેલી 'એર મેઈલ' ટિકિટોને માટે એવાં કવરો પણ 'એન્ટાયર' સંગ્રહ માટે યોગ્ય ગણાય છે, પણ તેમાં ખાસ અગત્યનાં તો એ જ ગણાય છે કે જે પહેલી વાર 'ઊડયાં' હોય;—એટલે કે એર મેઇલ માટેનો કોઈ નવો હવાઈ માર્ગ નક્કી થયો હોય અને તેના ઉપર પહેલા જ ઊડનારા વિમાનમાં એ કવર લઇ જવામાં આવ્યું હોય. આ દર્શાવવા માટે એવાં કવરો ઉપર એ ઉડ્ડયનની તારીખ તથા ઊપડયાના સ્થળની છાપ હોવી જરૂરી છે. કોઈ વાર એ હેતુ માટે એવા રદ્દીકરણ માટેની ખાસ છાપો પણ મારવામાં આવે છે; અને કેટલીક વાર એવાં ખાસ કાઢેલાં કવરો ઉપર એ ઉડ્ડયનને લગતી ઉપયોગી માહિતી આપતાં ચિત્રો, આલેખનો, નકશા, વર્ણનો વગેરે છાપેલાં હોય છે. આવાં પહેલી વાર ઊડેલાં કવરોને 'ફર્સ્ટ-ફ્લાઇટ' કવરો કહે છે.

અને એનાં જ ભાઇબંધ 'ફર્સ્ટ-ડે કવર'ના નામથી તો વાચકો હવે સારી પેઠે પરિચિત છે, કેમકે તેના ઘણા નમૂના આજ સુધી 'કુમાર'માં છપાઇ ગયા છે. કોઇ પણ નવી ટિકિટો બહાર પડે, (પછી તે કોઇ પ્રસંગના સ્મરણમાં હોય કે નવા પ્રસ્થાન તરીકે હોય કે અમસ્તી જ બહાર પડતી હોય) ત્યારે તે બહાર પડયાના પ્રથમ દિવસે જ ચોડાઈને આવેલું કવર તે 'ફર્સ્ટ ડે' કવર. તેના ઉપર તે ટિકિટ બહાર પડયાની જ તારીખની, અને જે સ્થળે તે ટિકિટો પ્રથમ વેચાય તે સ્થળની છાપ હોવી જોઇએ. આવાં કવરો પણ, આપણે જોયું છે તેમ,

ઘણીવાર ખાસ આલેખનો, ચિત્રો ને વર્ણનોવાળાં એ પ્રસંગને માટે જ તૈયાર કરેલાં હોય છે તેની નવીનતા, આકર્ષણ અને કુતૂહલને કારણે આવાં કવરો તો આજકાલ ખૂબ સંગ્રહાય છે.

જોકે ચુસ્ત અને પીઢ સંગ્રાહકો આ બધાં 'એન્ટાયરો', 'ફર્સ્ટ-ડે' અને 'એરલેટરો' આદિના સંગ્રહને બહુ અગત્ય નથી આપતા. (એ જગ્યા પણ ખૂબ રોકે છે.) એમને મન તો છૂટી ચોડાઈ આવેલી રાબેતા મુજબની 'ટિકિટ'નું જ માત્ર મહત્ત્વ છે. પરંતુ એમાં યે એક અત્યંત વિરલ એવો અપવાદ ગણાય છે અને તે 'મલરેડી કવર' નો. એ કવરો પણ, દુનિયાની પહેલવહેલી ટિકિટ 'પેની-બ્લૅક' બહાર પડી તેની સાથે જ ઇંગ્લંડે બહાર પાડેલાં. એટલે દુનિયાના પહેલા કવર તરીકે તેનું ઘણું જ મહત્ત્વ છે. તેના ઉપર ટિકિટ ચોડવાની ન હતી; માત્ર એક મોટું વિસ્તીર્ણ ચિત્ર આલેખેલું હતું, જેમાં ચોમેર ચિત્રવિચિત્ર માનવીઓ, પ્રાણીઓ અને પશુઓથી વીંટળાએલી બ્રિટાનિયાનું હાસ્યાસ્પદ પુરાણું આલેખન હતું. મલરેડી નામના ચિત્રકારે તે ચીતરેલું હોવાથી તે 'મલરેડી કવર' નામથી ઓળખાય છે. છઠ્ઠી મે ૧૮૪૦ના રોજ ઇંગ્લંડે એક પેનીની કાળી ટિકિટ 'પેની-બ્લૅક' અને બે પેન્સની વાદળી ટિકિટ 'ટુ પેની-બ્લુ' બહાર પાડી તે જ દિવસે, સાથોસાથ જ 'પેની-ફાર્ધિંગ' અને 'ટુપેન્સ-ફાર્ધિંગ'ની કિંમતે આ કવરો અનુક્રમે કાળી અને વાદળી શાહીથી છાપીને બહાર પાડેલાં. ટપાલના સત્તાવાળાઓએ તો તે ખૂબ લોકપ્રિય થવાનું ધારેલું; પણ લોકોએ ટિકિટોને જ હાર્દિક આવકાર આપ્યો; અને આ કવરો તો માત્ર તેમને મન ગમ્મતનું સાધન થઈ પડ્યું. તેની ખપત બહુ ન થઈ, એટલે ૧૮૪૧માં આજના ઘાટનાં સાદાં કવરો કાઢ્યાં. પણ આજે એ મલરેડી કવરો એટલાં તો વિરલ છે કે જવલ્લે જ હાથ આવે છે અને કિંમતી ગણાય છે. આ મલરેડી કવર સિવાયનાં બધાં 'એન્ટાયરો', ઉપર કહ્યું તેમ, સંગ્રાહકો બહુ અગત્યનાં નથી ગણતા; પણ શિખાઉ સંગ્રાહકોને તેનો અલગ સંગ્રહ રાખવો પરવડે ને રાખે તો જ્ઞાનપિપાસા અને નાવિન્યની દૃષ્ટિએ તે ખોટું નથી. (ચાલુ)

ખન તો બંનેનું એકસરખું જ છે; માત્ર ડાબા-જમણીનો ફેર હતો. એ તો બહુ મોટો ફેર કહેવાય. ટિકિટોમાં તો અત્યંત બારીક ફેરફાર પકડાય તે પણ ઘણા મહત્ત્વના ગણાય છે. તેના ઉદાહરણ રૂપ એક ખબર ઝાંઝીબારથી ભાઇ શાન્તિલાલ વાલંભિયા મોકલે છે તે આ નીચે વાંચો:

પાકિસ્તાનની ટિકિટ ઉપરની છાપની ખામી

'ધ સ્ટૅમ્પ ટ્રેઈડિંગ પોસ્ટ' નામના એક અમેરિકન પખવાડિકના ૧ એપ્રિલ ૧૯૫૦ના અંકમાં નીચેના સમાચાર પ્રગટ થયા છે: "પાકિસ્તાન છૂટું પડ્યા પછી તેના માટે હિંદની જૂની (જ્યોર્જ છઠ્ઠાની છાપની) ટિકિટો ઉપર PAKISTAN એવા અક્ષરો 'ઓવર પ્રિન્ટ' કરી લેવામાં આવ્યા હતા. એ પુનર્મુદ્રણ વખતે છાપખાનામાં ટિકિટોનાં શીટોને ચોક્કસાઈપૂર્વક કેન્દ્રમાં રાખવામાં બહુ ધ્યાન અપાયું નહોતું; એથી સંભવિત છે કે એમાંની અમુક ટિકિટોમાં PAKISTAN શબ્દનો અમુક ભાગ જ છપાએલો મળી આવે દાખલા તરીકે, AKISTAN અને PAKISTA એમ છપાએલું હોય તેવી ટિકિટો છે, પણ તે સહેલાઇથી માલૂમ પડે તેમ નથી. એથી તમારી પાસે આવતી એવી પ્રત્યેક પુનર્મુદ્રિત ટિકિટોને તપાસી જવાનું લાભદાયી થઈ પડશે!"

અમેરિકાનો ધ્વજદિન (જુઓ નીચેનું ચિત્ર)

ચોથી જુલાઇ એ જેમ અમેરિકાનો સ્વાતંત્ર્યદિન છે, તેમ ૧૪મી જૂન તેમનો 'ધ્વજદિન' છે. ઈ. ૧૭૭૭માં તે તારીખે રાષ્ટ્રનો ધ્વજ નક્કી કરવામાં આવ્યો. ત્યાંના સ્વાતંત્ર્યસંઘમાં જે ૧૩ રાજ્યો જોડાયાં તેમના પ્રતીક રૂપ, વાદળી ભોંય પર ૧૩ તારકચિહ્નો સાથે ૧૩ લાલ અને સફેદ પટ્ટાઓ એકબીજાને આંતરે યોજવાનો કૉન્ટીનેન્ટલ કૉંગ્રેસે ઠરાવ કર્યો; અને બેટ્સી રૉસ નામની ફિલાડેલ્ફિયાની એક ધ્વજ બનાવનાર બાઇને તેની કામગીરી સોંપી. અમેરિકાના ઐતિહાસિક પ્રસંગોનાં ચિત્રો આલેખનાર કલાકાર ટૉમસ મૉરાને કરેલા એ પ્રસંગના જાણીતા ચિત્રની છાપ આ નીચે આપી છે. તેમાં બેટ્સી રૉસના ઘરમાં 'ધ્વજ-સમિતિ'ના ૩ સભ્યો દર્શાવ્યા છે, જેમાં ડાબી બાજુએ અમેરિકાના પ્રથમ પ્રમુખ જ્યૉર્જ વૉશિંગ્ટન છે. (યુસિસ)



એક આનાની ટિકિટ પરની ભૂલ સુધરી



ગયા સ્વાતંત્ર્યદિને બહાર પડેલી એક આનાની ટિકિટ ઉપર બોધિસત્ત્વનું જે ચિત્ર હતું તેના આલેખનમાં એક ભૂલ હતી: તેમાં જનોઈ જમણા ખભા ઉપર હતું, તે શાસ્ત્રીયરીતે ડાબા ખભા ઉપર જોઇએ. આથી તે ભૂલ સુધારેલી એક આનાની નવી ટિકિટો આ મહીને બહાર પડી છે. ઉપર એ બંને ટિકિટોની છાપ આપી છે. ડાબી બાજુ જૂની ટિકિટ છે, ને જમણી બાજુ નવી. હવે એ ભૂલવાળી જૂની ટિકિટો વિરલ થઇ જવાની ને તેની કિંમત ટિકિટોના બજારમાં ભવિષ્યમાં વધારે અંકાવાની. જેમની પાસે હોય તેમણે સંઘરી રાખવી. પોતાના આલ્બમમાં એ બંને નમૂના આ રીતે જોડાજોડ રાખવા ઉચિત થશે. આલે-

આ માસ (ઑગસ્ટ) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

સ્વાતંત્ર્યકૂચમાં ઑગસ્ટના દિનવિશેષ

પરદેશીઓના આગમનથી વિદાય સુધીના ગાળામાં આવતા ઑગસ્ટના વર્ષવાર પ્રસંગો

૧૪૯૮ પ્રથમ પોર્ટુગીઝ મુસાફર હિંદમાં ઊતર્યો અને 'જમ ઘર ભાળી ગયો.' તા. ૨૫.

૧૭૪૯ કર્ણાટકના રાજા ચાંદા સાહેબે અંગ્રેજોની મદદ માગી, તા. ૨. અને ત્યારથી એવાં જ બહાનાં હેઠળ તેઓએ હિંદમાં પોતાનો પગદંડો જમાવવો શરૂ કર્યો.

૧૭૭૫ હેસ્ટિંગ્સ પર લાંચ લેવાનો આરોપ મૂકનાર રાજા નંદકુમારને ફાંસી. તા. ૫.

૧૮૦૪ યશવંતરાવ હોળકરે મુત્સદ્દી અંગ્રેજો સામે માથું ઊંચકી તેમને શિકસ્ત આપી તા. ૨૪.

૧૮૦૯ શ્રીરંગપટ્ટમ્‌ના માપલાઓએ અંગ્રેજો સામે બળવો જગાવ્યો. તા. ૨૩.

૧૮૪૫ મુંબઈના સિંહ સમા રાજકીય નેતા સર ફિરોઝશાહ મહેતાનો જન્મ. તા. ૪.

૧૮૫૭ સત્તાવનની ક્રાંતિમાં સમગ્ર હિંદની પ્રજાએ પોતાનો સાથ પૂર્યો. તા. ૧૪.

૧૮૭૨ રાષ્ટ્રવીર અને તત્ત્વચિંતક શ્રી અરવિંદ ઘોષનો જન્મ. તા. ૧૫.

૧૯૦૫ બંગાળે વિદેશી માલનો બહિષ્કાર પોકારી સ્વદેશી આંદોલન ઉપાડ્યું. તા. ૭.

૧૯૦૬ બિપિનચંદ્ર પાલે શ્રી અરવિંદના તંત્રીપણા નીચે બંગભંગના સંચાલનનું સર્વોત્તમ અંગ્રેજી દૈનિક 'વંદેમાતરમ્‌' શરૂ કર્યું તા. ૬.

૧૯૦૮ મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ શરૂ કર્યો. તા. ૧૫.

૧૯૦૮ ક્રાંતિવીર ખુદીરામ બોઝને ફાંસી આપવામાં આવી. તા. ૧૯.

૧૯૧૯ 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે' એ સૂત્ર હિંદી પ્રજાની રગમાં ઉતારી તેને સ્વમાનનું ભાન કરાવનાર લોકમાન્ય બાલગંગાધર ટિળકનું અવસાન. તા. ૧.

૧૯૨૦ ગાંધીજીએ અહિંસા દ્વારા જ હિંદની આઝાદી હાંસલ કરવાની ઝુંબેશ ઉપાડી. તા. ૧.

૧૯૪૨ અખિલ-હિન્દ મહાસભાએ 'હિન્દ છોડો'નો ઠરાવ પસાર કરી આઝાદીની આખરી લડત લડી લેવાનો નિશ્ચય કર્યો (તા. ૮); જેથી અગાઉથી ચેતી જઈ અંગ્રેજ સલ્તનતે દેશના અગ્રગણ્ય નેતાઓને ગિરફતાર કરી લીધા, પરંતુ પ્રજાએ એ લડત ઉપાડી લીધી અને ●● તા. ૯મીએ તો દેશને ખૂણેખૂણે આઝાદીનું આંદોલન વ્યાપી ગયું. ●● એ જેલવાસમાં જ ગાંધીજીના અંતેવાસી મહાદેવભાઈ દેસાઈનું ઓચિંતુ અવસાન થયું. તા. ૧૫ ●● બીજી તરફ અંગ્રેજોને છક્કડ આપી નાસી છૂટેલા નેતાજી સુભાષચંદ્ર બોઝે બ્રહ્મદેશમાં આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી. તા. ૨૫.

૧૯૪૫ નેતાજી સુભાષચન્દ્ર બોઝનું વિમાન-અકસ્માતમાં અવસાન. તા. ૧૯.

૧૯૪૬ નોઆખલીના પાશવી હત્યાકાંડને શમાવવા ગાંધીજીએ યાત્રા આરંભી. તા. ૧૬.

૧૯૪૬ હિંદમાં મધ્યવર્તી સરકાર સ્થપાઈ. તા. ૨૨.

૧૯૪૭ લગભગ એક સદીથી જેની ઝંખના કરતા હતા તે આઝાદી સાંપડી; અંગ્રેજી હકૂમતે વિદાય લીધી; પણ હિંદને બે ભાગમાં વહેંચી કાયમી ઘા મૂકી ગઈ. તા. ૧૫

પ્રસંગવિશેષ : કાકોરી કાવત્રા-કેસ ૧૯૪૨ની ૯મી ઑગસ્ટ એ આપણો દેશવ્યાપી ક્રાંતિદિન. એવી જ એકનવમી ઑગસ્ટે ૧૯૨૫માં શચીન્દ્રનાથ સંન્યાલ ને યોગેશચંદ્ર ચૅટરજીએ ક્રાંતિના ભારેલા અગ્નિને ચેતનવંતો કર્યો હતો. લાહોર કાવત્રા-કેસમાં કાળાપાણીની સજા પામેલા શચીન્દ્ર સંન્યાલે ૧૯૨૦માં સાર્વત્રિક છૂટકારા વેળા કેદમાંથી છૂટી પં. રામપ્રસાદ બિસ્મિલની સહાયથી 'હિંદુસ્તાન રીપબ્લિક સંસ્થા' સ્થાપી અને ફરી ક્રાંતિ જગવવા કમર કસી. પરંતુ સરકારી તિજોરીઓ લૂંટવા કે તેનું વ્યાવહારિકતંત્ર તોડી પાડી ભાંગફોડ કરવા સિવાય બીજો કોઈ માર્ગ તેમને સૂઝતો નહોતો. તેથી તેમણે કાકોરી સ્ટેશનેથી ઊપડતી સરકારી તિજોરીવાળી ગાડી લૂંટવાનું ષડ્‌યંત્ર ગોઠવ્યું, ને ચાલતી ગાડી રોકીને તિજોરી લૂંટી. ગાડીમાંના પ્રત્યેક પ્રવાસીને, પોતાનો ઈરાદો ફક્ત સરકારી માલ લૂંટવાનો હોવાનું જણાવી નિર્ભય રહેવા કહેલું હોવા છતાં, બેચાર જણ સામા થતાં તેઓના પર ગોળી ચલાવી. તુરતમાં જ તેઓ પકડાયા ને સૌના ઉપર કામ ચલાવવામાં આવ્યું, જેમાં રાજેન્દ્રનાથ લાહિરી, રામપ્રસાદ બિસ્મિલ અને રોશનસિંગને ફાંસીની, શચીન્દ્રને કાળાપાણીની, મન્મથનાથ ગુપ્તને ચૌદ વર્ષની અને ખત્રી, ખન્ના વગેરેને દસદસ વર્ષની સખત કેદની સજા કરવામાં આવી. સજા ફરમાવતી વખતે ન્યાયમૂર્તિએ કહેલું: 'જે માર્ગે તમે આઝાદી મેળવવા ચાહી તે માર્ગ ખોટો હતો, છતાં તેમાં અપ્રામાણિકતા નહોતી. હું સ્પષ્ટપણે કહું છું કે તમારી પ્રામાણિક માન્યતા મુજબ તમે જે કંઈ કર્યું તે નિઃસ્વાર્થભાવે સ્વદેશને ખાતર જ કર્યું છે.

વ્યક્તિવિશેષ : સ્વ. ઝવેરચંદ મેઘાણી



ગુજરાત-કાઠિયાવાડના લોકસાહિત્યનું સંશોધન ને મૂલ્યાંકન કરી એ વિસરાતા જતા લોકધનને જાળવી રાખવાનું પ્રથમ ને અદ્વિતીય કાર્ય કરનાર, અને ફક્ત ૨૫ જ વર્ષના પોતાની સાહિત્યસેવા દ્વારા સંશોધન, વિવેચન, નવલકથા, નાટક, કવિતા, ચરિત્ર, ઇતિહાસ, પ્રવાસ,–એવી સર્વતોમુખી સાહિત્યદિશાઓની લગભગ નેવું કૃતિઓ વડે પંડિતોની પ્રશંસા તેમજ આમ વર્ગનો આદર મેળવનાર, સ્વ. મેઘાણીનો જન્મ મૂળ ગીરકાંઠાના બગસરા (ભાયાણી)ના વતની શ્રીમાળી જૈન વણિક કાલિદાસ દેવચંદ મેઘાણીને ત્યાં ૧૮૯૭ની ૧૭મી ઑગસ્ટે થએલો. પિતા એજન્સી પોલીસમાં હોઈ વારંવાર બદલી થતી હોવાથી પ્રાથમિક-માધ્યમિક શિક્ષણકાળ દરમિયાન એમને મુરઝાતે મને કુટુંબથી દૂર ફંગોળાએલા રહેવું પડતું.

૧૯૧૬માં અંગ્રેજી ને સંસ્કૃત લઈ બી. એ. થઈ કલકત્તામાં જીવનલાલ કં.ના ઍલ્યુમીનિયમના કારખાનામાં જોડાયા, ને '૧૮માં એ કંપનીના કામે ઈંગ્લંડ પણ જઈ આવ્યા. '૨૨માં તે નોકરી છોડી તાજા જ શરૂ થએલા 'સૌરાષ્ટ્ર'માં એ લેખો મોકલ્યા, જેની ગુણવત્તાએ એમને તેના તંત્રીખાતામાં સ્થાન અપાવ્યું. ત્યાં પત્રસંપાદન ઉપરાંત તેમણે લોકસાહિત્યનું સંશોધન આદર્યું જેની કદર રૂપે અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાએ એમને પહેલો 'રણજીતરામ સુવર્ણચંદ્રક' આપ્યો.

'૩૦ની દાંડીકૂચ ને મીઠાની લડત વખતે એમની વીર વાણીએ 'સિંધુડા'ના વેરા સૂરોમાં આકાર પામીને ગાંધીજીને મુખેથી એમને 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ અપાવ્યું. 'સૌરાષ્ટ્ર' બંધ પડતાં નવા નીકળેલા 'ફૂલછાબ'નું તંત્ર થોડો સમય સંભાળી, મુંબઈમાં નવા શરૂ થએલા દૈનિક 'જન્મભૂમિ'ના સાહિત્ય વિભાગ 'કલમ અને કિતાબ'નું સંચાલન કર્યું. પછી ફરી 'ફૂલછાબ' હાથમાં લઈ ૧૯૪૬ સુધી ચલાવ્યું. દરમ્યાન મુંબાઈ યુનિવર્સિટીમાં વસનજી વ્યાખ્યાનો આપવા માટે અને રાજકોટ સાહિત્ય પરિષદના સાહિત્ય વિભાગના પ્રમુખપદ માટે એમની વરણી કરી પ્રજાએ એમનું બહુમાન કર્યું. ૧૯૪૭ની નવમી માર્ચે તે ઓચિંતા અવસાન પામ્યા.

સત્ય, દયા, તપ, શૌચ છે ચરણ ધર્મના ચાર
જેના હૃદયમાં એ રહ્યા ઉત્તમ તેનો આચાર

વઢવાણ પાસે રામપુરા ગામના ગંગારામ નામે બ્રાહ્મણ શિક્ષકને રક્તપિત્તનો રોગ થયો. આયુર્વેદના નિષ્ણાત નાનભટ્ટ વૈદ્યે તેને એક વરસ સુધી રોજ એરંડિયું તથા ગળોનો રસ પીવાનું કહી મીઠું, સિંધવ કે કોઈ પણ મસાલા વિનાની, મગની દાળ ને ચોખાની ખીચડી સિવાય બીજું કાંઈ જ ન ખાવાની આકરી પરહેજી ફરમાવી. વર્ષ વીત્યું, રોગ મટી ગયો, પણ નાનભટ્ટ વૈદ્ય ફરતારામ હોવાથી મળે જ નહિ. એમ કરતાં નવ વર્ષ વીત્યા બાદ વૈદ્ય ગંગારામને ગામ આવ્યા ત્યાં સુધી એ જ રીતની પરહેજી એણે પાળેલી. ગંગારામે તબિયત બતાવી રોગમુક્તિ માટે યથાશક્તિ પચીસ રૂપિયા નાનભટ્ટને આપ્યા. વૈદ્યે પોતાના ડગલામાંથી બીજા પચ્ચીસ કાઢીને તેમાં ઉમેરી, ઊભા થઇને ગંગારામની આસપાસ સાત પ્રદક્ષિણા ફરી તેને પ્રણામ કર્યા ને પચ્ચાસે રૂપિયા તેને ચરણે મૂક્યા. આશ્ચર્યચકિત થયેલા માણસોએ આનો ખુલાસો પૂછતાં નાનભટ્ટ બોલ્યા: 'દર્દીને વૈદ્યો તો મળી રહે, પણ આવી આકરી પથ્ય (પરહેજી) પાળનાર દર્દી મળવા મુશ્કેલ છે. આયુર્વેદથી રક્તપિત્ત મટે છે એની સાબિતી પોતાની ચુસ્ત પરહેજીથી મને કરાવી આપનાર ગંગારામ મારા ગુરુ છે, તેથી તેમને મેં એ ગુરુદક્ષિણા આપી છે.'

અનેકાર્થી શબ્દ: **કપોત**=કબૂતર; હોલો; સાજીખાર; સુરમો.

ગણિતગમ્મત: પાસેપાસેની કોઈ પણ બે સંખ્યાનો સરવાળો, તે બે સંખ્યાના વર્ગની બાદબાકી જેટલો જ આવશે. દા. ત. ૨+૩= (૩×૩)–(૨×૨)=૯–૪=૫ (ધીરજલાલ)



ઈ. ૧૭૫૦ના જુલાઇની ૨૮મી એ મૃત્યુ પામેલા વિખ્યાત જર્મન સંગીતશાસ્ત્રી યોહાન સેબાસ્ટિયન બાખની ૨૦૦મી સંવત્સરી નિમિત્તે જર્મનીએ ગઈ ૨૮મીએ બહાર પાડેલી ટિકિટ. (ગિરધારીલાલ શ્રોફનો સંગ્રહ)

કહેવતોના અર્થ: 'મિયાંભાઇની ચાંદે-ચાંદ'—વણસમજ્યે કે જાતખાતરી વિના કોઇની હા એ હા કરવા માટે વપરાતી આ કહેવત પાછળ વાત એવી છે કે, રમઝાન માસ વીત્યા પછી નવા માસનો ચાંદ ન દેખાય ત્યાં સુધી રમઝાન પૂરો થયો ન ગણાતો હોઇ મુસ્લિમ ભાઇઓને ઉપવાસ ચાલુ રાખવા પડે છે. આથી વધુ ઉપવાસ કરવામાંથી છૂટવા માટે કોઈ અજ્ઞાની પોતાને ચાંદ ન દેખાતો હોય તો યે બીજાના અભિપ્રાયમાં હા એ હા ભેળવી સૂર પુરાવે તે પરથી એ કહેવત પડેલી.

બરોબર પાણીમાં ચાર આખાં લવીંગ નાખી, પાણીને સારી રીતે ઉકાળી પછી ગળી લઈને તે પાણી રોજ એકથી બે પ્યાલા જેટલું પીવાથી ચોમાસામાં કૉલેરા, વિષમ જ્વર વગેરે દૂર રહે છે.

ચોપચીનીનાં મૂળિયાંના સોપારીના કટકા જેવા ટુકડા કરી, તેને પાણીમાં ઉકાળીને એ પાણી થોડુંથોડું પીવાથી સંધીવા મટશે. કટકાને ૩ દિવસ ઉકાળ્યા બાદ બદલવા.



શુદ્ધ ઘી અને વનસ્પતિ ઘીના ઉંદરો ઉપર કરેલા અખતરાનાં છ માસનાં ક્રમિક પરિણામોનો આલેખ. ('જન્મભૂમિ'માંથી)


આ અંકના પહેલા પાના ઉપરની કવિતાની ચોથી કડીની છેલ્લી લીટીમાં 'કંકાસિની' શબ્દ આવે છે. એ કંકાસણી નામની એક વેલ થાય છે ને ગ્રામપ્રદેશોમાં વાડ ઉપર તે ઊગે છે. તેને પાંચ પાંખડીનાં સુંદર લાલ રંગનાં ફૂલ થાય છે, જે ટોચે જતાં પીળાં થતાં જાય છે, અને તેની કિનારી આસોપાલવનાં પાન જેવી કરકરિયાળી હોવાથી એ દીપશિખા જેવાં સોહે છે. ગામડાંમાં એવી વહેમી માન્યતા છે કે કોઈના ઘરમાં એ ફૂલ નાખવામાં આવે તો ત્યાં કંકાસ થાય. આ ઉપરથી તે એ નામે ઓળખાય છે.

આપણા શરીરમાંના લોહીનું વજન સામાન્યરીતે શરીરના વજન કરતાં બારમા ભાગનું હોય છે.

કલાકણિકા: જમણવારમાં પ્રવાહી ખોરાક પીરસવાના ઓઘરાળા જેવી દેખાતી આ વસ્તુ જૂના જમાનાની ચીની ઈસ્ત્રી છે એની તમને કલ્પના પણ હતી? પિત્તળના અત્યંત ભારે એના પાત્રમાં સળગતા કોલસા ભરીને ધોબીઓ તથા દરજીઓ ઇસ્ત્રી કરવા તે વાપરતા. એ પાત્ર તથા એના લાકડાના હાથા ઉપરનાં સુશોભનો દર્શાવે છે કે દુનિયાના એકેએક દેશે પોતાના રોજિંદા ઉપયોગનાં સાધનોને પણ કલાથી કેવાં નવાજ્યાં છે.



અંધારામાં ચમકે એવા રંગ આવે છે. તે વીજળીની સ્વિચને લગાડવાથી રાત્રે આપમેળે પ્રકાશી દેખાશે ને અંધારામાં ફાંફાં મારવાં નહિ પડે.



રેલવે અકસ્માતમાં પાટાની જે 'ફિશપ્લેટો' કાઢી નાખ્યાના હેવાલો આવે છે તેનું ચિત્ર ઉપર આપ્યું છે. બે પાટાના છેડાને જોડતી તે લોઢાની પ્લેટ હોય છે, ને આ રીતે બોલ્ટ વડે પાટાને જકડી રાખે છે. ભાંગફોડિયાઓ એ બોલ્ટ કાઢી નાખી પ્લેટને દૂર કરે છે, તેથી પાટા છૂટા થઈ જવાને પરિણામે ગાડી ઊથલી પડી અકસ્માત થાય છે.



પ્રતીક્ષા (કલાકાર: બી. એન. જિજ્ઞા) દિલ્હીના અખિલ ભારત કલાપ્રદર્શન (જેની વિગત પાછલે પૂઠે આપી છે)માંના આ પ્રશંસા પામેલી કલાકૃતિનું મૂળ નામ 'દક્ષિણ હિંદની સુંદરી' છે. સૌંદર્ય ગોરવર્ણમાં જ હોય છે એવું નથી. શ્યામ ઓનું જે એક આગવું સૌન્દર્ય હોય છે તેની વિશિષ્ટતા દર્શાવતાં ઘણાં ચિત્રો આલેખાયાં છે તેમાંનાં બે અહીં (એક ઉપ અને એક પાછલે પૂઠે) આપ્યાં છે. આ ચિત્રમાંની અલંકારોની સજાવટ પણ એ દિશાનું જ્ઞાન આપી ચિત્રની ગુણવત્ વધારે છે. સંયોજન સપ્રમાણ છે અને મૂળની રંગાવટ એટલી મુલાયમ છે કે પશ્ચાદ્ભૂમિકાની હવા સુધી વૃક્ષરાજી વાતાવરણ જમાવે છે.

(દિલ્હીની આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટ્સ સોસાયટીના સૌજન્યથી











દિલ્હીની આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટ્સ સોસાએટી નામની કલાસંસ્થા તરફથી દર વરસે સમસ્ત ભારતના કલાકારોની કૃતિઓનું પ્રદર્શન ભરવામાં આવે છે. આ વરસના એવા પ્રદર્શનનાં ચિત્રોનું પ્રવાસી પ્રદર્શન રચીને દેશનાં મોટાં શહેરોમાં આમંત્રણથી જવાની યોજના કરી છે. તે મુજબ આ માસમાં અમદાવાદમાં એ પ્રદર્શન ભરાએલું. તેમાંની બે કૃતિઓ અહીં (એક ઉપર અને બીજી અંદરના ભાગમાં) આપી છે. પોતાની અદ્‌ભુત મુલાયમ પીંછી માટે નામચીન, લખનૌના કલાકાર ઇશ્વરદાસની આ ઉપર આપેલી પ્રતિકૃતિ તો તેની માત્ર આકૃતિ જ દર્શાવી શકે છે. અંદરનું ચિત્ર એવા જ એક કલાકાર બિર્દુની કલમનો નમૂનો છે જેનું વર્ણન તેની નીચે આપ્યું છે. જમણી બાજુ: ફોટોગ્રાફી હરિફાઈનું પરિણામ: મથાળે–'એકાન્ત અધ્યયન' (જગજીવન માવદિયા) અને 'સંસ્કૃતિનાં સોપાન' (બાલચંદ્ર દવે); નીચે 'વિખરાતાં વાદળ' (બાલચંદ્ર દવે) અને 'ગિરિ તળાટી ને કુંડ દામોદર' (વિનયકાન્ત મહેતા). પરિણામ તથા ચિત્રોની વિગતો માટે જુઓ પૃ. ૨૯૩